REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૨-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨



સતત બીજી વાર સીતારમણે નાણામંત્રી તરીકે બજેટ રજૂ કર્યું

2 રેલ બજેટઃ તેજસની જેમ પીપીપી મોડ ૧૫૦ જેટલી ટ્રેનો દોડાવવામાં આવશે

6 કૃષિ ઉડાનની જાહેરાતઃ હવે વિમાનથી ખેડૂતોનો માલ જશે ખેડુતો પર ઓળઘોળ થઇ મોદી સરકાર

8 ઇજિપ્તમાં સરકારે સેક્સ પર ટેક્સ નાંખી ધરખમ આવક વસૂલી...!!

12 સ્ટેચ્યુ ઓફ યુનિટીઃ દબાણ તોડવાની કામગીરી સામે ભારે રોષઃસરકારી બાંધકામ પણ તોડવા માંગ

૧૦ ટકાના જીડીપી ગ્રોથ સાથે મોદી સરકારનું ફૂલગુલાબી બજેટ

ગ્રામિણ-ગરીબ-ખેડૂતોને ખુશ કરવાનો પ્રયાસ,મધ્યમ વર્ગને ઈન્કમ ટેક્ષમાં રાહત,ખેડૂતો માટે શરૂ થશે કિસાન ઉડાન અને કિસાન રેલ યોજના,સ્વાસ્થ્ય,શિક્ષણ,સ્ટાર્ટઅપ પર કરોડો રૂપિયા ફાળવાયા

બજેટ વાંચતા વાંચતા નાણાંમંત્રી તબિયત બગડી.....!!

નાણામંત્રી નિર્મલા સીતારામને શનિવારે લોકસભામાં પોતાનું બજેટ ભાષણ ટૂંકાવી લીધું હતું, કારણ કે રેકોર્ડબ્રેક સતત ૧૬૦ મિનિટ સુધી બોલ્યા પછી તેઓ અસ્વસ્થ બન્યા હતા.

તેમણે બજેટ ભાષણના ફક્ત બે પાના જ વાંચ્યા ન હતા જ્યારે તેણી અસ્વસ્થ દેખાઈ હતી અને તેઓ તેમના કપાળમાંથી પરસેવો લૂછતો જોવા મળ્યા હતા.

તેમને તેમના મંત્રીમંડળના સાથીઓએ સુગર કેન્ડીની ઓફર કરી હતી, પરંતુ તે મદદ કરી શક્યું નહીં અને તેમણે સ્પીકર ઓમ બિરલાને તેમના ભાષણના બાકીના ભાગને વાંચેલા તરીકે ધ્યાનમાં લેવા કહેતા ભાષણ બંધ કરવાનું પસંદ કર્યું હતું. કોઈપણ નાણાં પ્રધાનનું આ સૌથી લાંબું બજેટ ભાષણ હતું. ૬૦ વર્ષિય સીતારામને જુલાઈ ૨૦૧૯ માં ૨-કલાક-૧૭- મિનિટ લાંબા મેઈડન બજેટ ભાષણનો પોતાનો રેકોર્ડ પોતે જ તોડ્યો હતો.

ન્યુ દિલ્હી

એનડીએ સરકારના નાણામંત્રી નિર્મલા સિતારામને આજે સંસદમાં અત્યારસુધીનું સૌથી લાંબુ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું. બજેટમાં દેશવાસીઓની આવક અને ખરીદશક્તિ વધારવાની નેમ સાથે અર્થતંત્રની રિકવરી માટે કેટલાંક પગલાં ભરવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે કૃષિ, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્ર માટે કેટલીક મહત્તની દરખાસ્તો કરી હતી. જેમાં દેશમાં નવી શિક્ષણનીતિ, શિક્ષણ ક્ષેત્રે કંપનીઓની જેમ સીધુ વિદેશી મૂડીરોકાણને મંજૂરી. ૫ લાખ સુધીની આવક પર શરતો સાથે શૂન્ય ટેક્સ સહિત વિકલ્પવાળી યોજના, ખેડૂતો માટે ૧૬ મુદ્દાની યોજના, કિસાન રેલ, તેજસ જેવી વધુ ટ્રેનો દોડાવવી, સહકારી બેંકોમાં વીમા સુરક્ષિત રકમ ૧ લાખથી વધારીને ૫ લાખ કરવવાની રાહત, જનભાગીદરીથી ૫ સ્માર્ટ શહેરોનું નિર્માણ, દરેક જિલ્લામાં હોસ્પિટલ સાથે એક મેડિકલ કોલેજ, ૨૦ લાખ ખેડૂતોને સોલાર પંપ, ઘરોમાં હવે વીજળી કંપનીની પસંદગીની સાથે મોબાઈલ ફોનની જેમ પ્રિપેઈડ વીજ મીટરની યોજના, ઉડાન યોજના હેઠળ ૧૦૦ નવા એરપોર્ટ બનાવવા, ૨૦૨૧માં ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા માટે ૧.૭ લાખ કરોડની ફાળવણી સહિત સૌથી મોટી સરકારી વીમા કંપની એલઆઈસીમાંથી સરકારનો હિસ્સો વેચવા આઈપીઓ અને આઈડીબીઆઈ બેંકમાંથી પણ સરકારનો હિસ્સો વેચવા સહિતની સંખ્યાબંધ જાહેરાતો કરી હતી. જો કે ૧૬૦ મિનિટ લાંબા આખા બજેટમાં નાણામંત્રીએ નવા નાણાંકિય વર્ષમાં કેટલાને રોજગારી મળશે તેનો કોઇ જ ઉલ્લેખ નહીં કરતાં તેઓ વિપક્ષોની ટીકાનો ભોગ બન્યા હતા.

સતત અઢી કલાક ઉભા રહીને બજેટ વાંચન દરમ્યાન નાણામંત્રીની તબિયત બગડી ગઇ હતી. અને માત્ર બે જ પાના વાંચવાના બાકી રહેતા તેઓ ભર શિયાળે તેમના માથે પરસેવો વળ્યો હતો અને તેમણે અધ્યક્ષ પાસેથી મંજૂરી લઇને બાકીના બે પાનાં વંચાણે લીધાની જાહેરાત કરાવીને ભાષણ ટૂંકાવવાની ફરજ પડી હતી. ગઇકાલે આર્થિક સર્વે અહેવાલમાં ૨૦૨૦-૨૧ના વર્ષમાં જીડીપી દર ૬થી ૬.૫ ટકા રહેવાનો અંદાજ રજૂ કરનાર નાણામંત્રીએ આજે બજેટમાં ૨૦૨૦-૨૧ના વર્ષમાં જીડીપી ૧૦ ટકા રહેવાની જાહેરાત કરતાં જીડીપીની ચોક્સ અનુમાનિત દર અંગે વિરોધાભાસ પણ જોવા મળ્યો હતો. જો કે મોદી સરકાર ૨.૦નું બીજુ બજેટ શેરબજારના રોકાણકારો માટે ભારે નિરાશાજનક રહ્યું હતું. અને એક અંદાજ પ્રમાણે રોકાણકારોના ૪ લાખ કરોડ

અનુસંધાન પાના નં. ૫

પીપીપી મોડલથી ૧૧૨ જિલ્લામાં બનાવાશે નવી હોસ્પિટલ

સ્વાસ્થ્ય યોજનાઓ માટે ૭૦ હજાર કરોડનું એલાન

વર્ષ ૨૦૨૫ સુધીમાં ટીબી રોગને નાબૂદ કરવામાં આવશે,આયુષ્યમાન સ્કીમમાં નવી હોસ્પિટલ ખોલવામાં આવશે,આયુષ્યમાન ભારત યોજના સાથે ૨૦ હજાર હોસ્પિટલો જોડાઈ

ન્યુ દિલ્હી

ફિટ ઈન્ડિયા મૂવમેન્ટને પ્રોત્સાહન આપવા માટે સરકાર મોટા પગલા ભરી રહી છે. આયુષ્યમાન ભારત યોજનામાં હોસ્પિટલોની સંખ્યાને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી T-2, T-3 શહેરોમાં મદદ પહોંચાડવામાં આવશે. તે માટે પીપીપી મોડલની મદદ લેવામાં આવશે. જેમાં બે ફેઝમાં હોસ્પિટલને જોડવામાં આવશે. કેન્દ્ર સરકાર તરફથી ચલાવવામાં આવતી ઈન્દ્રધનુષ મિશનનો વિસ્તાર કરવામાં આવશે. પીપીપી મોડલથી ૧૧૨ જિલ્લામાં નવી હોસ્પિટલ બનાવાશે.

મેડિકલ ડિવાઈસ પર જે પણ ટેક્સ મળે છે, તેનો ઉપયોગ મેડિકલ સુવિધાઓને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે. ટીબી વિરૂદ્ધ દેશમાં અભિયાન શરૂ

અનુસંધાન પાના નં. ૫

કરદાતાઓને મળી મોટી રાહત

૫ લાખથી ૭.૫ લાખ સુધીની આવક પર હવે ૨૦%ના બદલે ૧૦% ટેક્સ

ન્યુ દિલ્હી

નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે કેન્દ્રીય બજેટ ૨૦૨૦ રજૂ કર્યું હતું. જેમાં ઈકમ ટેક્સના સ્લેબને લઈને મહત્વની જાહેરાત કરવામાં આવી છે. જે પ્રમાણે હવે પાંચ લાખથી ૭.૫ લાખ સુધીની આવક પર ૧૦ ટકા ટેક્સની જાહેરાત કરવામાં આવી છે. આ પહેલા પાંચથી દશ લાખની આવક પર ૨૦ ટકા ટેક્સ લાગતો હતો.

જૂના માળખા પ્રમાણે જો કોઈ વ્યક્તિની આવક ૧૫ લાખ રૂપિયા છે. આ ઉપરાંત તે કોઈ જ ટેક્સ છૂટનો લાભ નથી લેતો તો તેણે ૨.૭૩ લાખ રૂપિયા ટેક્સ ચૂકવવો પડતો હતો. નવા ટેક્સ માળખા પ્રમાણે આવી વ્યક્તિએ હવે ૧.૯૫ લાખ રૂપિયા ટેક્સ ચુકવવો પડશે. એટલે કે ૭૮ હજાર રૂપિયાનો ફાયદો થશે.

વ્યક્તિગત આવકવેરાના નવા દર

આવક	ટેક્સ
૫ લાખ સુધીની આવક કરમૂક્ત	શૂન્ય
પથી ૭.૫ લાખ સુધીની આવક પર	૧૦ ટકા
૭.પથી ૧૦ લાખ સુધીની આવક પર	૧૫ ટકા
૧૦થી ૧૨.૫ લાખ સુધીની આવક પર	૨૦ ટકા
૧૨.પથી ૧૫ લાખસુધીની આવક પર	૨૫ ટકા
૧૫ લાખથી વધુની વાર્ષિક આવક પર	૩૦ ટકા

નાણામંત્રીએ કરદાતાઓને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે કાયદા આધારિત ટેક્સ ચાર્ટર બનાવવાની જાહેરાત કરી હતી. આ કાયદો બનાવવાનો ઉદ્દેશ્ય કરદાતાઓની મુશ્કેલી ઓછો કરવાનો છે.

કરદાતાઓ પાસે આ છે બે વિકલ્પ - નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આ વખતે કરદાતાઓ પાસે બે વિકલ્પ આપવામાં આવી રહ્યા છે. માની લો તમારી આવક ૧૦ લાખ રૂપિયા વાર્ષિક છે. જેમાં પહેલા વિકલ્પ પસંદ કરી તમે ૫ લાખ સુધીની આવકમાં

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

શિક્ષણ ક્ષેત્રે પણ હવે સીધું વિદેશી મૂડી રોકાણ આવશે

નવી શિક્ષણ નીતિની જાહેરાતઃ દરેક જિલ્લામાં હોસ્પિટલની સાથે બનશે મેડિકલ કોલેજ

- **શિક્ષણ ક્ષેત્ર માટે રૂ. ૯૯,૩૦૦ કરોડ ફાળવવાની જાહેરાત**
- **૧૫૦ સંસ્થાન ડિગ્રી-ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવશે**
- **પીપીપી મોડેલ પર મેડિકલ કોલેજ ખુલશે,ડીગ્રી મળશે ઓનલાઈન**

ન્યુ દિલ્હી

નાણામંત્રીએ શિક્ષણ ક્ષેત્ર વિશે જણાવ્યું હતું કે, દેશમાં ખૂબ જ જલ્દી નવી શિક્ષણ નીતિ રજૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ અંગે રાજ્યો સાથે વાતચીત ચાલી રહી છે અને તેની પ્રારંભિક પ્રક્રિયા પૂર્ણ થતાં જ નવી શિક્ષણ નીતિ રજૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે શિક્ષણ ક્ષેત્રે સારા શિક્ષકો અને અન્ય સુવિધાઓ માટે મોટા પાયે મૂડી ઉભી કરવામાં આવશે. તેને ધ્યાનમાં રાખીને નાણાં પ્રધાને શિક્ષણ ક્ષેત્રે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ લાવવાની જાહેરાત કરી છે. નાણાં પ્રધાને કહ્યું કે માર્ચ ૨૦૨૧ સુધીમાં દેશભરની ૧૫૦ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામ શરૂ કરવામાં આવશે.

બજેટ સ્પીચ ૨૦૨૦માં નાણામંત્રીએ શિક્ષણ ક્ષેત્ર માટે

અનુસંધાન પાના નં. ૫

૧૫૦ સંસ્થાન ડિગ્રી-ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવશે

૨૦૩૦ સુધી ભારતમાં સૌથી મોટી વર્કિંગ એજ પોપ્યુલેશન હશે. આપણે વધારે નોકરીઓની જરૂર છે. ૨ લાખ સૂચનો અમારી પાસે આવ્યા છે. ટૂંક સમયમાં જ નવી શિક્ષણ નીતિ જાહેર કરવામાં આવશે. પ્રતિભાશાળી શિક્ષકોને પ્રોત્સાહન આપવામાં આવશે. ૧૫૦ સંસ્થા ડિગ્રી-ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવશે. સરકાર એક પ્રોગ્રામ શરૂ કરશે, જેમાં એન્જિનિયર્સને એક વર્ષ માટે ઈન્ટર્નશીપનો મોકો આપવામાં આવશે

દેશમાં નવા ૫ સ્માર્ટ સિટી બનશેઃ રોકાણકાર ક્લિયરેન્સ સેલની સ્થાપના થશે

ન્યુ દિલ્હી

આજે મોદી ૨.૦ સરકારના બીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજુ કર્યું હતુ. જે હેઠળ નિર્મલા સીતારમણે શનિવારે સંસદમાં બજેટ રજુ કરતા કહ્યું હતું કે, દેશમાં નવા ૫ સ્માર્ટ સિટી બનાવવામાં આવશે. આ સ્માર્ટ સિટી મોડલના આધાર પર બનાવવામાં આવશે. આ તે પ્રકારના સ્માર્ટ સિટી હશે, જે સેક્ટરમાં રોકાણને પણ રસ્તો મળશે.

રોકાણકાર ક્લીયરેન્સ સેલની થશે સ્થાપના

કેન્દ્રીય નાણા મંત્રીએ કહ્યું હતું કે, દેશમાં રોકાણને આગળ વધારવા માટે ઈન્વેસ્ટમેન્ટ ક્લીયરેન્સ સેલ બનાવવામાં આવશે. જેમાં રોકાણ સાથે જોડાયેલી સલાહ અને લેન્ડ બેંકની જાણકારી મળશે. ઈકોનોમિક કૉરિડોર, મેન્યુફેક્ચરિંગ યૂનિટ્સની વિશે પણ જાણકરી ઉપલબ્ધ હશે.

દરેક જિલ્લામાં એક્સપોર્ટ હબ

નાણામંત્રીએ કહ્યું કે, ઈલોક્ટોનિક્સ મેન્યુફેક્ચરિંગ ઈન્ડસ્ટ્રી પણ તેજી સાથે આગળ વધી રહી છે. મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અને સેમીકંડક્ટર પેકેજિંગને વધારો આપનાર યોજનાઓની જલ્દી જ જાહેરાત કરવામાં આવશે. આ પગલાથી ભારતમાં વધારે

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.

(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં

પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)

બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)

ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

નિફ્ટી ૩૧૮ અંકના ગાબડા સાથે ૧૧૬૬૧ની સપાટીએ બંધ

બજેટથી શેરબજાર 'નાખુશ': સેન્સેક્સમાં ૯૮૮ પોઈન્ટનો તોતિંગ કડાકો

બજેટના દિવસે માર્કેટમાં ૧૦ વર્ષનો સૌથી મોટો કડાકો,ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ્ટી, મેટલ, બેંક, ફાયનાન્સ સહિતના લગભગ તમામ સેક્ટરના શેરોમાં ધૂમ વેચવાલી

મુંબઇ

ભારતીય શેરબજારે બજેટને લઈ ઉદાસિન પ્રતિભાવ આપતા લગભગ તમામ સેક્ટરના શેરોમાં ધબડકો બોલી ગયો છે. પ્રારંભિક કામકાજ દરમિયાન આશરે ૨૦૦ પોઈન્ટનો સુધારો નોંધાવ્યા બાદ જેમ-જેમ બજેટની જોગવાઈ જાહેર થતી ગઈ તેમ તેમ સ્ટોક માર્કેટોનું સેન્ટીમેન્ટ બગડવા લાગ્યું હતું અને બેન્ચમાર્ક ઈન્ડેક્સે મનોવૈજ્ઞાનિક રીતે અત્યંત મહત્વની ૪૦,૦૦૦ ગુમાવી દીધી હતી. એટલે કે સેન્સેક્સમાં પોઈન્ટનો અને નિફ્ટીએ અનુક્રમે ૯૮૮ પોઈન્ટ અને ૩૧૮ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. આમ બજેટ જોગવાઈ સાથે જ શેરબજારનું સીતા-રામ થઈ ગયું હતું. આઈટી અને ટેકનોલોજી સેક્ટરને બાદ કરતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રિયલ્ટી, મેટલ, બેંક, ફાયનાન્સ સહિતના લગભગ તમામ સેક્ટરના શેરોમાં ધૂમ વેચવાલી નિકળી હતી. મિડકેપ અને સ્મોલકેપ સેક્ટરમાં પણ ૪ ટકા સુધીનો કડાકો બોલાઈ ગયો છો.

બીએસઈ સેન્સેક્સ ૯૮૭.૯૬ પોઈન્ટ એટલે કે ૨.૪૩ ટકા ઘટી ૪૦,૦૦૦ સપાટી ગુમાવી ૩૯,૭૩૫.૫૩ થયો છે, જ્યારે નિફ્ટી ૩૧૮.૩૦ પોઈન્ટ એટલે કે ૨.૬૬ ટકા ગગડી ૧૧,૬૪૩ રહી છે. બેન્ચમાર્ક્સ ૧,૧૨૭.૯૭ પોઈન્ટ અથવા ૩.૨૦ ટકા, સીજી ઈન્ડેક્સ ૮૩૬.૨૦ પોઈન્ટ અથવા ૪.૭૯ ટકા, મેટલ ઈન્ડેક્સ ૩૩૨.૨૭ પોઈન્ટ અથવા ૩.૫૦ ટકા, રિયલ્ટી ઈન્ડેક્સ ૧૯૭.૫૦ પોઈન્ટ અથવા ૭.૮૨ ટકા ગગડ્યા છે. મિડકેપ ઈન્ડેક્સ ૩૪૨.૩૬ પોઈન્ટ અથવા ૨.૨૧ ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૩૨૩.૨૬ પોઈન્ટ અથવા ૨.૨૦ ટકા ગગડ્યા છે. બીએસઈ ખાતે કામકાજ ધરાવતા કુલ ૨,૪૬૧ સ્ક્રીપ પૈકી ૧,૭૨૫ સ્ક્રીપ પર કડાકો બોલાયો હતો, જ્યારે ૬૧૧ સ્ક્રીપમાં તેજી જોવા મળી હતી. ફક્ત આઈટી અને ટેકનોલોજી સેક્ટરના શેરોમાં મામુલી સુધારો થયો હતો. સેન્સેક્સ પેકમાં સૌથી વધારે ઘટાડો નોંધાવનાર શેરોમાં આઈટીસી ૬.૯૭ ટકા, એલએન્ડટી ૫.૯૮ ટકા, એચડીએફસી ૫.૮૭ ટકા, એસબીઆઈ ૪.૮૩ ટકા, ઓએનજીસી ૪.૧૮ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૪.૦૧ ટકા, એમએન્ડએમ ૩.૫૦ ટકા, તાતા સ્ટીલ ૩.૪૫ ટકાનો સમાવેશ થતો હતો. જોકે ટીસીએસ ૪.૧૩ટકા, હિન્દુસ્તાન યુનિવિલર ૧.૯૪ ટકા, નેસ્લે ૧.૬૮ ટકા, ટેક મહિન્દ્રા ૧.૫૨ ટકા અને ઈન્ફોસિસ ૦.૫૦ ટકા વધ્યા હતા.

૧૬૨ મિનિટનું નાણામંત્રીનું ભાષણ અને રોકાણકારોના ૩.૬ લાખ કરોડ ડૂબ્યા

બજારમાં નાણા મંત્રીના ૧૬૨ મિનિટના ભાષણના કારણે રોકાણકારોના ૩.૦૬ લાખ કરોડ રૂપિયા ડૂબ્યા હતા. અગાઉના આજની બજાર ખુલતાની થોડીવારમાં જ સેન્સેક્સ ૨૫૦ થી વધુ પોઈન્ટ તૂટ્યો હતો અને તે ૪૦૫૦૦ ની સપાટીથી નીચે ગયો હતો. તે જ સમયે, નિફ્ટી પણ ૬૦ પોઈન્ટ તૂટીને ૧૧૯૦૦ ની નીચે ગયો. આ પહેલા પણ ગુરુવારે અને શુક્રવારે શેરબજારમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

શેરબજારમાં મોદી સરકારના છેલ્લા ૬ સંપૂર્ણ બજેટ્સમાં ૪ બજેટમાં કડાકા બોલ્યા હતા. જો કે ગયા વર્ષે ૧ ફેબ્રુઆરીના વચગાળાના બજેટ પર સેન્સેક્સમાં ૦.૬% નો ઉછાળો આવ્યો હતો.

નાણાંમંત્રીએ પંડિત દીનાનાથ કૌલની કાશ્મીરી કવિતાને બજેટ સાથે જોડી

નાણાંપ્રધાન નિર્મલા સીતારમણે પંડિત દીનાનાથ કૌલની કાશ્મીરમાં લખેલી કવિતા વાંચી. તેમણે ભાષણમાં કહ્યું કે, 'હમારા વતન ખિલતે હુએ શાલીમાર બાગ જૈસે, હમારા વતન ડલ ઝીલમેં ખિલતે હુએ કમસ જૈસા, નૈજવાનોમેં ગર્મ ખૂન જૈસા, મેરા વતન- તેરા વતન- હમારા વતન-દુનિયા કા સબસે પ્યારા વતન.'

બજેટ દરમ્યાન નાણાંમંત્રીએ અરુણ જેટલીને યાદ કર્યા

નાણા મંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટમાં જીએસટી માટે પૂર્વ નાણામંત્રી (સ્વ.) અરુણ જેટલીને યાદ કર્યા હતા. નિર્મલા સીતારમણે કહ્યું કે જીએસટીને બનાવનારા આજે આપણી વચ્ચે નથી. હું અરુણ જેટલીને સલામી આપું છું. દેશના લોકોની સેવા કરવા માટે અમારી સરકારે એક દેશ એક ટેક્સને લાગૂ કર્યો છે.

દેશના દરેક ઘર સુધી સરકાર પહોંચાડશે પાણી

● જળ જીવન મિશન અંતર્ગત ૩.૬ લાખ કરોડની ફાળવણી ● દરેક ઘર સુધી પાઈપથી પાણી પહાંચાડવાની યોજના ● ૧૦ લાખથી વધુ આબાદીવાળા શહેરોમાં સ્કીમ થશે લાગુ ● સ્વચ્છ ભારત માટે ૧૨,૩૦૦ કરોડની ફાળવણી

લદાખ માટે ૫૯૫૮ કરોડ રૂપિયાની જાહેરાત

૨૦૨૨માં ભારત જી-૨૦ સંમેલનનું આયોજન કરશે. આ માટે સરકાર તરફથી ૧૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે. સરકાર તરફથી લદાખ માટે ૫૯૫૮ કરોડ રૂપિયાના બજેટની જાહેરાત કરવામાં આવી છે.

ટ્રાન્સપોર્ટ ઈંફ્રાસ્ટ્રક્ચરને મળ્યા ૧.૭ લાખ કરોડ રૂપિયાઃ નેશનલ લૉજિસ્ટિક પૉલીસી આવશે

નાણા મંત્રી નિર્મલા સીતારમણે શનિવારે સંસદમાં નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ માટે બજેટ રજૂ કરતાં ટ્રાન્સપોર્ટ ઈંફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર માટે ૧.૭ લાખ કરોડ આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ સિવાય તેમણે કહ્યું કે ૧૦૦ લાખ કરોડ રૂપિયાનું ઈંફ્રાસ્ટ્રક્ચર ફંડ બનાવવામાં આવશે. આ સિવાય નવી નેશનલ લૉજિસ્ટિક પોલિસી રજૂ કરવામાં આવશે.

બજેટ રજૂ કરતાં પહેલા રાષ્ટ્રપતિને મળ્યાં નિર્મલા સીતારમણ

લોકસભામાં બજેટ રજૂ કરતા પહેલા દરેક વખતની જેમ નાણામંત્રીએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. નાણાપ્રધાન નિર્મલા સીતારમન બજેટ રજૂ કરતા પહેલા નાણા મંત્રાલય પહોચ્યા હતા. જે બાદ તેઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત માટે પહોંચ્યા હતા. ત્યાં રાષ્ટ્રપતિને બજેટની કોપી સોંપવામાં આવી અને રાષ્ટ્રપતિએ બજેટને મંજૂરી આપી હતી.

એપ્રિલ ૨૦૨૦થી રજૂ થશે જીએસટી રિટર્નનું સરળ રૂપઃ નાણાંમંત્રી

નાણા મંત્રી નિર્મલા સીતારમણ પોતાનું બીજુ બજેટ રજૂ કરી રહ્યાં છે. આ દરમિયાન નાણા મંત્રીએ કહ્યું કે પીએમ મોડીની આગેવાનીમાં 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ' પ્રોગ્રામ ખૂબ જ સારી રીતે લાગુ કરવામાં આવ્યો છે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીએસટીના મોર્ચે નાણા મંત્રીએ પોતાના બજેટ ભાષણમાં કહ્યું કે GSTથી દેશમાં આર્થિક રૂપે એકીકૃત થયો, ઈન્સ્પેક્ટર રાજનો અંત આવ્યો. એક એપ્રિલ ૨૦૨૦થી સરળીકરણની નવી પ્રણાલી શરૂ કરવામાં આવશે.

OBC, SCના વિકાસ કાર્ય માટે ૮૫૦૦૦ કરોડની ફાળવણી

નાણામંત્રી નિર્મલા સીતારામને બજેટ ૨૦૨૦ માં એસસી, એસટી અને ઓબીસી કેટેગરીની પ્રગતિ માટે મોટી જાહેરાતો કરી છે. નાણાં પ્રધાને જાહેરાત કરી છે કે અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગ માટે ૮૫ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. નાણાં પ્રધાને જાહેરાત કરી કે અનુસૂચિત જનજાતિના કલ્યાણ માટે ૫૩,૭૦૦ કરોડ રૂપિયા આપવામાં આવશે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ કરનારાં સોવરિન વેલ્થ ફંડોને કરમુક્ત આવક મળશે

સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રમાં સોવરિન વેલ્થ ફંડો દ્વારા કરવામાં આવતા રોકાણને સંપૂર્ણપણે કરમુક્ત રાખવાની જાહેરાત કરી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે દેશમાં વધુ રોકાણ આવે એવો આ જાહેરાત પાછળનો ઉદ્દેશ્ય છે. નાણા પ્રધાને બજેટ ભાષણમાં જણાવ્યા મુજબ સોવરિન વેલ્થ ફંડને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા અન્ય નોટિફાઈડ ક્ષેત્રોમાં ૩૧ માર્ચ ૨૦૨૪ પહેલાં કરેલા રોકાણ સંબંધે વ્યાજ, ડિવિડંડ અને કેપિટલ ગેઈન્સ એ બધી આવક સંપૂર્ણપણે કરમુક્ત મળશે. જોકે, તેના માટે તેમણે એ રોકાણ ઓછામાં ઓછા ત્રણ વર્ષ સુધી રાખી મૂકવું પડશે.

રિયલ એસ્ટેટ - સસ્તા મકાનો મળશે

અફોર્ડેબલ હાઉસિંગ સ્કીમની મુદ્દત ૧ વર્ષ લંબાવાઇ અફોર્ડેબલહાઉસિંગ સ્કીમ માર્ચ ૨૦૨૧ સુધી ચાલુ રહેશે અફોર્ડેબલ હાઉસ પર રૂ.દોઢ લાખની રાહત યોજના ૧ વર્ષ માટે લંબાવાઇ

ખેડૂતોના હિતમાં કિસાન રેલ યોજનાની જાહેરાત

રેલ બજેટઃ તેજસની જેમ પીપીપી મોડ ૧૫૦ જેટલી ટ્રેનો દોડાવવામાં આવશે

૫૫૦ સ્ટેશનો વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ થશે,રેલવેની સાથે સાથે સોલર પ્લાન્ટ પણ લગાવવામાં આવશે

ન્યુ દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં રેલવે માટે મોટી જાહેરાતો કરી છે. દેશમાં આગામી દિવસોમાં તેજસ એક્સપ્રેસની સંખ્યા વધારવામાં આવશે અને તેને ટૂરિસ્ટ પ્લેસ સાથે જોડવામાં આવશે. તેજસ એક્સપ્રેસને મળી રહેલા સારા પ્રતિસાદને જોતા સરકારે આ પગલુ ભર્યું છે. આગામી દિવસોમાં સરકાર રેલવે માટે પીપીપી મોડલ પર ફોક્સ કરશે. આ ઉપરાંત દેશમાં ૪ રેલવે સ્ટેશનોનું ડેવલોપમેન્ટ પણ પ્રાઈવેટ પ્લેયર્સની મદદથી કરવામાં આવશે. જણાવી દઈએ કે, સરકારે થોડા દિવસો પહેલા જ રેલવેમાં પ્રાઈવેટ પ્લેયર્સની ભાગીદારી વધારવાના સંકેત આપ્યા હતા. નાણામંત્રીએ જાણકારી આપી છે કે, અંદાજે ૧૫૦ ટ્રેનોને પીપીપી મોડ પર ચલાવવામાં આવશે. દુષ્કાળ ગ્રસ્ત ખેડૂતોની પરેશાનીને પગલે રેલ કિસાન યોજના ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ માટે ૧૦૦ વિસ્તારોની ઓળખ કરવામાં આવી રહી છે. બીજી તરફ દેશના અંદાજે ૫૫૦ સ્ટેશનો પર વાઇ-ફાઇની સુવિધા મળી રહી છે. લોર્જે સોલર પાવર કેપેસિટી રેલ ટ્રેક પર લગાવવાની યોજના પણ વિચાર હેઠળ છે. જણાવી દઈએ કે, સરકારનો ફોક્સ આગામી દિવસોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટર પર ૧૦૦ લાખ કરોડ કરતા વધારે ખર્ચ કરવાનો છે. ૧૧ હજાર રેલવે ટ્રેક ઈલેક્ટ્રિફિકેશનની પણ સરકારની યોજના છે.

ભારતીય રેલવે માટે સરકારના મુખ્ય પગલાં

- માનવ રહિત રેલવે ફાટકને સમાપ્ત કરાયા છે.
- ૨૭,૦૦૦ કિમી લાંબી રેલવે લાઈનનું વિદ્યુતિકરણ કરાશે.
- મુંબઈથી અમદાવાદ વચ્ચે હાઈ સ્પીડ રેલવે કાર્યમાં ઝડપ લાગવવામાં આવશે.
- રેલવેના સ્વામિત્વવાળી જમીન પર મોટા પાયે સોલર ક્ષમતા સ્થાપિત કરવાનો પણ પ્રસ્તાવ છે.
- ૫૫૦ સ્ટેશનો પર વાઈફાઈ શરૂ થઈ ગયા છે.
- રેલવેની જમીન પર વિકાસકાર્ય થશે.
- રેલવેની સાથે સાથે સોલર પ્લાન્ટ પણ લગાવવામાં આવશે.

બેંકમાં જમા રકમ પર ગેરંટી એક લાખથી વધારી ૫ લાખ કરાઈ

ન્યુ દિલ્હી

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૦માં બેંકમાં જમા રકમ પર ગેરંટીને એક લાખથી વધારીને ૫ લાખ કરી દીધી છે. અત્યાર સુધી બેંકમાં જમા રકમની ગેરંટી એક લાખ રૂપિયા હતી. એટલે કે બેંકોના ડૂબવા પર ભલે એકાઉન્ટમાં ગમે તેટલી રકમ હોય લોકોને હવે ૫ લાખ રૂપિયા મળશે. ખરેખર ડીપોઝિટ ઈંન્સ્યોરન્સ અને ક્રેડિટ ગેરંટી કર્પોરેશન (ડીઆઈસીજી) બેંકોમાં જમા રકમની સુરક્ષાની ગેરંટી લે છે. આ રિઝર્વ બેંકનું એક સહાયક એકમ છે. જોકે બેંકમાં જમા કુલ રકમની સુરક્ષાની કોઇ ગેરંટી હોતી નથી.

રિઝર્વ બેંકના નિયમો અનુસાર બેંકમાં ગ્રાહકને વધુમા વધુ એક લાખ રૂપિયા સુધીની ગેરંટી હોય છે જેની જવાબદારી ડીઆઈસીજીસી લે છે. બચત ખાતું, સધ્ધર ડિપોઝિટ (એફડી) અથવા ચાલુ ખાતામાં જમા રકમ પર આટલી જ ગેરંટી હોય છે. જેમા મૂળ રકમ સાથે વ્યાજ પણ સામેલ છે. ડીઆઈસીજીસી આ રકમની ગેરંટી લેવા માટે બેંકોના બદલામાં પ્રીમિયમને વસૂલે છે. નિયમો અંતગર્ગત એક જ બેંકમાં ગણા ખાતા છે તો એક લાખ રૂપિયા સુધીની જમા રકમ પર ગેરંટી હોય છે. સાથે જ સંયુક્ત ખાતાને પણ એક માનવામાં આવશે. આવામાં જો એક ખાતુ તમારા નામથી છે અને બીજૂ ખાતું સંયુક્ત રૂપે પતિ-પત્નીના નામ છે તો માત્ર એક ખાતામાં જમા વધુમાં વધુ એક લાખ રૂપિયાની રકમ પર જ ગેરંટી મળશે. જોકે સંયુક્ત ખાતાના નિયોમો એ છે કે, તેમા સૌથી પહેલા નામ જેનું હોય છે તેને મુખ્ય ખાતાધારક માનવામાં આવે છે. આવામાં એક જ બેંકમાં તમારા નામે એક બચત ખાતુ છે અને તે શાખામાં જ એક સંયુક્ત ખાતું છે જેમાં ખાતાધારકના નામમાં તમારૂ નામ બીજા અથવા ત્રીજા સ્થાન પર છે તો તે સ્થિતિમાં બંન્ને ખાતા એક-એક લાખ રૂપિયાની ગેરંટીમાં આવી જશે.

૨૦૨૨માં જી-૨૦ સમિટની આગેવાની કરશે ભારતઃ ૧૦૦ કરોડની ફાળવણી

ન્યુ દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે ભારત વર્ષ ૨૦૨૨માં જી-૨૦ બેઠકનું આયોજન કરશે. નાણામંત્રીએ બજેટ ભાષણ રજૂ કરતા આ જાહેરાત કરી હતી. ભારત આ વર્ષે અગાઉથી જ શાંઘાઈ કો-ઓપરેશન સમિટનું આયોજન કરી રહ્યું છે. આ સંમેલન ચાલુ વર્ષનાં અંતમાં યોજાશે. નિર્મલા સીતારમણે આ ઐતિહાસિક આયોજનની તૈયારી માટે ૧૦૦ કરોડની ફાળવણી કરી છે. જી-૨૦ના મંચ પર પર ભારત પોતાનો વૈશ્વિક આર્થિક એજન્ડા ચલાવશે.

ઉલ્લેખનીય છે કે જી-૨૦ દુનિયાનાં અમુક સૌથી શક્તિશાળી દેશોનું ગ્રુપ છે. જેમાં ભારત સિવાય ઓસ્ટ્રેલિયા, કેનેડા, સાઉદી અરેબિયા, અમેરિકા, રશિયા, દક્ષિણ આફ્રિકા, તુર્કી, આર્જેન્ટિના, બ્રાઝિલ, મેક્સિકો, ફ્રાંસ, જર્મની, ઈટાલી, બ્રિટન, ચીન, ઈન્ડોનેશિયા, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા દેશોનો સમાવેશ થાય છે.

જી-૨૦ સંમેલનોમાં સદસ્યો દેશોની સરકારોનાં વડા સિવાય ત્યાંની કેન્દ્રીય બેંકોનાં ગવર્નર પણ ભાગ લે છે. અને વૈશ્વિક આર્થિક સ્થિતી વિશે ચર્ચા કરે છે. ૨૦ દેશોના આ સંગઠનની તાકાતનો અંદાજ એ પરથી લગાવી શકાય છે કે આ દેશો વિશ્વના અર્થતંત્રનો ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. આ સિવાય વિશ્વનો ૮૦ ટકા વેપાર પણ આ દેશો દ્વારા થાય છે અને વિશ્વની બે તૃતીયાંશ વસ્તી આ દેશોમાં રહે છે. એકંદરે, જો આપણે કહીએ કે આ ૨૦ દેશોની વૈશ્વિક અર્થવ્યવસ્થા પર ભારે અસર પડે છે, તો તે ખોટું નથી.

સતત બે કલાક અને ૪૦ મિનિટ સુધી બજેટ વાંચતા રહ્યા

આઝાદી બાદ નિર્મલા સૌથી લાંબુ ભાષણ આપનાર નાણાંમંત્રી બન્યા

ન્યુ દિલ્હી

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે શનિવારના રોજ ઈતિહાસ રચી દીધો છે. નિર્મલા સીતારમણનું બજેટ ૨૦૨૦નું ભાષણ સ્વતંત્રી ભારતના ઈતિહાસનું સૌથી લાંબુ ભાષણ બની ગયું. સીતારમણે પોતાનું ભાષણ ૧૧ લાગ્યે શરૂ કર્યુ અને તે ૧ લાગીને ૪૦ મિનિટ સુધી ચાલ્યુ એટલે કે ૨ કલાક ૪૦ મિનિટ સુધી નાણા મંત્રી ભાષણ આપતા રહ્યા.

લગભગ પોણા ત્રણ કલાક સુધી ચાલેલા બજેટ ભાષણમાં ગળું ખરાબ હોવાના કારણે નાણા મંત્રી નિર્મલા સીતારમણ છેલ્લા બે-ત્રણ પેજ વાંચી શક્યા નહી અને તેમણે લોકસભા અધ્યક્ષની અનુમતિથી તેને વાચેલ માની સદનમાં પલટીને મૂકી દીધુ.

૨૦૧૯માં પણ દેશના પ્રથમ મહિલા નાણા મંત્રી સીતારમણે લાંબૂ બજેટ ભાષણ વાંચ્યુ હતું જે ૨ કલાક ૧૭ મિનિટ સુધી ચાલ્યુ હતું. આ પહેલા આ રેકોર્ડ જસવંત સિંહના નામે છે. તેમણે ૨૦૦૩માં ૨ કલાક ૧૫ મિનિટ સુધી ભાષણ વાંચ્યુ હતું. ૨૦૧૯માં નિર્મલાજીના ભાષણમાં ઉર્દૂ, હિંદી અને તમિલ દોહા સામેલ હતા. આ વખતે પણ નિર્મલા સીતારમણે આ પરંપરાને જાળવી રાખી અને કાશ્મીરના કવિ પંડીત દીનાનાથ કૌલ નદીમની કાશ્મીરી ભાષામાં લખેલ કવિતા વાંચી. પંડીત દીનાનાથ કૌલ નદીમ સાહિત્ય એકેડમી પુરસ્કાર વિજેતા છે.

ઈન્ડસ્ટ્રીઝ અને કોર્મસના પ્રોત્સાહન માટે ૨૭,૩૦૦ કરોડની ફાળવણી

ન્યુ દિલ્હી

નેશનલ સ્કીમ ડેવલપમેન્ટ એજન્સી ઈન્ફ્રાસ્ટ્રકચર આધારિત સ્કીલ પર ઉત્તેજન આપવામાં આવશે. આ યોજના અંતર્ગત યંગ એન્જિનીયર,મેનેજમેન્ટ ગ્રેજ્યુએટ્સ અને ઈકોનોમિસ્ટને તક મળશે. નેશનલ લોજિસ્ટીક પોલિસી ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે. આ તમામ યોજના મારફતે સામાન્ય લોકોને વધારે સારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપી શકશે. ૬૦૦૦ કિમી લાંબા ૧૨ હાઈવેઝના વિકાસ પર ભાર આપવામાં આવશે



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

અજબ ભાજપ કી ગજબ કહાની અમને વોટ નહીં આપનારા પાકિસ્તાની....લ્યો...!

દેશમાં આર્થિક બેહાલી,મંદી સહિતના મુદ્દે રાજ્ય સભાના સાસદ સાચું બોલીને ભાજપાની મુશ્કેલી વધારી રહ્યા છે.. ભાજપના રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વિટર હેન્ડલ પર દેશની તાજેતરની સ્થિતિ અંગે કેન્દ્ર સરકાર પણ પર વ્યંગ બાણ છોડતા દર્શાવ્યું છે કે આ રીતની અર્થવ્યવસ્થા નીચે લઇ જવા માટે પણ દિમાગ જોઈએ. દેશની આર્થિક સુસ્તી સરકારને માટે મોટી ચેલેન્જ બની ગઈ છે. અર્થવ્યવસ્થા નીચે પાડી દેવા માટે પણ મગજ જોઈએ. તેમણે ટ્વિટર પર કહ્યું છે કે સામાન્ય રીતે મંદી, મોંઘવારી સાથે નથી આવતી. સામાન્ય માંગમાં ઘટાડો આવતા વસ્તુઓની કિંમતો નથી વધતી. પરંતુ હવે ભારતની અર્થવ્યવસ્થા માં આ બધી ખામીઓ જોવા મળી રહી છે. આવા વાતો મજાકમા કરી રહ્યો છું... પરંતુ આ રીતે નિષ્ફળ થવામાં પણ દિમાગ લાગે છે. સ્વામીએ એક દિવસ પહેલાંજ કહ્યું હતું કે ડોલરના મુકાબલે રૂપિયો ઘટવા પર ભારતીય ચલણની સ્થિતિ સુધારવા ચલણી નોટો ઉપર દેવી લક્ષ્મીનો ફોટો છાપવામાં આવે. મલેશિયામાં નોટો પર ગણેશજીનો ફોટો છાપવામાં આવે છે. ગણેશજીનો ફોટો શા માટે તે બાબતનો જવાબ નરેન્દ્ર મોદી આપી શકે છે. મારું તો એ કહેવું છે તે ધનની દેવી લક્ષ્મીજીનો ફોટો બેંક નોટ પર છાપવાથી ભારતના ચલણમાં સુધારો થઈ શકે છે. સુબ્રહ્મણ્યમ સ્વામીની આવી વાતો પછી લોકો કહેતા થઈ ગયા છે કે ૬ વર્ષ શાસન સોપ્યુ તો સમગ્ર અર્થ વ્યવસ્થા ચોપટ કરી નાખી જો ૬૦ વર્ષ આપ્યા હોત તો ફરીથી આપણે વૃક્ષના પાદડા લપેટીને જાનવરોનો શિકાર કરતા હોત... ત્યારે જ આઈએમએફએ જાહેર કર્યું છે કે ભારતની આર્થિક મંદીની અસરથી દુનિયાની આર્થિક વૃદ્ધિ ઓછી થઈ રહી છે... અને ત્યારે જ આપ પક્ષ છોડી ભાજપામાં આવેલા કપિલ મિશ્રાને દિલ્હી વિધાનસભાની ટિકિટ આપી છે. તે મિશ્રાએ જાહેર મંચ પર કહ્યું કે દીલ્હીના રોડ ઉપર તારીખ ૮ મી એ પાકિસ્તાન અને ભારત વચ્ચે જંગ ખેલાશે. અને આ વાતથી દિલ્હીવાસીઓમાં ભારે રોષ ફેલાઈ ગયો છે તેઓએ એવો અર્થ કર્યો છે કે ભાજપાને-મિશ્રાને વોટ નહી આપે તો પાકિસ્તાની-દેશદ્રોહી. અને આ વાત દિલ્હી ભરમાં વાયરલ થતા ભાજપાને દિલ્હી ચૂંટણી ભારે પડી જશે તે નિશ્ચિત છે....!

દેશમાંની ખરાબ આર્થિક સ્થિતિ અનુસંધાને વિશ્વના જાણીતા અર્થશાસ્ત્રી ગીતા ગોપીનાથે થોડા સમય પહેલા કહ્યું હતું કે "મોદીની ખરાબ આર્થિક નીતિઓનો ભારતની પ્રજા ભોગ બની ચૂકી છે. તેમણે દેશના વડાપ્રધાને દેશને કઈ રીતે બરબાદ કરી મુક્યો છે" તે અંગે જે પણ કહ્યું હતું તે આજે સત્ય ઠરી રહ્યું છે.....! કારણ વિશ્વ બેંકે ૨૩ જાન્યુઆરી ૨૦૨૦ ના દિવસથી ભારતનુ વિકાસશીલ દેશોમાંથી નામ કમી કરી નાખીને પાકિસ્તાનની હરોળમાં મૂકી દીધુ છે. ત્યારે ગીતા ગોપીનાથની વાતનો ઈકાર થઈ શકે ખરો.....? અને આવી બાબતો સાથે નીતિ આયોગના સભ્ય સારસ્વતે કાશ્મીર અંગે જે નિવેદન કર્યું હતું કે કાશ્મીર ઈન્ટરનેટનો ઉપયોગ પોર્ન ફિલ્મો જોવા માટે કરે છે. તેનાથી પણ લોકો ભડક્યા છે.... કારણ કે દરેક કાશ્મીરી પર આવો આરોપ મુકવો યોગ્ય નથી.... તો ભાજપા જેને દેશનું મોડલ રાજ્ય ગુજરાત ગણાવે છે ત્યાં અનામત મુદ્દે મુખ્યમંત્રી રૂપાણી અને ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિન પટેલ સામસામે આવી ગયા છે. તો અધિકારીઓ પ્રજાકીય કામો નથી કરતા અને મંત્રીઓ પણ અપમાન કરે છે તેવી બાબતે ઈનામદાર અટકધારી ધારાસભ્યએ પોતાનુ રાજીનામુ મોકલી આપેલ પરંતુ પક્ષના વડાએ તેમને સમજાવીને મનાવી લીધા. ત્યારેજ ત્રણેક જેટલા ભાજપાના ધારાસભ્યોએ પોતાના વિસ્તારના કામો થતા ન હોવા અંગે મુખ્યમંત્રીને ફરિયાદ કરતો પત્ર લખ્યો છે. જેનાથી ગુજરાત ભાજપામાં હડકંપ મચી ગયો છે પરંતુ આ બાબતો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં દેશમાં ફરી વળી છે જેના પ્રત્યાઘાત દીલ્હીમા પણ પડવાની શક્યતા છે. તેવું રાજકિય તજજ્ઞોનું કહેવું છે....!

દેશભરમાં સીએએ, એનઆરસી, એનપીએ બાબતે અનેક રાજ્યોના શહેરોમાં લોકોનો વિરોધ થઈ રહ્યો છે ત્યારે આસામ, પંજાબ સહિતના બિન ભાજપા રાજ્યોએ આ કાયદાઓની વિરોધમાં ઠરાવો પસાર કરવામાં આવી રહ્યા છે ત્યારે જ પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે પણ જાહેર કર્યું છે કે જો કોઈ નાગરીક એનપીઆરમાં સહયોગ નહીં કરે તો તેનાથી સરકાર એનસીઆર. અંતર્ગત કોઈને સજા નહીં કરી શકે. તે સાથે દરેક વિપક્ષને એકમંચ ઉપર આવવા કહ્યું છે જ્યારે બીજી તરફ ગુજરાતમાં ભાજપાની સરકાર હોવાથી તેને એનઆરસી અંગેનો ઠરાવ મંજૂર કરી દીધો છે તો જે તકલીફ ઉભી થઈ છે તે બિહાર રાજયમાં છે, કર્ણાટકમાં છે, રાજસ્થાનમાં છે અને હરિયાણામાં પણ છે ત્યારે હવે શું થશે તે પર સૌની મીટ મંડાઈ છે બીજી તરફ ગૃહમંત્રી અમીત શાહે એવું કહ્યું છે કે એન આર સી નો અમલ દેશભરમાં થઈને જ રહેશે જેથી દરેક લોકો અંદરખાને ફફડી ગયા છે સરકારે જે કાયદાનો અમલ કરવાનો છે તેના અંગેના તમામ જે પણ નિયમો હોય તે જાહેર કરીને આમ પ્રજાને વિશ્વાસમાં લેવાની જરૂર છે. જેથી કેન્દ્ર સરકારને આ માટે કોઈ અડચણ ન પડે કે કોઈ વિરોધ ન થાય....! કારણ લોકોમા એવી સમજ છે કે સરકારે આજ દીન સુધી કોઈ નિયમોજ તૈયાર કર્યા નથી..!

સેલ્ફ કેર : મહિલાઓ પોતાનુ ધ્યાન રાખે તે પણ ખુબ જરૂરી છે...

બાળકો થઈ ગયા છે તો શુ થઈ ગયુ

બાળકો થયા બાદ જીવનસાથી સાથેના સંબંધો પર નકારાત્મક અસર થાય છે જેથી જીવનસાથીને પુરતો સમય આપવામાં આવે તે પણ જરૂરી

દેશ અને દુનિયામાં કોઇ પણ દંપત્તિની લાઇફ એ વખતે બદલાઇ જાય છે જ્યારે તેમના ઘરમાં બાળકો થઇ જાય છે. તેમની પ્રાથમિકતા પણ સમયની સાથે સાથે બદલાઇ જાય છે. વિચારવાની શક્તિ પણ બદલાઇ જાય છે. પરંતુ જાણકાર લોકો કહે છે કે બાળકો થયા બાદ પણ લાઇફની પુરતી મજા બાળકોની સાથે રહીને પણ માણી શકાય છે. માત્ર લગ્ન અને બાળકોના જન્મ સુધી મહિલાઓએ પોતાનુ ધ્યાન રાખવુ જોઇએ આ તર્કને નકારી કાઢીને પોતાના માટે પણ મહિલાઓ થોડોક સમય કાઢે તે જરૂરી છે. લગ્ન બાદ મહિલાઓના ફ્રેન્ડ સર્કલ લગભગ ખતમ થઇ જાય છે. ફ્રેન્ડના સંપર્કો તુટી જાય છે. બાળકો અને ઘર પરિવારની જવાબદારી અદા કરતા કરતા તે પોતાની ખુશીનુ ધ્યાન રાખવાનુ પણ ભુલી જાય છે. પરંતુ મહિલાઓ આવુ ન કરે તેમ નિષ્ણાંતો સલાહ આપે છે. યાદ રાખવા જેવી બાબત છે કરે જો તમે ખુશ રહેશો તો જ અન્ય પરિવારના સભ્યોને ખુશ રાખી શકશો. આના માટે મહિલાઓને પોતાના માટે સમય ચોક્કસપણે કાઢવો જોઇએ. પોતાને પેમ્પર કરવામાં આવે તે જરૂરી છે. સપ્તાહ અથવા તો મહિનાઓમાં એક બે વખત ફ્રેન્ડ સાથે વાતચીત અને તેમને મળવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. મિત્રોને મળતા રહેવાથી પણ ખુશ રહી શકાય છે. આના કારણે જુની યાદો તાજી થઇ જાય છે. ખુશ રહેવા માટે મિત્રો સાથે કોઇ હોબી ક્લાસમા પણ જઇ શકો છો. સામાન્ય રીતે મહિલાઓએ લગ્ન પહેલા પોતાના લુક અને ફિટનેસને લઇને સાવધાન રહે છે. પરંતુ બાળકો થઇ ગયા બાદ આને લઇને વધારે સાવધાન રહેતી નથી. બાળકો થઇ ગયા બાદ તે કેવી દેખાઇ રહી છે તેને




લઇને તે ગંભીર રહેતી નથી. તેને કોઇ જુવે કે ન જુવે તેને કોઇ અસર થતી નથી. પરંતુ આ પ્રકારની ભાવના યોગ્ય નથી. પોતાને સ્વસ્થ અને ફિટનેસ પ્રત્યે સાવધાન રહેવામાં આવે તે જરૂરી છે. આ બાબત જરૂરી છે કે પોતાને ખુશ રાખવા માટે પોતાના આરોગ્ય પર ખાસ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. મહિલાઓ લગ્ન બાદ પણ ખુશ રહી શકે છે. સાથે સાથે પોતાના જુના મિત્રોના સંપર્કમાં રહીને આગળ વધી શકે છે. સેલ્ફ કેરની બાબત મહિવાઓ માટે ખુબ જરૂરી બની છે. આધુનિક સમયમાં તો મહિલાઓ વધારે સાવધાન રહે તે જરૂરી છે. હવે ટેકનોલોજીના યુગમાં તો મહિલાઓ મોબાઇલ અને અન્ય ડિવાઇસની મદદથી પણ પોતાને ખુશ રાખી શકે છે. બાળકોનો જન્મ થયા બાદ જે ચીજો પર નકારાત્મક અસર થાય છે તે છે જીવનસાથી સાથે સંબંધો. મહિલાઓ બાળકોની સાથે એટલી વ્યસ્ત થઇ જાય છે કે તેને પોતાના અને જીવનસાથી વચ્ચે જે અંતર છે તેની ખબર રહેતી નથી. સંબંધોની ગરમીને હમેંશા જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. આના માટે જીવનસાથી સાથે ડિનર ડેટ, કેન્ડલ લાઇટ ડિનર અને ફિલ્મો નિહાળવા અને કોઇ જગ્યાએ ફરવા માટેની યોજના બનાવી શકાય છે. ઘરે પણ કેટલાક સમયને સાથે માણી શકાય છે. ભલે મહિનામાં એક વખત બહાર જવામાં આવે પરંતુ આના કારણે સંબંધોમાં ગરમી રહે છે. પતિ અનો પત્નિ એકબીજાની પસંદગીની બાબતનુ ધ્યાન રાખે તે જરૂરી છે. અનમોલ સમયને એક સાથે ગાળવામાં આવે તે જરૂરી છે. ફ્રેન્ડ સર્કલને લઇને લઇને ઉદાસીનતા રાખવામા ન આવે તે જરૂરી છે.સાયકોલોજિસ્ટ તબીબો પણ માને છે કે આધુનિક સમયમાં ભાગદોડની લાઇફમાં સામાજિક સંબંધની સીધી અસર થઇ રહી છે. પતિ અને પત્નિના સંબંધો પર બાળકો થયા બાદ નકારાત્મક અસર થવા માટેના કેટલાક કારણો રહેલા હોય છે. જે પૈકી એક કારણ તો એકબીજાને સમય ન આપવા સાથે સંબંધિત હોય છે. કેટલીક મહિલાઓ તો કહે છે કે લગ્નના પાંચ વર્ષ બાદ જ્યારે તે પોતાની ફ્રેન્ડોને મળી ત્યારે તેને કોઇ ઓખળી શકી ન હતી. કારણ કે તે લગ્ન બાદ ખુબ બદલાઇ જાય છે. મોટા ભાગની મહિલાઓ એવી દલીલ આપે છે કે બાળકના જન્મ બાદ તે તેના પર ધ્યાનમા વધારે સમય આપે છે. જ્યારે પતિ પોતાના કામ પર વધારે ધ્યાન આપે છે. આવી સ્થિતીમાં એકબીજા પર ધ્યાન આપી શકાતુ નથી. મહિલાઓ સામાન્ય રીતે લગ્ન થયા બાદ અને ખાસ કરીને બાળકો થયા બાદ પોતાની ખાસ પસંદગીની ચીજોને છોડી દે છે. જેથી તેની સીધી અસર થાય છે. આવી સ્થિતીમાં જાણકાર લોકો મોટા ભાગના દંપત્તિને એકબીજા માટે સમય આપવા માટેની સલાહ આપે છે. આના લીધે બાળકોની હાજરીમાં ખુશ રહી શકાય છે.

બેજોસના ૨.૭૫ લાખ કરોડના તલાકને લઈને હજુ ચર્ચાઓ

બેજોસના તલાક પાછળ ક્રાઉન પ્રિન્સ

એમેઝોનના સીઇઓ અને દુનિયાના સૌથી અમીર વ્યક્તિ પૈકી એક જેફ બેજોસના ફોન હૈકના ખુલાસા બાદ હવે નવી નવી વિગતો સપાટી પર આવી રહી છે. એવી અટકળો પણ ચાલી રહી છે કે બેજોસના તેમના પત્નિની સાથે દુનિયાના સૌથી મોંઘા તલાકની પાછળ સાઉદી પ્રિન્સની ભૂમિકા રહેલી છે. એક અખબાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે એમેઝોનના માલિકના ફોન હેક કરવા પાછળ સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ સલમાન હતા. તમામ લોકો સારી રીતે જાણે છે કે બેજોસના દુનિયાના સૌથી મોંઘા તલાક થયા છે. બેજોસે ઓક્ટોબર ૨૦૧૯નો એક ફોટો ટ્વીટ કરીને કેટલીક ઉપયોગી માહિતી આપી છે. જેમાં તેઓ સાઉદી પત્રકાર જમાલ ખશોગીની હત્યાની વરસી પર એક શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં નજરે પડી રહ્યા છે. બેજોસના ફોન હેકિંગમાં સાઉદી પ્રિન્સનો હાથ હોવાના હેવાલ વચ્ચે આ પ્રથમ પ્રતિક્રિયા આવી રહી છે. બેજોસે ટ્વીટ કરીને કહ્યુ છે કે ખશોગીની હત્યામાં સાઉદી પ્રિન્સનો હાથ રહેલો છે. એવા હેવાલ પણ પહેલા આવી ચુક્યા છે કે અમેઝોનના સ્થાપક બેજોસના ફોનને હેક કરવાનુ કામ સાઉદી પ્રિન્સ દ્વારા કરવામાં આવ્યુ હતુ. મિડિયા રિપોર્ટની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો હેકિંગ બા બેજોસની કેટલીક ખાનગી માહિતી અમેરિકી ટેબલોઇડ નેશનલ ઇન્કાવાયરને મોકલી દેવામાં આવી હતી. આનાથી એક મહિના પહેલા જ જેફ અને તેમના પત્નિ મેકેન્જી બેજોસે જાહેરાત કરી હતી કે તેઓ પોતાના ૨૫ વર્ષ જુના સંબંધોનો અંત લાવી રહ્યા છે. એમેઝોનના સ્થાપકના તલાકને દુનિયાના સૌથી મોંઘા તલાક તરીકે જોવામાં આવે છે. બેજોસે આ તલાક ૨.૭૫ લાખ કરોડ રૂપિયામાં લીધા હત. તલાક અને પ્રાઇવેટ મેસેજ લીક થવાના મામલામાં સમાનતા દેખાઇ રહી છે. માનવામાં આવે છે કે બેજોસના સાન્ચેંજ સાથે અંતરંગ મેસેજ બેજોસની પત્નિને પણ મોકલી



ગર્લફ્રેન્ડના મેસેજ લીક કરી દીધા હતા : બેજોસના ફોન હેકના ખુલાસા બાદ ચોંકાવનારી વિગત સપાટી પર સતત આવી રહી છે

દેવામાં આવ્યા હતા. જે તલાક માટે મુખ્ય આધાર હોવાનુ જાણવા મળી રહ્યુ છે. તમામ લોકો આ બાબતને પણ સારી રીતે જાણે છે કે લોસ એન્જલસમાં પ્રિન્સ અને બેજોસની વચ્ચે ચોથી એપ્રિલ ૨૦૧૮ના દિવસે મુલાકાત થઇ હતી. બંનેએ એકબીજાના મોબાઇલ નંબર શેયર કર્યા હતા. ત્યારબાદ બેજોસને ક્રાઉન પ્રિન્સના વોટ્સ એપ મેસેજ મળ્યા હતા. જેમાં એક વિડિયો લીંક પણ હતા. માનવામાં આવે છે કે આ વિડિયો લીંકમાં એક માલવેયર હતા. જેના કારણે બેજોસના ફોન હેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એકપછી એક અનેક ઘટનાઓ બની હતી. પાંચ મહિના બાદ બીજી ઓક્ટોબર ૨૦૧૮ના દિવસે સાઉદી પત્રકાર જમાલ ખશોગીની હત્યા કરવામાં આવી હતી. ખશોગી અખબાર વોશિંગ્ટન પોસ્ટ સાથે જોડાયેલા હતા. નવેમ્બર ૨૦૧૮માં પ્રિન્સે બેજોસને વોટ્સ એપ મેસેજ કર્યા હતા. જેમાં મીમ્સથી સંકેત આપવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા કે તમામ બાબતો તેમના દ્વારા જ કરવામાં આવી છે. બેજોસના ફોનમાં હેકિંગને લઇને તપાસ કરનાર એફટીઆઇ કન્સલ્ટિંગના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આ પ્રકારનુ હેકિંગનુ કામ બે ગ્રુપ દ્વારા કરવામાં આવે છે. જે પૈકી એક ઇટાલીના મિલાન સાથે સંબંધિત હેકિંગ ગ્રુપ છે. જેમાં પ્રિન્સ સલમાનના નજીકની ૨૦ ટકા હિસ્સેદારી છે. એફટીઆઇ દ્વારા સ્ક્રીન શોટ્સ જારી કરવામાં આવ્યા છે. તમામ લોકો જાણે છે કે બેજોસની સિક્યુરિટી ફર્મે ચોથી એપ્રિલના બેજોસ-પ્રિન્સની વચ્ચે વોટ્સ એપ ચેટના સ્ક્રીન શોટ શેર કર્યા હતા. દાવો કરવામાં આવ્યો છે કે સ્ક્રીન શોટ્સ ક્રાઉન પ્રિન્સના મોબાઇલ ફોનના છે. ત્યારબાદ જ બેજોસના ફોન હેક કરી દેવામા આવ્યા હતા. એવુ પણ જાણવા મળી રહ્યુછે કે ઇઝરાયેલી કંપની તરફથી તૈયાર કરવામાં આવેલા પેગાસસ સ્પાઇસવેયરનો ઉપયોગ હેકિંગ માટે કરવામાં આવ્યો હતો. ગયા વર્ષે બેજોસની બ્લેકમેઇલિંગ સાથે પણ કનેક્શન છે. સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના એક વોટ્સ એપ મેસેજથી જેફ બેજોસના ફોન હેક થઇ ગયા હતા. જેફ બેજોસના ફોન ગયા વર્ષે હેક થયા હતા. હજુ સુધી ફોન હેકિંગને લઇને કેટલીક બાબતો સ્પષ્ટ થઇ ચુકી છે.

પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને પબ્લિક ટોઇલેટ

સિંગલ યુઝ પ્લાસ્ટિક ટોઇલેટ

સિંગલ યુઝ પ્લાસ્ટિકથી પર્યાવરણને બચાવી લેવા માટે મોદી સરકાર દેશભરમાં ઝુંબેશ ચલાવી રહી છે. હવે કેટલાક લોકો પણ તેના ઉપયોગથી બચવા માટેના પ્રયાસ કરી રહી છે. પરંતુ શુ તમે ક્યારેય વિચાર્યુ છે કે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ફરી એકવાર ઉપયોગ કરવામાં આવી શકે છે. જો આ પ્રશ્ન કરવામાં આવે તો તેનો જવાબ હામાં છે. દિલ્હીના નિવાસી અશ્વિની અગ્રવાલે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને પબ્લિક ટોઇલેટ બનાવીને નવી ચર્ચા જગાવી છે. થોડીક હેરાન કરનાર બાબત આ ચોક્કસ છે પરંતુ આ ટોઇલેટ સંપૂર્ણપણે સિંગલ યુઝ પ્લાસ્ટિકથી બની છે. તેમાં બોટલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અશ્વિનીએ વાતચીતમાં કહ્યુ છે કે અમે બેઝિક શિફ્ટ પ્રોજેક્ટ હેઠળ પબ્લિક માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ કરીને ટોઇલેટ બનાવી રહ્યા છીએ . આ યુરિનલ ટોઇલેટ છે. પબ્લિક આનો ઉપયોગ ચાર્જ વગર ફીમાં કરી શકે છે. આનુ નામ પીપી રાખવામાં આવ્યુ છે. અમે પ્રથમ આ



પ્રકારની ટોઇલેટ દિલ્હીના ધોળા કુવા ખાતે સ્થાપિત કરી શકીએ છીએ. બીજી ટોઇલેટ એમ્સની બહાર રિંગ રોડ પણ સ્થાપિત કરી ચુક્યા છીએ. અમારો ઉદ્ધેશ્ય લોકોને ફ્રી ટોઇલેટ આપવાનો છે. બેઝિક શિફ્ટ પ્રોજેક્ટમાં તેમના મિત્રો અદિતી, આઈશુ, યુવા અને સહેજ પણ સામેલ છે. અશ્વિનીએ કહ્યુ છે કે એક ટોઇલેટ ૯૦૦ બોટલની મદદથી તૈયાર કરવામાં આવી છે. અમે આ બોટલોના રંગ લીલા રાખ્યા છે. જેથી તમામ ટોઇલવેટ લીલા રંગમાં છે. અશ્વિની દિલ્હી યુનિવર્સિટીમાં આર્ટસમાં અભ્યાસ કરી રહ્યા હતા. એ ગાળા દરમિયાન વર્ષ ૨૦૧૪માં તેઓએ કોલેજ પ્રોક્ટ બેઝિક શિફ્ટ પર કામ શરૂ કર્યુ હતુ. એમ તો આ એક કોલેજ પ્રોજેક્ટ તરીકે હતો. જો કે અશ્વિનીને એમ લાગ્યુ કે દેશમાં પબ્લિક ટોઇલેટની ખુબ જરૂર છે. લોકો બે રૂપિયા આપીને ટોઇલેટ જવાના બદલે ખુલ્લામાં જવાનુ પસંદ કરે છે. જેથી તેઓએ પોતાના કોલેજ પ્રોજેક્ટ હેઠળ પ્લાસ્ટિકના ટોઇલેટ બનાવવા પર કામ શરૂ કર્યુ હતુ. ત્યારબાદ સૌથી પ્રથમ ટોઇલેટ ધોળા કુવા પાસે સ્થાપિત કરીને આગળની પ્રક્રિયા હાથ ધરી હતી. અશ્વિની કહે છે કે તે પ્લાસ્ટિકની બોટલોને મિક્સરમાં ગ્રાઇન્ડ કરીને મેટિરિયલ તૈયાર કરે છે. આનાથી જ ટોઇલેટ તૈયાર કરવામાં આવે છે. પબ્લિક ટોઇલેટ દાખલારૂપ ચોક્કસ પણે છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકથી તૈયાર કરવામાં આવેલી ટોઇલેટ દાખલારૂપ છે.

૨૦ નગરપાલિકામાં રેલવે ક્રોસિંગ ઉપર ૧૬ ઓવરબ્રિજ-૧૦ અંડરબ્રિજ બનશે

ગાંધીનગર

રાજયની ૨૦ નગરપાલિકા વિસ્તારમાં આવેલા રેલવે ક્રોસિંગ પર ૧૬ રેલ્વે ઓવરબ્રિજ અને ૧૦ રેલ્વે અંડરબ્રિજ માટે રૂ. ૭૫૭.૩૭ કરોડ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ આપી છે. જે ૧૬ નગરોમાં રેલવે ઓવરબ્રિજ બનવાના છે તેમાં ઓખા, પાલીતાણા, પાટણ, તલોદ, વિસનગર, કરમસદ, ઉમરેઠ અને બારડોલીમાં ૧-૧ રેલ્વે ઓવરબ્રિજ તેમજ વેરાવળ, હિંમતનગર, આણંદ અને પેટલાદમાં ૨-૨ ઓવરબ્રિજ બનશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૧૦ નગરોમાં રેલ્વે અંડરબ્રિજ બનશે. સિક્કા, નડિયાદ, બોપલ-ઘુમા, ઉના, કેશોદ, ડીસા, પેટલાદ, વ્યારા નગરોમાં ૧-૧ અને ગાંધીધામમાં ૨ રેલવે અંડરબ્રિજ નિર્માણ પામશે. આ ઉપરાંત સુરેન્દ્રનગર અને ભચાઉ નગર માટે તેમ જ જૂનાગઢ મહાનગરપાલિકા માટે પણ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી યોજના અંતર્ગત આગવી ઓળખના રૂ. ૫૪.૫૧ કરોડના કામોને મંજુરી આપી છે. તદઅનુસાર, સુરેન્દ્રનગરમાં મેકશન સર્કલ ડેમ રોડથી હેલીપેડ સુધી નવા ફલાયઓવર બનાવવા માટે રૂ. ૪૨.૫૦ કરોડના કામને મંજૂરી આપવામાં આવી છે તેમ જ સુરેન્દ્રનગર ગેઇટ અને જોરાવરનગર રેલ્વે સ્ટેશન વચ્ચે સબ-વે બનાવવા માટે રૂ. ૬.૫૩ કરોડના કામ મંજૂર કરવામાં આવ્યા છે.

દરમિયાન ભચાઉ નગરપાલિકા વિસ્તારમાં ડેવલપિંગ એન્ટ્રી ઓફ ભચાઉ ટોવડ્ઝ ભૂજ એઝ ગેટવે ઓફ કચ્છના આગવી ઓળખના કામ માટે રૂ. ૨.૮૬ કરોડ મંજૂર કરાયાં છે. જૂનાગઢ મહાનગરપાલિકામાં આવેલા સ્વિમિંગ પુલના નવીનીકરણ માટે રૂ. ૨.૬૨ કરોડના આગવી ઓળખના કામને પણ મંજૂરી પણ મુખ્ય પ્રધાને આપી છે.

ઉત્તરાયણમાં ફેંકી દેવાયેલી અધધ ૧૨ ટન દોરીનો જથ્થો એકઠો કરાયો

અમદાવાદ

તમને જાણીને કદાચ નવાઈ લાગશે પરંતુ આ વાત સત્ય છે કે અમદાવાદની એક સંસ્થાએ ઉત્તરાયણ દરમિયાન ફેંકી દેવાયેલી, ઝાડ પર લટકતી પતંગની દોરીનો ૧૨ ટન જથ્થો એકઠો કર્યો છે. લગભગ બે ટ્રક ભરાય એટલો આ સોલિડ વેસ્ટ જથ્થો આ સંસ્થા ખાનગી કંપનીને ગ્રીન ઈલેક્ટ્રીસિટી ઉત્પન્ન કરવા માટે આપશે. આમ તો, ઉત્તરાયણ દરમિયાન અનેક સેવાભાવી સંસ્થાઓ અને જીવદયા પ્રેમીઓ અલગ અલગ અભિયાન ચલાવીને પક્ષી બચાવો અભિયાન ચલાવે છે. પરંતુ અમદાવાદની એક સંસ્થા એવી છે જે ૨૦૧૧થી પક્ષી બચાવો અભિયાનની સાથે સાથે શહેરમાં સ્વચ્છતા ઝુંબેશ પણ ચલાવે છે. આ સંસ્થા છે પર્સનલ આસિસ્ટન્સ પર્સનલ એટેન્શન જેને ટુંકમાં નામ આપવામાં આવ્યું છે.

આ સંસ્થાએ ડિસેમ્બર માસની શરુઆતથી અને જાન્યુઆરી માસના અંત સુધી એમ બે મહિના સુધી ચલાવેલા અભિયાનમાં શહેરમાં અલગ અલગ જગ્યાએથી ૧૨ ટનથી વધુ દોરીનો જથ્થો એકત્ર કર્યો છે. આ માટે સંસ્થાનાં ૯૫ વોલિએન્ટર્સ દ્વારા શહેરની ૩૦૦ જેટલી શાળાઓમાં જઈને જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાનમાં વોલિએન્ટર્સ સ્કૂલનાં બાળકોને પક્ષી બચાવવાની સમજ આપવાની સાથે સાથે પર્યાવરણની જાળવણી કેવી રીતે કરી શકાય તેની સમજ આપી સાથે સાથે પર્યાવરણની જાળવણી માટે રિડયુઝ, રિયુઝ અને રિસાયકલ વિશે વિસ્તૃતમાં સમજ આપી હતી.

આ અકસ્માતમાં ૧૫ લોકો ઘાયલ

દાહોદના મુવાલિયા ક્રોસિંગ પાસે ટેન્કરે ટ્રેક્ટરને ટક્કર મારતાં ૫ મજૂરોનાં મોત

દાહોદ

શુક્રવારે રાત્રે દાહોદના મુવાલિયા ક્રોસિંગ પાસેરીના ટેકરે ટ્રેક્ટરને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટ્રેક્ટરમાં સવાર મજૂરો પૈકી ૫ મજૂરોનાં મોત નીપજયાં હતાં જયારે ૧૫ જેટલા લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડ્યા હતાં. અકસ્માત સર્જાતા જ હાઈવે પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. ઘટના અંગે તાત્કાલિક પોલીસને જાણ કરાતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

દાહોદના મુવાલિયા ક્રોસિંગ પાસે પીએસપી કંપનીના મજૂરો ભરેલું ટ્રેક્ટર મજુરોને પોતાના ઘરે પરત મુકવા જઈ રહ્યું હતું. તે દરમિયાન પાછળથી આવેલું ટેકર ટ્રેક્ટરની સાથે ધડાકાભેર અથડાયું હતું. જેના કારણે ટ્રેક્ટરમાં બેઠેલા મજૂરો ઉનાં ઘટનાસ્થળે જ મોત નિપજયું હતું જયારે ૧૫ જેટલા મજૂરોને લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા દાહોદની ઝાયડસ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જોકે ૨ મજૂરોને સારવાર મળે તે પહેલાં જ મોત નિપજયું હતું.

ટેકર વચ્ચે થયેલા ગોઝારા અકસ્માતના કારણે દાહોદના પાંચ મજૂરોએ જીવ ગુમાવ્યો હતો. અકસ્માત બાદ ટેકર પલટી ખાઈ જતાં ક્રેઈનની મદદ લેવામાં આવી હતી. બાંધકામમાં કામ કરતા મજૂરોને ઘર પરત મુકવા માટે ટ્રેક્ટર જઈ રહ્યું હતું તે દરમિયાન અકસ્માત સર્જાયો હતો. આ મજૂરો આસપાસના વિસ્તારમાં પોતાના ગામમાં પરત જવા માટે નીકળ્યા હતા.

પુત્રોએ ધિક્કારતા વૃદ્ધ દંપતિએ ઝેર પી સજોડે આપઘાત કર્યો

અમરેલી

ચલાલાના હુડકો સોસાયટીમાં રહેતા યાસીનભાઈ નજરમહમદ બ્લોચ (ઉ.વ.૫૫) તથા તેમના પત્ની આસુબેન (ઉ.વ.૫૫) એમ બંનેએ ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આ દંપતિની લાશને પોસ્ટમોર્ટમ માટે દવાખાને ખસેડવા તજવીજ હાથ ધરી હતી. દંપતીને રાજકોટમાં રહેતા તેના પુત્રોએ હમણા પોતાને ત્યાં આવવાના બદલે ઘરે આરામ કરવાનુ કહેતા લાગી આવતા આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું છે.

પોલીસે તેના પરિવારની કરેલી પ્રાથમિક પૂછપરછમાં એવી વિગત જાણવા મળી હતી કે આ બંને પતિ-પત્ની ચલાલામા એકલા રહેતા હતા. જયારે તેના સંતાનો રાજકોટ ખાતે રહેતા હતા. મૃતક યાસીનભાઈ બ્લોચે થોડા સમય પહેલા સારણગાંઠનું ઓપરેશન કરાવ્યું હતું. જેને પગલે હવે તેમને રાજકોટ ખાતે રહેતા પુત્રોને ત્યાં જવું હતું. જેથી તેમણે પુત્રોને પોતે રાજકોટ આવવા માંગે છે તેમ જણાવ્યું હતું. જો કે તેમના પુત્રોએ રાજકોટ આવવાને બદલે હમણા તમે ત્યાં જ આરામ કરો તેમ જણાવતા બંનેને લાગી આવ્યું હતું. જેથી બંનેએ સાથે જ ઝેરી દવા પી આપઘાતનો માર્ગ અપનાવ્યો હતો. બનાવ અંગે ચલાલા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એમ.એલ.ડાભી તપાસ ચલાવી રહ્યાં છે.

સસરા ધંધામાં ભાગીદાર ન બનતાં પતિએ પત્નિને ત્રાસ આપવાનું શરૂ કર્યું

અમદાવાદ

સાસરિયાઓ ત્રાસ આપતા હોવાની અનેક ફરિયાદો પોલીસ સ્ટેશનમાં નોંધાતી હોય છે. પણ હવે શહેરનાં એક પોલીસ સ્ટેશનમાં એક એવો અજીબ કિસ્સો આવ્યો છે. એક પિતાએ દીકરીનાં લગ્ન કરાવ્યા બાદ જમાઈએ પોતાના બિઝનેસમાં ભાગીદાર બનવા સસરાને કહ્યું હતું. પણ લગ્નનો ખર્ચ વધુ થતાં સસરા ભાગીદાર ન બની શક્તા તેમની દીકરીને જમાઈએ ત્રાસ આપવાનું શરૂ કરી ધમકીઓ આપી હતી.

થલતેજમાં પિયરજનો પાસે છેલ્લા પાંચેક મહિનાથી રહેતી ૨૮ વર્ષીય યુવતીનાં લગ્ન મુંબઈ ખાતે રહેતા એક યુવક સાથે થયા હતા. રાજસ્થાનમાં લગ્ન કર્યા બાદ પતિ પત્ની ઉદેયપુર હનીમુન કરવા ગયા હતા. હનીમુનમાં પતિ અવાર નવાર અલગ અલગ વાતોમાં પત્ની પ્રત્યે અણગમો દર્શાવતો હતો. ત્યાંથી ફરીને આવ્યા બાદ યુવતીનાં ઘરે દંપતી પગફેરો કરવા ગયા હતા. જયાં યુવતીના પતિએ સસરાને બિઝનેસમાં ભાગીદાર બનવા કહ્યું હતું. જેમાં સસરાએ કહ્યું કે, લગ્નમાં વધુ ખર્ચ થયો હોવાથી તે ભાગીદાર નહિ બની શકે. જેથી યુવતીનાં માતા પિતા સાથે જમાઈએ ઝઘડો કર્યો હતો.

બાદમાં યુવતી તેના સાસરે ગઈ હતી. ત્યાં સાસુ અને નણંદ ઘરકામ બાબતે ઝઘડા કરી ત્રાસ આપતા હતા. જયારે યુવતીનો પતિ યુએસ નોકરી કરતો હોવાથી તેને પણ યુએસ જવાનું હતું. પણ યુવતીને સસરાએ કહ્યું કે, પિયરમાંથી દસ લાખ લઈ આવ નહિ તો વિદેશ નહિ જવા દે. આટલું જ નહિ પણ પતિએ કહ્યું કે, આ લગ્નથી તેને કાંઈ મળ્યું નથી જયારે જરૂર હોય ત્યારે પૈસા લાવી આપવાના. પણ ત્યારબાદ યુવતીને યુએસ જવાની તારીખ આવી ગઈ અને તે તેનો સામાન પેક કરતી હતી ત્યારે સાસુ સસરાએ ઈમિગ્રેશનમાં તકલીફ પડશે તેમ કહી દાગીના ન લઈ જવા દીધા હતા. સમાધાન ન થતાં યુવતીએ કંટાળીને સાસરિયાઓ સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મુંબઈના બંદરે પડેલી ૨૦૦૦ મેટ્રિક ટન ડુંગળી ગુજરાતમાં ઠલવાશે..!!

ગાંધીનગર

દેશમાં ડુંગળીના ભાવ ભડકે બળતા હતા ત્યારે ભારત સરકારે આયાત કરેલી હજારો ટન ડુંગળી મુંબઈ બંદરે ખડકાઈ છે. હવે આ ડુંગળીના નિકાલ માટેની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગુજરાતમાં ડુંગળીનો મોટો જથ્થો ઠલવાય તેવી તૈયારી થઈ રહી છે. મુંબઈ બંદરે ગુજરાત માટેની ડુંગળીનો જથ્થો લાંબા સમયથી આવી ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેન્દ્રએ તે જથ્થો ઉપાડીને ગુજરાતમાં લઈ જવાની તાકીદ કરતા તે અંગેનો વહીવટી સળવળાટ શરૂ થયો છે. રાજ્યના અધિકારીઓ એક-બે દિવસમાં ડુંગળીની ચકાસણી કરવા મુંબઈ બંદરે જશે. જો ડુંગળી યોગ્ય સ્થિતિમાં હશે તો તુર્ત જ ગુજરાતમાં લાવવાની કાર્યવાહી થશે.

એએમસીનો સપાટોઃ પશ્ચિમ વિસ્તારના ૧૨ બિલ્ડિંગની ૪૩ દુકાનો સીલ

અમદાવાદ

પાર્કિંગની જગ્યાએ ગેરકાયદેસર બાંધકામ કરી દેનારા કોમ્પલેક્ષ અને મિલકતો સામે શુક્રવારથી મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા સપાટો બોલવાયો છે. શુક્રવારે વહેલી સવારે આવી મિલકતોને સીલ માર્યા બાદ શનિવારે વહેલી સવારે પશ્ચિમ વિસ્તારમાં ફરી તપાસ કરી નવરંગપુરા, પાલડી અને વાસણામાં આવેલી ૧૨ બિલ્ડીંગના ૪૩ દુકાનોને સીલ મારી દીધું છે. નવરંગપુરામાં આવેલા સતદલ, વિશાલ, પુણેશ્વર કોમ્પલેક્ષની ૭ દુકાન, સિધ્ધાર્થ કોમ્પલેક્ષની ૮, એવરેસ્ટ સર્વિસ, માંગલ્ય હાઉસની ૪, ચાણકય બિલ્ડિંગની ૨, નારણપુરાના અભિરથ કોમ્પ્લેક્સની ૩, વાસણા સ્વામિનારાયણ શોપિંગ સેન્ટર, પાલડીના મેડિસિન સેન્ટર, પાલડી ઈસ્કોન સ્કવેર અને પાલડી દેવાર્પણ કોમ્પ્લેસની દુકાનોને સીલ મારી દીધું છે.

શુક્રવારે પશ્ચિમ વિસ્તારમાં નવા વાડજ, વાસણા, પાલડી, સીજી રોડ પર આવેલી ૨૨ બિલ્ડીંગના ૧૮૦ દુકાનોને સીલ મારી દીધું છે. નવરંગપુરામાં આવેલી દેવઆદિ હોટલ, ડેકલાથોન, નવાવાડજમાં આવેલો મંગલમ શો રૂમ, હોટલ આશ્રય ઈન અને યુનિવર્સિટી રોડ પર આવેલા યુનિવર્સિટી પ્લાઝા કોમ્પલેક્ષમાં ૭૧ દુકાનને સીલ મારી દીધી છે.

ટંકારામાં મંજૂરી વગર સભા કરતાં

હાર્દિક પટેલ અને લલિત વસોયા સામે નોન બેલેબલ વોરંટ ઈશ્યૂ

અમદાવાદ

પાસ કન્વીનર હાર્દિક પટેલ, મહેશ રાજકોટિયા, લલીત વસોયા,લલિત કગથરા,વરૂણ પટેલ,રેશમા પટેલ,ગીતાબેન કિશોર,ચીખલિયા દિલિપ સાંભવા, નિલેશ એરવાડીયા, અક્ષય પટેલ ઝખરો સહિત ૩૪ સામે ટંકારામા ગત તા ૯/૪/૧૭ ના રોજ મંજૂરી વગર સભા કરતા જાહેરનામાના ભંગનો ગુનો નોંધાયો હતો.

આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં એક સમયે સાથીદારોને હાલ ભાજપ કોગ્રેસ એનસીપીને અન્ય પક્ષના હોદેદારો હાજર રહ્યા હતા. જો કે હાર્દિક પટેલ, લલિત વસોયા, મનોજ કાલરીયા અને અમિત ઠુમ્મર હાજર ન રહેતા કોર્ટે આ ચારેયનું નોન બેલેબલ વોરંટ ઈસ્યુ કર્યું છે.

વર્ષ ૨૦૧૭માં ટંકારા લક્ષ્મી નારાયણ સોસાયટીમા યોજાયેલ પાસની સભા મંજુરી ન હોવા છતા યોજી હતી. આ મામલે પોલીસે હાર્દિક પટેલ સહિત ૩૪ સામે સભા પુરી થયા પછી જાહેરનામાના ભંગનો ગુનો નોંધ્યો હતો.

આ કેસમા આજે મુદત હોવાથી ગીતાબેન પટેલ, રેશમા પટેલ, વરૂણ પટેલ, લલીત કગથરા, કિશોર ચીખલીયા, મહેશ રાજકોટિયા, દિલિપ સાંભવા, નિલેશ એરવાડીયા સહિત ૨૭ લોકો હાજર રહ્યા હતા. જો કે, પાસ કન્વીનર હાર્દિક પટેલ, લલીત વસોયા, મનોજ કાલરીયા. અમિત ઠુમ્મર સહિતના આરોપી હાજર રહ્યા ન હતા. જેથી, કોર્ટે આ મામલે હાર્દિક પટેલ, લલિત વસોયા, મનોજ કાલરીયા અને અમિત ઠુમ્મરનું નોન બેલેબલ વોરંટ ઈસ્યુ જારી કર્યું છે.

૧૦ ટકા જીડીપી પહેલા પાનાથી ચાલુ

ધોવાઇ ગયાના અહેવાલ છે.

નાણામંત્રી નિર્મલા સિતારામન ૧૧ વાગે સંસદમાં બજેટ(ખાતાબહી) રજૂ કરતાં પહેલા રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા અને તેમની મંજૂરી બાદ કેબિનેટમાં મહોર લગાવીને સંસદ ભવન પહોંચ્યા હતા. અને બરાબર ૧૧-૦૦ ના ટકોરે બજેટ પ્રવચન વાંચવા ઉભા થયા હતા.

બજેટ ૨૦૨૦થી શરૂ થયેલા નવા દાયકાનું પ્રથમ બજેટ છે એમ કહીને તેમણે બજેટ વાંચનની શરૂઆત કરી હતી. નાણાં મંત્રીએ કરદાતાઓને મોટી રાહત આપતી વખતે કર કાયદા સરળ બનાવવા માટે નવી વૈકલ્પિક વ્યક્તિગત આવકવેરા પ્રણાલી રજૂ કરી હતી.

આ અંતર્ગત ૨.૫ લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત રહેશે. ૨.૫ થી પાંચ લાખ સુધીની આવક પર પાંચ ટકાના દરે વેરો વસૂલવામાં આવશે, પરંતુ આ મર્યાદા સુધીની આવક પર ૧૨,૫૦૦ રૂપિયાની મુક્તિને કારણે વેરો લાદવામાં આવશે નહીં.

પાંચથી સાડા સાત લાખ રૂપિયા સુધીની આવક પર ૧૦ ટકા, સાતથી સાડા સાત લાખ રૂપિયા સુધીની આવક પર ૧૫ ટકા, ૧૦-૧૨.૫ લાખ રૂપિયા સુધીની આવક પર ૨૦ ટકા અને ૧૨.૫ થી ૧૫ લાખ રૂપિયા સુધીની આવક પર ૨૫ ટકા. દરે આવકવેરા સૂચવવામાં આવે છે. ૧૫ લાખ રૂપિયાથી વધુની આવક પર ૩૦ ટકાના દરે આવકવેરો લાગૂ પડશે.

સરકારે તેના ડિસઈન્વેસ્ટમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે પ્રારંભિક જાહેર તકો (આઈપીઓ) દ્વારા દેશની સૌથી મોટી વીમા કંપની લાઇફ ઇન્સ્યુરન્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એલઆઈસી) માં તેના કેટલાક હિસ્સાને વેચવાની જાહેરાત કરી છે. નાણામંત્રી સીતારામને લોકસભામાં ૨૦૨૦-૨૧ ના બજેટ ભાષણ વાંચતી વખતે આ દરખાસ્ત કરી હતી. તેમણે કહ્યું કે એલઆઈસી સ્ટોક એક્સચેંજમાં સૂચિબદ્ધ થશે. સૂચિબદ્ધ થવાથી કંપનીઓમાં નાણાકીય શિસ્તમાં વધારો થાય છે, એવો દાવો તેમણે કર્યો હતો. હાલમાં એલઆઈસીનો સંપૂર્ણ હિસ્સો સરકાર પાસે છે.

નાણામંત્રી નિર્મલા સીતારામને કહ્યું કે અમારી સરકારમાં અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત છે, ફુગાવા નિયંત્રણમાં છે અને બેંકોની કામગીરી પણ સંતોષજનક છે.

નાણામંત્રીએ શનિવારે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટેનું બજેટ રજૂ કરતાં કહ્યું કે અમારો હેતુ લોકોની આવક અને ખરીદ ક્ષમતા વધારવાનો છે.

તેમણે કહ્યું કે સરકારે વર્ષ ૨૦૧૪-૧૯ દરમિયાન વ્યાપાર- ધંધાના કામકાજમાં મોટો ફેરફાર કર્યો છે. ચીજવસ્તુઓ અને સેવાઓ વેરા (જીએસટી) ઐતિહાસિક માળખાકીય સુધારા ગણાવતાં તેમણે કહ્યું કે આનાથી દેશ આર્થિક રીતે એકીકૃત બન્યો છે. જીએસટીનું સરળ રિટર્ન ફોર્મ એપ્રિલ ૨૦૨૦ થી રજૂ કરવામાં આવશે.

લોકસભામાં તેમના કાર્યકાળનું બીજું બજેટ રજૂ કરતી વખતે તેમણે કહ્યું કે જીએસટીએ ઇન્સ્પેક્ટર રાજને નાબૂદ કરી દીધા છે અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે મદદ કરી છે. તેમણે કહ્યું કે આને કારણે ગ્રાહકો ૧ લાખ કરોડ રૂપિયાની બચત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, જીએસટીના અમલ પછી, ભારતમાં દરેક પરિવારના માસિક ખર્ચમાં સરેરાશ ચાર ટકાની બચત થઈ છે. તેમણે ઉમેર્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં બે લાખ નવા કરદાતાઓને જીએસટીમાં ઉમેરવામાં આવ્યા છે. આ અંતર્ગત ૪૦ કરોડ રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે અને ૧૦૫ કરોડ ઇ-વે બિલ બનાવવામાં આવ્યા છે.

ભારત હવે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે એમ કહીને તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારનું દેવું કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) ના ૪૮.૭ ટકા પર આવી ગયું છે. માર્ચ ૨૦૧૪ માં તે ૫૨.૨ ટકા હતો. વર્ષ ૨૦૧૪-૧૯ દરમિયાન સરેરાશ વિકાસ દર ૭.૪ ટકાથી વધુ હતો. આ સમયગાળા દરમિયાન સરેરાશ ફુગાવો ૪.૫.. ટકા હતો. સીતારામને પોતાના બજેટ ભાષણમાં સસ્તી હોમ્સ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) અને આયુષ્માન ભારત જેવી અનેક કલ્યાણકારી યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. દરમ્યાન સૂત્રોએ કહ્યું કે આખા બજેટમાં આગામી નાણાંકિય વર્ષમાં બજેટ જોગવાઇને કારણે કેટલાને રોજગારી મળશે, કેટલી નવી રોજગારીઓની તકો ઉભી થશે તેવો ઉલ્લેખ ટાળવામાં આવ્યો હોવાનું મનાય છે. કેમ કે રોજગારીના મુદ્દે મોદી સરકાર છેલ્લાં ઘણાં સમયથી વિપક્ષોના નિશાન પર છે.

સ્વાસ્થ્ય યોજના પહેલા પાનાથી ચાલુ

કરવામાં આવશે, 'ટીબી હારેગા, દેશ જીતેગા'. સરકાર તરફથી દેશને ૨૦૨૫ સુધી ટીબી મુક્ત કરવાની કોશિષ કરવામાં આવશે.

વડાપ્રધાન જન ઔષધિ યોજના હેઠળ સેન્ટર્સની સંખ્યાને વધારવામાં આવશે.

આરોગ્ય માટે સરકારનાં પગલાં

- 'ટીબી હારેગા, દેશ જિતેગા'. ૨૦૨૫ સુધીમાં ટીબી નાબૂદ કરવાનું લક્ષ્ય
- ૬૯,૦૦૦ કરોડ આરોગ્ય ક્ષેત્ર માટે ફાળવાયા છે
- આયુષ્માન ભારત યોજનામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં આવશે

૫ લાખથી પહેલા પાનાથી ચાલુ

ટેક્સ ફ્રી કરી બાકીની ટેક્સેબલ આવક પર સ્લેબ અનુસાર ચૂકવણી કરી શકો છો. આ હેઠળ તમને ૫ લાખથી ૭.૫ લાખ સુધીની આવક પર ૧૦ ટકા, ૭.૫ લાખથી ૧૦ ટકા પર ૧૫ ટકા, ૧૦થી ૧૨.૫ લાખની આવક પર ૨૦ ટકા, ૧૫ લાખથી વધુ પર ૩૦ ટકા ભરવો પડશે. જ્યારે બીજા વિકલ્પમાં તમે ટેક્સને જૂની વ્યવસ્થા અનુસાર પસંદ કરી શકો છો. આ હેઠળ તમારી આવક ૫ લાખ રૂપિયાથી વધુ છે તો ૨.૫ લાખ સુધી આવક ટેક્સ ફ્રી રહેશે, પરંતુ તેના પરની આવક પર ટેક્સ બચાવવા માટે રોકાણ કરવું પડશે. જોકે, વિકલ્પ પસંદ કરવા માટે તમારે તમારી કંપનીને જણાવવું પડશે.

નવી શિક્ષણ નીતિ પહેલા પાનાથી ચાલુ

રૂ. ૯૯,૩૦૦ કરોડ ફાળવવાની જાહેરાત કરી છે. તેમણે માહિતી આપી હતી કે શિક્ષણ ક્ષેત્રે કૌશલ્ય વિકાસ પ્રોગ્રામ માટે ૩ હજાર કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

શિક્ષણ ક્ષેત્ર માટેની મહત્ત્વની જાહેરાતો

૧ સ્ટડી ઇન ઇન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ઇન્ડ-એસએટી એશિયા અને આફ્રિકામાં કાર્ય કરશે.

૨ નિર્મલા સીતારામણે જણાવ્યું હતું કે પછાત વર્ગના યુવાનોની ઉચ્ચ શિક્ષણ સુધી પહોંચ વધારવા માટે પણ કામગીરી કરવામાં આવશે.૩ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ડીગ્રી કક્ષાની ઓનલાઈન યોજના શરૂ કરવામાં આવશે. નાણાં પ્રધાને કહ્યું કે આ માટે દેશની ટોચની ૧૦૦ સંસ્થાઓમાં જ આ સુવિધા આપવામાં આવશે.

૪ નાણામંત્રી નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની દરખાસ્ત પણ કરી. તેમજ ડોકટરોની અછતને પહોંચી વળવા માટે દરેક જિલ્લા હોસ્પિટલ સાથે મેડિકલ કોલેજ બનાવવામાં આવશે.

૫ બજેટમાં એવી ઘોષણા કરવામાં આવી હતી કે જિલ્લા કક્ષાએ મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકાર PPP મોડેલ અપનાવશે.

૬ યુવાન ઇજનેરોને સ્થાનિક સંસ્થાઓમાં કામ કરવા માટે ઇન્ટર્નશીપ સુવિધા આપવામાં આવશે. નાણાં પ્રધાને કહ્યું કે શિક્ષકો, નર્સો અને પેરામેડિકલ સ્ટાફની વિશાળ અછત છે.

દેશમાં નવા પહેલા પાનાથી ચાલુ

પ્રમાણમાં મેડિકલ ઉપકરણો પણ બનાવવામાં આવશે. સાથે જ નેશનલ ટેકનિકલ ટેક્સટાઈલ મિશન બનાવવામાં આવશે, જેમાં ૧૪૮૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. એક્સપોર્ટર્સને ડિજિટલ રિફંડની સુવિધા મળશે, જે માટે દરેક જિલ્લામાં એક્સપોર્ટ હબ હોવું જોઈએ.

કૃષિ ઉડાનની જાહેરાતઃ હવે વિમાનથી ખેડૂતોનો માલ જશે

ખેડુતો પર ઓળઘોળ થઈ મોદી સરકારઃ અન્નદાતા હવે બનશે ઉર્જાદાતા

● ખેડૂતોની આવક બમણી કરવા સરકાર કટિબધઃ નાણાંમંત્રી

● મધ્યમ અને ગરીબ એવા દેશભરના ૬.૧૧કરોડ ખેડૂતોને આર્થિક લાભ આપવાનું લક્ષ્ય

● કુસુમ યોજના માટે સરકારની મોટી જાહેરાત, સોલર પંપ માટે ૬૦% રકમ આપશે મોદી સરકાર

● ૨૦૨૦-૨૧ માટે કૃષિ લોનનું લક્ષ્યાંક ૧૫ લાખ કરોડ,૧૧ કરોડ ખેડૂતોને પાક વીમા યોજના હેઠળ લવાશે

ન્યુ દિલ્હી

મોદી સરકારના બીજા કાર્યકાળનું બજેટ રજૂ કરવામાં આવી રહ્યું છે. નિર્મલા સીતારમને જણાવ્યું છે કે, અમારી સરકારમાં દ્વારા ખેડૂતો માટે મોટી યોજનાઓ લાગુ કરવામાં આવી છે. સરકાર દ્વારા કૃષિ યોજનાને લાગુ કરવામાં આવી છે વડાપ્રધાન પાક વીમા યોજના હેઠળ કરોડો ખેડૂતોને લાભ પહોંચાડવામાં આવ્યો છે. અન્નદાતા હવે ઉર્જાદાતા બનાવાની જાહેરાત કરતા કહ્યું કે વિવિધ યોજનાઓ થકી ૨૦૨૨ સુધી ખેડુતોની આવક બમણી કરવાનું સરકારે લક્ષ્ય નિર્ધારીત કર્યું છે.

ખેડૂતો માટે મોટી જાહેરાત કરતા નિર્મલા સીતારમને જણાવ્યું કે, અમારી સરકાર ખેડૂતો માટે કેટલીક જાહેરાત કરે છે જેનાથી ખેડૂતોના ફાયદો થશે. જેના માટે ૧૬ એક્શન પ્લાન તૈયાર કરાયા છે. અમે સસ્ટેનેબલ ક્રોપિંગ પેટર્ન પર કામ કરી રહ્યા છીએ. તેઓએ કહ્યું અમારૂં ખાસ ફોકસ દલહન પર છે. ખેડૂતોને પીએમ કિસાન યોજનાનો લાભ મળી રહ્યો છે. આ ઉપરાંત પીએમ કુસુમ યોજના દ્વારા ૨૦ લાખ ખેડૂતોને સોલાર પંપની ફાળવણી કરવામાં આવશે અને ૧૦૦ દુષ્કાળગ્રસ્ત જિલ્લાના વિકાસ પર કાર્ય થશે. ૨૦૧૯-૨૦માં આ ક્ષેત્રમાં ૧૩૦૪૮૫ કરોડના બજેટને વધારી ૨૮૩૦૦૦ કરોડ કર્યું છે.

૧. મોર્ડન એગ્રીકલ્ચર લેન્ડ એક્ટને રાજ્ય સરકારો દ્વારા લાગુ કરાવવો.
૨. ૧૦૦ જિલ્લાઓમાં પાણીની વ્યવસ્થા માટે મોટી યોજના ચલાવવામાં આવશે જેથી કરીને ખેડૂતોને પાણીની મુશ્કેલી ન પડે.
૩. પીએમ કુસુમ સ્કીમ દ્વારા ખેડૂતોના પંપને સોલર પંપ સાથે જોડવામાં આવશે. જેમાં ૨૦ લાખ ખેડૂતોને યોજના સાથે જોડાશે. આ ઉપરાંત ૧૫ લાખ ખેડૂતોના ગ્રિડ પંપને પણ સોલર સાથે જોડાશે.
૪. ફર્ટિલાઈઝરનો બેલેન્સ ઉપયોગ કરવો, જેથી કરીને ખેડૂતોને પાકમાં ફર્ટિલાઈઝરના ઉપયોગની જાણકારી વધારી શકાય.
૫. દેશમાં રહેલા વેર હાઉસ, કોલ્ડ સ્ટોરેજ,ને નબાર્ડ પોતાના અંડરમાં લેશે અને નવી રીતે તેને ડેવલપ કરાશે. દેશમાં હજુ વધુ વેર હાઉસ અને કોલ્ડ સ્ટોરેજ બનાવવામાં આવશે. તે માટે પીપીપી મોડલ અપનાવવામાં આવશે.
૬. મહિલા ખેડૂતો માટે ધન્ય લક્ષ્મી યોજનાની જાહેરાત જે હેઠળ બીજ સંબંધિત યોજનાઓમાં મહિલાઓને મુખ્ય રીતે જો ડવામાં આવશે.
૭. દૂધ, માછલી, સહિત ખરાબ થઈ જતી વસ્તુઓ માટેની યોજનાઓ માટે રેલવે દોડાવવામાં આવશે.
૮. ખેડૂતો પ્રમાણે વન પ્રોડક્ટ-વન ડિસ્ટ્રીક્ટ યોજના પર ફોકસ કરાશે.
૯. કૃષિ ઉડાણ યોજના શરૂ કરાશે. ઈન્ટરનેશનલ, નેશનલ રૂટ પર આ યોજનાને શરૂ કરાશે.
૧૦. જૈવિક ખેતી દ્વારા ઓનલાઈન માર્કેટ વધારાશે.
૧૧. કિસાન ક્રેડિટ કાર્ડ યોજનાને ૨૦૨૧ માટે વધારવામાં આવશે.
૧૨. દૂધના પ્રોડક્શનને વધારવા માટે સરકાર તરફથી યોજના ચલાવવામાં આવશે. ૨૦૨૫ સુધીમાં દૂધનું ઉત્પાદન બમણું કરવાનો લક્ષ્યાંક.
૧૩. મનરેગાની અંદર ચારાગાહને પણ જોડાશે.
૧૪. બ્લ્યુ ઈકોનોમી દ્વારા માછલી પાલનને પ્રોત્સાહન અપાશે. ફિશ પ્રોસેસિંગને પ્રોત્સાહન અપાશે.
૧૫. યુવા અને મત્સ્ય વિસ્તાર ઉપર પણ કામ કરાશે.
૧૬. ખેડૂતોને અપાતી મદદને દીન દયાળ યોજના હેઠળ વધારવામાં આવશે.
૧૭. કૃષિ અને સંલગ્ન વિભાગો માટે ૩ લાખ કરોડની ફાળવણી

૬ લાખ આંગણવાડી બહેનોને અપાશે મોબાઈલ ફોન

મહિલાઓ માટે માતા-બનવાની ઉંમર નક્કી કરશે સરકારઃ ૬૦૦૦ કરોડ ફાળવાયા

ગ્રામપંચાયતોને ભારતનેટ યોજના અંતર્ગત ૬૦૦૦ કરોડ ફાળવ્યા

ન્યુ દિલ્હી

નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા બજેટ ૨૦૨૦-૨૧માં મહિલઓ માટે અગત્યની જાહેરાત કરવામાં આવી છે. જેમાં મહિલાઓની માતા- બનવાની ઉંમર નક્કી કરવા અંગેની સરકારે જાહેરાત કરી છે આ માટે સરકારે રૂા. ૬૦૦૦ કરોડની જાહેરાત કરી છે. મહિલાઓથી જોડાયેલી સુવિધાઓ માટે ૨૮ હજાર ૬૦૦ કરોડ ફાળવ્યા. ૩૫ હજાર ૬૦૦ કરોડ પોષાહાર યોજનાઓ માટે ફાળવ્યા.

આ વખતનું બજેટમાં મહિલઓને ખાસ ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યુ છે. બાળમૃત્યુ દર અને માતા મૃત્યુદર ઘટાડવા માટે સરકાર મહિલાઓની માતા બનવાની નક્કી કરવામાં આવશે. મહિલાઓથી જોડાયેલી સુવિધાઓ માટે ૨૮ હજાર ૬૦૦ કરોડ ફાળવ્યા. ૩૫ હજાર ૬૦૦ કરોડ પોષાહાર યોજનાઓ માટે ફાળવ્યા.

ગર્ભવતી મહિલાઓ અને જન્મનાર બાળકોની સુરક્ષા માટે જ ખાસ ૧ લાખથી વધુ ગ્રામપંચાયતને ઓપ્ટિકલ ફાયબરથી જોડવામાં આવશે. આ માટે સરકારે રૂા. ૬૦૦૦ કરોડથી વધુ રૂપિયા ફાળવ્યા છે.

બેટી પઢાઓ, બેટી બચાઓ - બેટી બચાઓ બેટી પઢાયો પ્રોગ્રામને સફળ બનાવવા માટે આ યોજનાને લંબાવવામાં આવી છે.

માતા બનવાની ઉંમર થશે નક્કી - મહિલાઓની માતા બનવાની ઉંમર સરકાર નક્કી કરશે. મહિલાના પ્રસુતી વખતે માતા અને બાળકોના મૃત્યુદર ઘટાડવા માટે આ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. જેથી સગર્ભા મહિલાઓનો મૃત્યુદર અને જન્મવખતે બાળ મૃત્યુદર ઘટાડી શકાય,

ટાસ્ક ફોર્સનું કરાશે ગઠન

મહિલાની માતા-બનવાની ઉંમર નક્કી કરવા બાબતે સરકાર ટાસ્કફોર્સ બનાવી ૬ મહિના પછી આ મુદ્દે રિપોર્ટ તૈયાર કરશે.

૬ લાખ આંગણવાડી મહિલાઓને સ્માર્ટફોન

૧૦ કરોડ પરિવારોના પોષણની જાણકારી માટે ૬ લાખથી વધુ આંગણવાડી મહિલાઓને સ્માર્ટફોન આપવામાં આવશે.

૧.૦૫ લાખ કરોડ રૂપિયા રોકાણનો ટાર્ગેટ

એલઆઈસીમાં સરકાર પોતાનો હિસ્સો વેચવા આઈપીઓ લાવશે

ન્યુ દિલ્હી

નાણા મંત્રી નિર્મલા સીતારમણએ બજેટ માં એલઆઈસીને લઈને મોટી જાહેરાત કરી. નાણા મંત્રીએ કહ્યું કે સરકાર દેશની સૌથી મોટી ઈન્સ્યૂરન્સ કંપની ભારતીય જીવન વીમા નિગમ માં પોતાની હિસ્સેદારી વેચશે. તેના માટે ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ (IPO) લાવવામાં આવશે. નાણા મંત્રીએ કહ્યું કે, સરકાર આઈપીઓ દ્વારા એલઆઈસીમાં પોતાના શેરનો હિસ્સો વેચવાનો પ્રસ્તાવ કર્યો છે. સરકાર એલઆઈસીમાં પોતાની હિસ્સેદારી વેચીને પૈસા એકત્ર કરશે.

નાણા મંત્રીએ બજેટ ૨૦૨૦-૨૧ રજૂ કરતાં કહ્યું કે સરકાર એલઆઈસીમાં પોતાની જવાબદારી આઈપીઓ દ્વારા વેચશે. હાલ, ભારતીય જીવન વીમા નિગમમાં સરકારની હિસ્સેદારી ૧૦૦ ટકા છે. સરકારની ડિસઈન્વેસ્ટમેન્ટ નીતિ હેઠળ એલઆઈસીનું લિસ્ટિંગ થશે.

સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં ૧.૦૫ લાખ કરોડ ડિસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્ય રાખ્યો છે. બીજી તરફ, નાણાકીય વર્ષ ૨૦૨૧માં ડિસઈન્વેસ્ટમેન્ટનું લક્ષ્ય ૨.૧ લાખ કરોડ રૂપિયા છે. હાલ નાણાકીય વર્ષમાં સરકારે અત્યાર સુધી ૧૮,૦૯૪.૫૯ કરોડ રૂપિયા ડિસઈન્વેસ્ટમેન્ટ કર્યું છે.

આઈડીબીઆઈ બેંકનો પણ હિસ્સો વેચશે સરકાર

સરકાર આઈડીબીઆઈ બેંકનો બચેલો હિસ્સો વેચવાની તૈયારી કરી રહી છે. એલઆઈસી દેશની સૌથી મોટી જીવન વીમા કંપની છે. લગભગ ૨ દશકોમાં ખાનગી વીમા કંપનીઓ તેને ટક્કર આપવાનો પ્રયાસ કરી રહી છે. તેમ છતાંય તેની બાદશાહી કાયમ છે. માનવામાં આવી રહ્યું છે કે જો આ કંપનીનો શેર બજારમાં લિસ્ટ કરવામાં આવશે તો તેમાં રોકાણકારોનો ખાસ રસ હશે. શેર બજારમાં લિસ્ટ થયા બાદ તે માર્કેટ કેપના હિસાબથી ટૉપ કંપનીઓમાં સામેલ થઈ જશે.

દેશના સંરક્ષણ બજેટમાં ૬ ટકાનો વધારો, ૩.૩૭ લાખ કરોડ ફાળવાયા

સરહદ પર ચીન અને પાકિસ્તાન જેવા દેશો સામે ભારતે મોરચો સંભાળીને રહેવુ પડે છે. આ સંજોગોમાં દરેક બજેટમાં સરકાર ડિફેન્સ પાછળ કેટલી રકમ ફાળવે છે તેના પર બધાની નજર રહેતી હોય છે. નાણા મંત્રીએ આજે રજૂ કરેલા બજેટમાં દેશના ડિફેન્સ સેક્ટર માટે ફાળવાતી રકમમાં ગત વર્ષની સરખામણીએ ૬ ટકાનો વધારો કરાયો છે.આ વખતે સંરક્ષછણ માટે ૩.૩૭ લાખ કરોડ રૂપિયા ફાળવાયા છે. જે ગયા વર્ષે ૩.૧૮ લાખ કરોડ હતુ. આમ સંરક્ષણ બજેટમાં ૬ ટકાનો વધારો કરાયો છે. જો તેમાં નિવૃત્ત થયેલા જવાનોને અપાતા પેન્શનને ઉમેરવામાં આવે તો આ બજેટ ૪.૭ લાખ કરોડ પર પહોંચ્યુ છે. બજેટમાં હથિયારોની ખરીદી અને મોર્ડનાઈઝેશન માટે ૧.૧૦ લાખ કરોડ રુપિયાની ફાળવણી કરવામાં આવી છે.

સરકાર સાર્વજનિક સંસ્થાઓના વારસાને ખતમ કરી રહી છેઃ મમતા બેનર્જી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અને સરકારી કંપનીઓમાં ડિસઈન્વેસ્ટમેન્ટને લઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તેઓએ મોદી સરકાર પર નિશાન સાધતા કહ્યું કે સરકાર સાર્વજનિક સંસ્થાઓની વારસાને ખતમ કરી રહી છે. તેઓએ ટ્વિટ કરીને કહ્યું કે, 'હું જાહેર સંસ્થાઓની ધરોહર અને વારસાને ટાર્ગેટ બનાવવા પર કેન્દ્ર સરકારની યોજનાઓને લઈને હેરાન છું. આ સુરક્ષાની ભાવનાનો અંત છે. શું આ એક યુગનો અંત છે.'

બૅન્કિંગ વ્યવસ્થામાં રોજગાર

હાલમાં અલગ-અલગ સરકારી બૅંક દ્વારા સ્વતંત્ર રીતે અલગ-અલગ પરીક્ષા લેવામાં આવે છે, જેના કારણે ઉમેદવારોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને તેમનો ખર્ચ વધી જાય છે. આ સિવાય ઘણી વખત એક જ દિવસે કે એક જ સમયે અલગ-અલગ પરીક્ષાઓ આયોજિત થતી હોય તો અમુક પરીક્ષામાં ભાગ લઈ શકતા નહતા. આવું ન થાય તે માટે એકીકૃત રિક્રૂટિંગ બોર્ડ ઊભું કરાશે. જે સરકારી બૅંકોમાં નૉન-ગેઝેટેડ પદો માટે ભરતી કરશે. આ રિક્રૂટમૅન્ટ સંસ્થા સ્વતંત્ર રીતે ભરતીપ્રક્રિયા હાથ ધરશે, જે ઑનલાઇન કૉમન ટેસ્ટ લેશે. આ માટે દરેક જિલ્લામાં એક કેન્દ્ર ઊભું કરાશે.

સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન

સ્ટાર્ટઅપ્સ સિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે ટેક્સમાં રાહત. નફા ઉપર ૧૦૦ ટકા રાહત માટે કુલ ટર્નઓવરની મર્યાદા ૨૫ કરોડથી વધારીને રૂ.૧૦૦ કરોડ કરાઇ. વિદેશી સરકારો અને અન્ય વિદેશી રોકાણની સોવરિન ફંડની માટે ટેક્સ રાહતની જાહેરાત

પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧.૭ લાખ કરોડની જાહેરાત

વર્ષ ૨૦૨૪ સુધી દેશને મળશે ૧૦૦ નવા એરપોર્ટ

ન્યુ દિલ્હી

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે આજે બજેટ રજૂ કર્યું. બજેટમાં ઉડાન યોજના હેઠળ વર્ષ ૨૦૨૪ સુધી દેશમાં ૧૦૦ એરપોર્ટ તૈયાર કરવાની જાહેરાત કરાઈ છે.

નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ૧.૭ લાખ કરોડ રૂપિયાનું ફંડ નક્કી કરવામાં આવ્યુ છે. આ સિવાય સરકાર અંગત કંપનીઓ સાથે મળીને પીપીપી મોડ હેઠળ ૧,૧૫૦ ટ્રેન ચલાવવા પર વિચાર કરી રહી છે.

અંગત સેક્ટર દ્વારા ચાર રેલવે સ્ટેશનોનો પુનર્વિકાસ કરવામાં આવશે. પર્યટનના મુખ્ય સ્થળોને તેજસ જેવી ટ્રેનોથી જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

બિન ગેજેટ વાળા પદો માટે નવી ભરતીની પરીક્ષાની શરૂઆત કરાશે. આ માટે દરેક જિલ્લામાં ટેસ્ટ સેન્ટરની સ્થાપના કરવામાં આવશે.

નાણામંત્રીએ રાષ્ટ્રીય ભરતી એજન્સીની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો. આ એજન્સી જ દરેક જિલ્લામાં બિન ગેજેટવાળા પદો માટે ભરતી પરીક્ષાનું આયોજન કરવાની છે. આ માટે ઈચ્છુક ઉમેદવારોએ માત્ર એક જ પરીક્ષા માટે તૈયારી કરવાની રહેશે.

આ બજેટ અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત કરવાનું કામ કરશેઃ મોદી

ન્યુ દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે અત્યાર સુધીનુ સૌથી લાંબુ બજેટ ભાષણ આપ્યું હતું. અંદાજિત પોણા ત્રણ કલાક ભાષણમાં નિર્મલાએ કેટલીક નવી યોજનાઓનું એલાન કર્યું છે, સાથે જ તેમણે ટેક્સ સ્લેબમાં મોટા ફેરફારની વાત કરી. સામાન્ય બજેટ રજૂ થયા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશને સંબોધિત કર્યો. તેમણે કહ્યું કે આ દાયકા પહેલા બજેટ માટે, જેમાં વિઝન પણ છે, એક્શન પણ છે, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને તેમની ટીમને ખુબ-ખુબ શુભેચ્છા આપું છું. બજેટ બાદ પીએમ મોદીએ દેશને સંબોધિત કર્યો હતો. જેમાં તેમણે કહ્યું કે, આ દાયકા પહેલા બજેટ માટે, જેમાં વિઝન પણ છે, એક્શન પણ છે, નાણામંત્રી નિર્મલા સીતારમણ અને તેમની ટીમને ખુબ-ખુબ શુભેચ્છા આપું છું. બજેટ મુદ્દે પીએમ મોદીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે, સરકારનું લક્ષ્ય ખેડૂતોની આવક બમણી કરવાનું છે. યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થશે, ગ્રામ્ય ક્ષેત્રોમાં રોજગારી વધશે. પીએમ મોદીએ બજેટના વખાણ કર્યા છે. પીએમએ કહ્યું કે, બજેટમાં ૧૬ એક્શન પોઈન્ટ છે. મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન અપાયું છે. આર્થિક સુધાર માટે નવા પગલા ઉઠાવાયા છે.

બજેટ-૨૦૨૦ મોદી સરકાર ગુજરાત પર ઓળઘોળ

લોથલમાં મેરિટાઈમ મ્યુઝિયમ અને કચ્છના ધોળાવીરામાં આર્કિયોલોજીકલ સાઈટ રિડેવલપ કરાશે

ભારતમાં સોનાના ભાવ હવે ગિફ્ટ સિટીમાંથી નક્કી થશે, દેશનું પહેલું બુલિયન એક્સચેન્જ ગુજરાતમાં બનશે

ન્યુ દિલ્હી

ભારતના બજેટ ૨૦૨૦માં ગુજરાત માટે ખાસ પેકેજ જાહેર કરવામાં આવ્યા છે. ધોળાવીરા, બુલેટ ટ્રેનને અંગે પણ ખાસ પેકેજ જાહેર કરાયા. વળી ગુજરાત મોડેલથી રાજ્યમાં રક્ષાશક્તિ અને ફોરેન્સિક યુનિવર્સિટીઓ વિકસાવવાની પણ તૈયારીઓ કરવામાં આવી છે. નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ એવા ગાંધીનગરની ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ ઉપરાંત ગોલ્ડ રિફાઈનિંગ અને ટેસ્ટિંગ લેબ શરૂ કરવાની જાહેરાત કરી છે. અમદાવાદના લોથલમાં મેરિટાઈમ મ્યુઝિયમ બનાવવાની તથા કચ્છ જિલ્લામાં આવેલા ધોળાવીરાને આર્કિયોલોજીકલ સાઈટ તરીકે રિડેવલપ કરાશે.

બુલેટનું કામ બુલેટની ગતિથી

મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનનું કામ યુધ્ધના ધોરણે વધારવાની જાહેરાત કરવામાં આવી છે આ માટે ખાસ પેકેજ પણ જાહેર કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં ટુરિઝમ વિકાસ માટે ખાસ પેકેજ

ગુજરાતમાં ટુરિઝમના વિકાસ માટે પણ બજેટમાં ખાસ જાહેરાત કરવામાં આવી છે જે અંતર્ગત ઐતિહાસીક સ્થળો અને પુરાતત્વ ખાતા માટે ખાસ યોજનાઓ જાહેર કરવામાં આવી છે.

કલ્ચર મ્યુઝિમની જાહેરાત

ગુજરાતમાં સાંસ્કૃતિક મ્યુઝમની અંગે પણ બજેટમાં જાહેરાત કરાઈ છે. આ માટે ગુજરાતનું ધોળાવીરા સામેલ છે.

દરિયાઈ મ્યુઝિમની તૈયારી

દ્વારકામાં અન્ડર વોટર મ્યુઝિમ બનાવવા અંગે પણ સરકારી બજેટમાં અગત્યની જાહેરાત છે

ગુજરાત મોડેલ તરીકે રજૂ કરાયુ

રાજ્ય પોલીસ અને ફોરેન્સિક સાયન્સને મજબૂત બનાવવા માટે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષાશક્તિ યુનિવર્સિટી શરૂ કરી હતી. જેને આગળ ધપાવવા માટે નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ બનેલી કેન્દ્ર સરકારના નાણાંમંત્રીએ આજે ગુજરાત પેટર્નથી દેશના અન્ય રાજ્યોમાં પણ આતંકવાદ અને ઘૂસણખોરી અને સાયબર ક્રાઈમને નાથવા માટે ફોરેન્સિક યુનિવર્સિટી અને પોલીસ યુનિવર્સિટી શરૂ કરવાની જાહેરાત કરી છે.

દેવાળિયા સરકારનું દેવાળિયા બજેટઃ અખિલેશ યાદવ

લખનૌ

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે શનિવારે બીજુ સામાન્ય બજેટ સદનમાં રજૂ કર્યુ. મોદી સરકારના ૨.૦ના બીજા બજેટ પર વિપક્ષ જોરદાર પ્રહાર કરી રહ્યા છે. ઉત્તર પ્રદેશના પૂર્વ સીએમ અખિલેશ યાદવે કહ્યુ કે આ દેવાળિયા સરકારનું દેવાળિયુ બજેટ છે. બીજેપી અર્થવ્યવસ્થાને લઈને નાકામ છે. યુપીમાં બીજેપીની સરકાર છે પરંતુ ઈન્વેસ્ટમેન્ટ લાવવાના નામે કંઈ નહોતુ. રોજગારી કેવી રીતે આવશે, મોદી સરકાર બેરોજગારીના મુદ્દા કેવી રીતે દૂર કરશે. આ બજેટ આંકડાની જાળ હતુ. જેથી અન્ય મુદ્દાઓ પરથી ધ્યાન હટાવી શકાય.

ઉદ્યોગો-વેપારના નિકાસ માટે ઓનલાઈન કૃષિબજાર

'ઈ-નામ' અને 'જેમ' માટે ૨૭૩૦૦ કરોડની ફાળવણી

ન્યુ દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં મોદી સરકારનું બીજુ બજેટ રજૂ કરતાં જણાવ્યુ હતુકે, ઉદ્યોગો તેમજ વેપારના વિકાસ માટે ઓનલાઈન કૃષિબજાર 'ઈ-નામ' અને સરકારી ખરીદ પોર્ટલ 'જેમ' માટે ૨૦૨૦-૨૧માં ૨૭,૩૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

ઈ-નામ એ ઈલેક્ટ્રોનિક કૃષિ પોર્ટલ છે જે ભારતભરની કૃષિ પેદાશ માર્કેટિંગ સમિતિને એક નેટવર્કમાં જોડવાનું કામ કરે છે. તેનો મુખ્ય ઉદ્દેશ તમામ કૃષિ ઉત્પાદનો માટે એકીકૃત બજાર પ્રદાન કરવાનું છે.

ઈ-નામ દ્વારા તમામ કૃષિ માર્કેટિંગ સમિતિઓ દ્વારા લીધેલા બધા જ નિર્ણયો એક જગ્યાએ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આમાં, કૃષિ પેદાશોના સંદર્ભમાં ખરીદેલી અને વેચાયેલા માલની જાણકારી, વેપારમાં આપવામાં આવતી ઓફર અને આવનારી વસ્તુઓની જાણકારી અને તેમની કિંમતો વિશેની માહિતી આપવામાં આવે છે.

ઈતિહાસનું સૌથી લાંબુ બજેટ ભાષણ ખોખલું, તેમાં કંઈ પણ નહોતું: રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી

કોંગ્રેસને નાણા વર્ષ ૨૦૨૦-૨૧ માટે રજુ કરવામાં આવું સામાન્ય બજેટને લઈને નાણાંમંત્રી નિર્મલા સીતારમણે લાંબુ લચક ભાષણ આપ્યું છે. જોકે તે બજેટ સંબંધિત ગણિતમાં સ્પષ્ટતા કરવામાં અસફળ રહ્યા છે. જોવા જઈએ તો આ બજેટ નિરાશાજનક રહ્યું છે. ત્યારે રાહુલ ગાંધી સહિત કોંગ્રેસના નેતાઓએ પ્રતિક્રિયા આપી છે.

બજેટને લઈને વિપક્ષ અને સત્તાધારી પક્ષની પ્રતિક્રિયા આવવાની શરૂ થઈ ગઈ છે. બજેટ પર રાહુલ ગાંધીએ કહ્યું કે, મુખ્ય મુદ્દો બેરોજગારીનો છે. મેં એવો કોઈ રણનિતીર વિચાર જોયો નહી જેનાથી આપણાં યુવાનોને બેરોજગારી મળે. મેં વ્યૂહાત્મક બાબતો જોઈ પરંતુ કોઈ કેન્દ્રીય વિચાર નહોતો. આ સારી રીતે સરકારનું વર્ણન કરે છે. ખુબ પુનરાવર્તન છે, બજેટ ભાષણમાં સરકારની માનસિકતા જોઈ, દરેક વાતો કરી રહ્યાં છે પરંતુ કંઈ પણ નથી થઈ રહ્યું. કદાચ આ ઈતિહાસનું સૌથી લાંબું બજેટ ભાષણ હતું, પરંતુ તેમાં કંઈ નહોતું, આ ખોખલું હતું.

સ્મૃતિ ઈરાનીએ આ બજેટને ઐતિહાસિક ગણાવ્યું - ત્યારે સ્મૃતિ ઈરાનીએ આ બજેટને ઐતિહાસિક ગણાવ્યું હતું. મધ્યમ વર્ગને રાહત આપવા માટે નાણામંત્રીને નિર્મલા સીતારમણનો આભાર માન્યો.

રક્ષા મંત્રી રાજનાથ સિંહ:- રક્ષા મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, બજેટ નવા અને આત્મવિશ્વાસી ભારતની રૂપરેખા આપે છે. આ બજેટ આગામી વર્ષોમાં દેશને સ્વસ્થ અને સમૃદ્ધ બનાવશે. કારણ કે, બજેટમાં બધા જ વર્ગોના કલ્યાણ અને વિકાસ પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમાં ખેડૂતો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ:- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે, વડાપ્રધાન મોદી અને નાણા મંત્રી નિર્મલા સીતારમણે ખેડૂતોના હિતમાં બનાવવામાં આવેલ બજેટ માટે આભાર વ્યક્ત કરું છું.

કેજરીવાલ:- બજેટ પર મુખ્યપ્રધાન કેજરીવાલે કહ્યું કે આ બજેટથી જો કોઈ સૌથી વધુ નિરાશ થયું હોય તે તે છે દિલ્હી. કેજરીવાલે બજેટ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, દિલ્હીની બજેટથી ખૂબ જ આશાઓ હતી, પરંતુ દિલ્હીની સાથે ફરી વખત સાવકો વ્યવવહાર કરવામાં આવ્યો છે.

કપિલ સિબ્બલ:- કૉંગ્રેસના વરિષ્ઠ નેતા કપિલ સિબ્બલે કહ્યું કે, મને ખુશી છે કે નાણા મંત્રીએ સ્વીકાર્યું કે રાજકોષીય ખોટ ૩.૮% છે. તેમણે દેશને એ પણ જણાવવું જોઈતું હતું કે જો તમે યૂનિયન અને રાજ્યોની ખોટ જોડો તો તે ૮%થી વધુ છે, જે દેશ માટે ચિંતાની સ્થિતિ છે.

સીતારામ યેચુરી:- માકપા નેતા સીતારામ યેચુરીએ કહ્યું- જ્યાં સુધી મોદી સરકારના મંત્રી અને ભાજપ નેતા ભારતીય સમાજને નષ્ટ કરવા માટે કામ કરશે, ત્યાં સુધી દેશમાં કોઈ પણ આર્થિક પુમરુત્થાન નહી થઈ શકે.

આરજેડી:- 'ગોળી મારો..'નો નારો આપનારા નાણા રાજ્યમંત્રી આજે દેશને જણાવી રહ્યા છે કે બજેટ 'સૌનો સાથ, સૌનો વિકાસ'વાળો છે.

બજેટમાં મોદી સરકારના ડિજીટલ ઈન્ડિયાના સપનાને ઠેંગો...!!

ન્યુ દિલ્હી

મોદી સરકાર આમ તો ડિજીટલ ઈન્ડિયાની વાતો કરે છે પરંતુ બજેટમાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે ડિજીટલ ઈન્ડિયાને વેગ આપવા કોઈ મોટું એલાન ન કર્યું. નાણાપ્રધાને ખાનગી ક્ષેત્રના સહયોગથી દેશમાં ડેટા સેન્ટર પાર્કની સ્થાપના અને ક્વોન્ટમ ટેકનોલોજી પાછળ ૮૦૦૦ કરોડના ખર્ચની વાત કહી. પરંતુ તે પણ પાંચ વર્ષ માટે.

મોદી સરકાર વાત તો ન્યૂ ઈન્ડિયાની કરે છે પરંતુ બજેટમાં ડિજીટલ ઈન્ડિયાને પ્રોત્સાહન માટે કોઈ ખાસ જાહેરાત થઈ નથી. આશા સેવાઈ રહી હતી કે લોકો ડિજીટલ પેમેન્ટ સિસ્ટમનો વધુને વધુ ઉપયોગ કરે તે માટે કોઈ મોટું એલાન થશે પરંતુ આવું કંઈ પણ થયું નહીં. નાણાપ્રધાને બજેટમાં કહ્યું કે ન્યૂ ઈકોનોમી ઈનોવેશન અને ટેકનોલોજી પર આધારિત છે. આજના સમયમાં ડેટાને ન્યૂ ઓઈલ કહેવામાં આવે છે. ત્યારે દેશભરમાં ડેટા સેન્ટર પાર્ક બનાવાશે. જેમાં તમામ સાર્વજનીક સંસ્થાઓનો ડેટા હશે. સરકારે આ કામ માટે ભારત નેટ પ્રોગ્રામ અંતર્ગત ૬ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી.

નાણાપ્રધાને તે વાતનો પણ ઉલ્લેખ કર્યો કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ જેવી ટેકનોલોજીના કારણે દુનિયા બદલી રહી છે. તેથી જ આગામી પાંચ વર્ષમાં ક્વોન્ટમ ટેકનોલોજીના વિકાસ માટે ૮૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી.ક્વોન્ટમ એક એવી ટેકનોલોજી છે કે જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી પણ આગળ પડતી છે. ટેકનોલોજીની દુનિયામાં ઘણા સમયથી ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ પર કામ ચાલી રહ્યું છે. ભૌતિક વિજ્ઞાનના ક્વોન્ટમ સિદ્ધાંત પર કામ કરનારી આ કોમ્પ્યુટિંગમાં અપાર સંભાવનાઓ છે. રિસર્ચ માટે આ એક સૌથી સારો વિકલ્પ છે. સંપૂર્ણ રીતે ડેવલપ થયેલું ક્વોન્ટમ કોમ્પ્યુટર સુપર કોમ્પ્યુટર કરતા પણ વધુ તાકાતવાન હશે.

ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ ટેકનોલોજીની મદદથી ડેટા અને ઈન્ફોર્મેશનને ઓછા સમયમાં પ્રોસેસ કરી શકાય છે. આ ટેકનોલોજીની મદદથી કોમ્પ્યુટિંગ સાથે જોડાયેલા ટાસ્ક ટુંકા સમયમાં પૂર્ણ કરી શકાય. વર્તમાન ટેકનોલોજીથી આ પ્રોસેસમાં એક વર્ષ જેટલો સમય લાગી શકે છે. આ નવા પ્રોસેસરની મદદથી નવી દવાઓની શોધથી લઈને શહેરોના મેનેજમેન્ટ તથા ટ્રાન્સપોર્ટનું કામ સરળ બની જશે.

નાગરિકતા કાયદા પર શંકાઓ દૂર કરશે: પ્રસાદ

શાહીન બાગ પ્રદર્શનકારીઓ સાથે વાત કરવા માટે તૈયાર મોદી સરકાર

ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન એકટની વિરૂદ્ધ પ્રદર્શન કરી રહેલા શાહીન બાગના પ્રદર્શનકારીઓ સાથે વાત કરવા માટે મોદી સરકાર તૈયાર છે. કેન્દ્રીય કાયદામંત્રી રવિશંકર પ્રસાદે પોતાની એક ટ્વીટમાં આ વાતના સંકેત આપ્યા છે. રવિશંકર પ્રસાદનું કહેવું છે કે સરકાર લોકોની સાથે વાત કરવા માટે તૈયાર છે પરંતુ એક વ્યવસ્થિત રીતથી. દિલ્હીના શાહીનબાદમાં લગભગ ૫૦ દિવસથી નાગરિકતા સંશોધન એકટની વિરૂદ્ધ પ્રદર્શન ચાલી રહ્યું છે જે દિલ્હીની ચૂંટણીમાં મોટો મુદ્દો બની ગયો છે.

એક કાર્યક્રમમાં કેન્દ્રીય કાયદ મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે જો તમે વિરોધ કરી રહ્યા છો તો સારી વાત છેપપરંતુ તમારા લોકોનો જ્યારે અમે કોઈ અવાજ સાંભળીએ છીએ તો કહે છે કે ઝછછ જયાં સુધી પાછું નહીં લો તો વાત થશે નહીં. જો તેઓ ઈચ્છે છે કે સરકારના કોઈ પ્રતિનિધિ વાત કરે તો એક સ્ટ્રકચર હોવું જોઈએ. જો તમે કહો કે ત્યાં આવીને વાત કરો તો કેવી રીતે થશે.

ઉલ્લેખનીય છે કે દિલ્હીના શાહીનબાગમાં છેલ્લાં ૫૦ દિવસથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. અહીં હજારોની સંખ્યામાં મુસ્લિમ મહિલાઓ નાગરિકતા સંશોધન એકટ, એનઆરસીની વિરૂદ્ધ પ્રદર્શન કરી રહી છે. આ વિરોધ પ્રદર્શનના લીધે દિલ્હી-નોઈડાના રસ્તામાં રૂકાવટ ઉભી થઈ રહી છે જેના પર ભાજપની તરફથી નિશાન સાંધવમાં આવી રહ્યું છે.

નાના નિકાસકારો માટે સરકાર ઓછા પ્રીમિયમે વધુ વીમો આપનારી નિર્વિક યોજના લાવશે

સરકારે નાના નિકાસકારો માટે ઓછા પ્રીમિયમે વીમાનું વધુ કવચ પૂરું પાડનારી યોજના લાવવાનો પ્રસ્તાવ બજેટમાં રજૂ કર્યો છે. દેશમાંથી નિકાસ ઘટી રહી છે એવા સમયે આ યોજના સમયસરની હોવાનું નિકાસ ઉદ્યોગનું કહેવું છે.

નાણાપ્રધાન નિર્મલા સીતારામને શનિવારે બજેટમાં જાહેર કરેલી આ યોજનાને 'નિર્વિક' એટલે કે 'નિર્યાત ઋણ વિકાસ યોજના' નામ આપ્યું છે.

તેમણે બજેટના ભાષણમાં કહ્યું હતું કે નિકાસ માટે વધુ ધિરાણ આપી શકાય એ માટે આ યોજના લાવવામાં આવી રહી છે, જેમાં દાવાની પતાવટ માટેની કાર્યપ્રણાલી સરળ હશે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય એક્સપોર્ટ ક્રેડિટ ઈન્સ્યોરન્સ સ્કીમ નામની યોજના પણ લાવવા માટેનું કાર્ય કરી રહ્યું છે, જેમાં મુદ્દલ અને વ્યાજ મળીને થતી રકમના ૯૦ ટકા સુધીની રકમ માટે વીમાનું કવચ આપવામાં આવશે. આજની તારીખે એક્સપોર્ટ ક્રેડિટ કોર્પોરેશન ૬૦ ટકા સુધીના નુકસાનની ભરપાઈ કરવાનો વીમો પૂરો પાડે છે.

૨૨ હજાર કરોડ રૂપિયા ઉર્જા ક્ષેત્રને ફાળવ્યા

બજેટમાં જાહેરાત: વીજ ક્ષેત્રે હવે પ્રી-પેડ મીટર લગાવાશે

ન્યુ દિલ્હી

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે આવનારા સમયમાં દેશભરમાં પ્રી પેડ મીટર લગાવવામાં આવશે. આ સ્માર્ટ મીટર હશે જેની મદદથી સપ્લાયર અને રેટ પસંદ કરવાનો વિકલ્પ મળશે. બજેટમાં નાણામંત્રીએ ૨૨ હજાર કરોડ રૂપિયા ઉર્જા ક્ષેત્રને ફાળવ્યા છે.

આ યોજનાને આધારે જૂના મીટરોને ધીમે ધીમે ઘટાડી શકાશે. પ્રી પેડ મીટરની મદદથી વીજળી કંપની પસંદ કરવાની આઝાદી મળશે. આ યોજનાનું એલાન કરતાં નાણામંત્રીએ કહ્યું કે હું પણ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં જૂના મીટર બદલીને પ્રી પેડ સ્માર્ટ મીટર આવનારા ૩ વર્ષમાં લગાવવામાં આવશે. ગ્રાહક પોતાની સુવિધા અનુસાર કંપની અને રેટ પસંદ કરી શકશે. દરેકને વીજળી આપવાની દિશામાં આ મોટું પગલું છે. ડિસ્કોમમાં બદલાવ લાવવા માટે ૨૨,૦૦૦ કરોડ રૂપિયા પાવર અને અક્ષય ઉર્જાને માટે નિયમ લવાયો છે. પ્રી પેડ મીટરના પ્લાન પર કેન્દ્ર સરકાર પહેલાંથી કામ કરી રહી છે. સરકાર ૨૦૨૨ સુધી દરેક મીટરને બદલી દેવાની યોજના બનાવી રહી છે.

સ્કિલ ડેવલપમેન્ટ માટે ૩ હજાર કરોડની જાહેરાત

ન્યુ દિલ્હી

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં સ્કિલ ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપ્યું છે. સાથે જ સ્કિલ ડેવલપમેન્ટ માટે ૩ હજાર કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે, જેનાથી દેશમાં સ્કિલ ડેવલપમેન્ટ માટે ઘણાં પગલાં લેવામાં આવશે. મોદી સરકાર હંમેશાં સ્કિલ ડેવલપમેન્ટને મહત્વ આપી રહી છે અને સરકાર લોકોને આ માટે ટ્રેન કરવા કામ પણ કરી રહી છે. આ માટે સરકાર ૩ હજાર કરોડ રૂપિયા સુધીનો ખર્ચ કરશે. આ માટે સરકાર દેશના નીચલા સ્તરના લોકોને ઈટર્નશિપ આપવાનો પ્લાન કરી રહી છે, જેથી ગ્રામિણ સ્તરે લોકોના સ્કિલ ડેવલપમેન્ટ માટે ઈટર્નશિપને પ્રોત્સાહન મળશે. આ સાથે જ ઓનલાઈન કોર્સને પણ પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી લોકોને પાઠ્યપુસ્તક સિવાયનું બીજું નોલેજ પણ મળી રહેશે.

હવે ગેસ સિલિન્ડર માટે ૧૫૦૦ રૂપિયા ચૂકવવા પડશે

કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર રેકોર્ડ ૨૨૪ રૂપિયાનો વધારો

ન્યુ દિલ્હી

સામાન્ય બજેટ પહેલા કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર રેકોર્ડ ૨૨૪.૯૮ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. વેપારીઓને હવે કોમર્શિયલ ગેસ સિલિન્ડર માટે ૧૫૫૦.૦૨ રૂપિયાની ચૂકવણી કરવાની રહેશે. આ વધારવામાં આવેલ કિંમત શનિવાર સવારથી જ લાગૂ થઈ ગઈ છે.

ત્યાં જ ઘરેલૂ રસોઈ ગેસ ગ્રાહકો માટે રાહતની ખબર છે. સતત ગત પાંચ મહિનાથી ઘરેલૂ ગેસ સિલિન્ડરમાં વધતા ભાવ અટકી ગયા છે. માસિક રેટ રિવીઝનમાં ઘરેલૂ રસોઈ ગેસ (૧૪.૨ કિગ્રા) ના બજાર ભાવમાં કોઈ પણ પ્રકારનો બદલાવ કરવામાં આવ્યો નથી. એટલે કે ફેબ્રુઆરી મહિનામાં લોકોને (૧૪.૨ કિગ્રા)વાળા સિલિન્ડર ૭૪૯ રૂપિયાનો જ ભાવ મળશે. ગ્રાહકોના ખાતામાં ૨૩૮.૧૦ રૂપિયાની સબ્સિડી આવશે.

વર્તમાનમાં સરકરા એક વર્ષમાં પ્રત્યેક ઘર માટે ૧૪.૨ કિલોગ્રામના ૧૨ સિલિન્ડરો પર સબસિડી આપે છે. જો આથી વધારે સિલિન્ડર જોઈએ તો બજાર ભાવે ખરીદવાના રહશે. જોકે સરકાર દર વર્ષે ૧૨ સિલિન્ડરો પર જે સબસિડી આપ છે , તેની કિંમત પણ દર મહિને બદલાતી રહે છે. સરેરાશ આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક અને વિદેશી વિનિમય દરોમાં બદલાવ જેવી કાર્ટ સબસિડીની રકમ સૂચવવામાં આવે છે.

નિર્મલા સિતારમનના બજેટની મુખ્ય જોગવાઈઓ ઊડતી નજરે...

★ આવકવેરાના સ્લેબમાં ફેરફાર કરાયો
★ પથી ૭.૫ લાખની આવક પર ટેક્સ ૨૦ ટકાથી ઘટીને ૧૦ ટકા
★ ૭.૫ લાખથી ૧૦ લાખસુધીની આવક પરનો ટેક્સ ૨૦ ટકાથી ઘટીને ૧૫ ટકા
★ ૧૦ લાખથી ૧૨.૫ લાખ સુધીની આવક પરનો ટેક્સ ૩૦ ટકાથી ઘટાડીને ૨૦ ટકા
★ ૧૨.૫ લાખથી ૧૫ લાખની આવક સુધી ૨૫ ટકા ટેક્સ
★ ૧૫ લાખથી વધુની આવક પર કોઈ રાહત નહીં
★ ડિવિડંડ ડિસ્ટ્રીબ્યૂશન ટેક્સ નાબૂદ કરાયો
★ કોર્પોરેટ બોન્ડમાં FPIની રોકાણ મર્યાદા વધારીને ૧૫%
★ FY21માં રાજકોષીય ખાધ GDPના ૩.૫ ટકા રહેવાનું અનુમાન
★ ડિપોઝીટ વીમાની રકમ ૧ લાખથી વધારી ૫ લાખ
★ ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેંજ સ્થપાશે
★ મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોને પ્રોત્સાહન અપાશે
★ ૧૮૬૦૦ કરોડ બેંગલુરુ લોકલ ટ્રેન માટે
★ ૨૦૨૧માં ટ્રાન્સપોર્ટ ઈન્ફ્રા માટે ?૧.૭ લાખ કરોડ
★ પાવર અને રિન્યુએબલ એનર્જી માટે ?૨૨,૦૦૦ કરોડની જોગવાઈ
★ નેશનલ ગેસ ગ્રીડને ૨૭,૦૦૦ કિલોમિટર સુધી લંબાવાશે
★ ડેટા સેન્ટર પાર્ક માટે ખાનગી ક્ષેત્રને મંજૂરીની શક્યતા
★ સોલાર પંપ માટે PM કુસુમ સ્કિમ, ૨૦ લાખ ખેડૂતોને લાભ
★ નેશનલ ક્વોન્ટમ કમ્પ્યુટિંગ એન્ડ ટેકનોલોજી, ?૮૦૦૦ કરોડની ફાળવણી
★ તેજસ જેવી વધુ ટ્રેન
★ ન્યુટ્રીશન રિલેટેડ પ્રોગ્રામ માટે ૩૫,૬૦૦ કરોડની ફાળવણી
★ મહિલા સંબંધિત યોજના માટે
★ સિનિયર સિટિઝન અને દિવ્યાંગ સ્કીમ માટે ?૯૫૦૦ કરોડની જોગવાઈ
★ OBC, SC સ્કીમ માટે ?૮૫,૦૦૦ કરોડની ફાળવણી
★ ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે પગલાં ભરાશે
★ બેટી બચાઓ, બેટી પઢાવોનું સારું પરિણામ
★ ઈન્ટરનેટ કનેક્ટિવિટી માટે ૬,૦૦૦ કરોડ
★ સંપત્તિના સર્જકોનું સન્માન જાળવવામાં આવશે
★ દિલ્હીનું પ્રદુષણ દૂર કરવા ૪,૪૦૦ કરોડની જોગવાઈ
★ ગુજરાતની ધોલાવીરા સહિત ૫ આર્કેયોલોજિકલ સાઈટ્સ ડેવલપ કરાશે
★ નિકાસકારો માટે વીમાનું ઊંચું કવર
★ ટેક્સ હેરેસમેન્ટ નહીં ચલાવી લેવાય
★ નોન ગેજેટેડ પોસ્ટની ભરતી કરવા નેશનલ રિક્રૂટમેન્ટ એજન્સી
★ ટુરિઝમ માટે ?૨૫૦૦ કરોડની ફાળવણી
★ જમ્મુ-કાશ્મીર માટે ?૩૦,૭૫૭ કરોડ અને લદાખ માટે ૫,૯૫૮ કરોડની ફાળવણી
★ IDBI બેંકનો બાકીનો હિસ્સો વેચાશે
★ લોન રિસ્ટ્રક્ચરિંગથી ૫,૦૦,૦૦૦ સ્જીસ્ઈજને લાભ
★ ભંડોળ એકત્રીકરણ માટે PSBsને પ્રોત્સાહન
★ ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેંજ સ્થપાશે
★ LICમાનો સરકારનો અમૂક હિસ્સો IPO દ્વારા વેચવામાં આવશે
★ ડિવિડંડ ડિસ્ટ્રીબ્યૂશન ટેક્સ નાબૂદ કરાયો
★ દેશવાસીઓની આવક અને ખરીદશક્તિ વધારવાની નેમ
★ અર્થતંત્રના ફંડામેન્ટલ મજબૂત
★ GST દ્વારા લોકોને ?૧ લાખ કરોડનો લાભ પહોંચાડાયો
★ કોમોડિટી પર ટેક્સ ઘટ્યો
★ જીવન ધોરણ સરળ બનાવાશે
★ GST રિટર્નની સરળ પ્રણાલી દાખલ કરાશે
★ અમલદારશાહીનો અંત
★૬૦ લાખ નવા કરદાતાઓ વધ્યા, ૪૦ કરોડ વધુ રિટર્ન
★ સરકારી દેવું માર્ચ-૧૪માં ૫૨.૨% હતું તે ઘટીને ૪૮.૭% ટકા
★ ખાનગી ક્ષેત્રોને વધુ તક અપાશે
★ ૨૦૦૬થી ૨૦૧૬ સુધીમાં ૨૭.૧ કરોડ લોકોને ગરીબી રેખાથી બહાર લવાયા
★ કિસાનો માટે ૧૬ પગલાંની જાહેરાત
★ પાણીની અછત ધરાવતા ૧૦૦ જિલ્લાઓ માટે સર્વગ્રાહી પગલાં લેવાશે
★ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરાશે
★ રેફ્રિજરેટેડ માલસામાનના વહન માટે PPP ધોરણે કિસાન રેલ,
★ WARD અંતર્ગત વેરહાઉસ તૈયાર કરાશે
★ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના હેઠળ ૬.૧૧ કરોડ ખેડૂતોને આવરી લેવાયા
★ સોલાર પાવરનો ઉપયોગ કરવા ખેડૂતોને ઈન્સેન્ટિવ અપાશે
★ ઝીરો બજેટ ખેતી પર ફોકસ
★ બગડી જાય તેવા ઉત્પાદનો માટે સીમલેસ નેશનલ કોલ્ડ સપ્લાય ચેઈન
★ મરિન રિસોર્સિસના ડેવલપમેન્ટ, મેનેજમેન્ટ માટે ખાસ ફ્રેમવર્ક
★ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ માટે ?૧.૨૩ લાખ કરોડની ફાળવણી
★ બાગાયતી કામની પ્રોત્સાહનની યોજના
★ ૨૦૨૦-૨૧ માટે એગ્રી ક્રેડિટ ૧૫ લાખ કરોડ
★ કૃષિ, સિંચાઈ અને ગ્રામીણ વિકાસ માટે ?૨.૮૩ લાખ કરોડ
★ વેરહાઉસીસ બાંધવામાં આવશે
★ ૧૨ નવા રોગને કવર કરતી નવી ઈન્દ્રધનુષ યોજના
★ સ્વચ્છ ભારત મિશન માટે ૧૨,૩૦૦ કરોડની ફાળવણી
★ પાઈપ્ડ વોટર પ્રોજેક્ટ્સ માટે ?૩.૬ લાખ કરોડ
★ શિક્ષણમાં FDI, ECBની મંજૂર
★ આરોગ્ય માટે ૬૯,૦૦૦ કરોડની જોગવાઈ
★ ૨૦૨૫ સુધીમાં ટીબીની નાબૂદી
★ ગરીબો માટે ડિગ્રી લેવલનો ઓનલાઈન એજ્યુકેશન પ્રોજેક્ટ્સ
★ 'સ્ટડી ઈન ઈન્ડિયા'ને પ્રોત્સાહન
★ જિલ્લા હોસ્પિટલમાં PPP ધોરણે મેડિકલ કોલેજ
★ શિક્ષણ માટે ?૯૯,૩૦૦ કરોડની ફાળવણી
★ સ્કિલ ડેવલપમેન્ટ માટે ?૩,૦૦૦ કરોડ
★ દેશના ઉત્પાદનને પ્રોત્સાહન
★ ૫ નવા સ્માર્ટસિટીની દરખાસ્ત
★ ૨૦૧૪-૧૯ના ગાળામાં ભારતમાં FDI વધીને ૨૮૪ અબજ ડોલર
★ ઘાસચારા માટે મનરેગાનો ઉપયોગ
★ ઈન્ફ્રા પ્રોજેક્ટ માટે ૧૦૦ લાખ કરોડ
★ મેડિકલ ડિવાઈસ માટે નવી સ્કિમ
★ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે ન્યૂ ઈન્વેસ્ટમેન્ટ ક્લિયરિંગ સેલ
★ તમામ માટે શિક્ષણની નેમ
★ નેશનલ ટેક્સટાઈલ મિશન માટે ?૧૪૮૦ કરોડ
★ નાના નિકાસકારો માટે નિર્વિક યોજના
★ MSMEsને સ્પર્ધાત્ક બનાવવા નેશનલ લોજિસ્ટિક પોલિસી ટૂંક સમયમાં
★ નેશનલ પોલિસ યૂનિવર્સિટી અને નેશનલ ફોરેન્સિક યૂનિવર્સિટીની દરખાસ્ત
★ ૨૦૨૩ સુધીમાં દિલ્હી-મુંબઈ હાઈવે પૂર્ણ થશે

બજેટમાં આ વસ્તુઓ થઈ મોંઘી

મેડિકલ ડિવાઈસ
તંમાકુ
સિગારેટ
ફર્નિચર
ફૂટવેર
પંખા
સ્ટેશનરી
મોબાઈલ ફોન
ઓટો પાર્ટ્સ

બજેટમાં આ વસ્તુઓ થઈ સસ્તી

ન્યૂઝ પ્રિન્ટ
ફ્યૂઝ
કેમિકલ
પ્લાસ્ટિક
ઈવેક્ટ્રીક કાર

એર ઈન્ડિયાનું વિમાન વહેલી સવારે દિલ્હી આવી પહોંચ્યુ

ચીનમાં ફસાયેલા ૩૨૪ ભારતીયોને એરલિફ્ટ કરાયા

૨૪ કલાકમાં ૨૧૦૦ નવા કેસ નોંધાયા

ચીનમાં કોરોના વાયરસનો આતંકઃ મૃતાંક ૨૫૯ને પાર

બીજી બાજુ ચીનમાં કોરોના વાઈરસના કારણે મૃતકોની સંખ્યા ૨૫૯ થઈ ગઈ છે. જ્યારે ૧૧,૭૯૧ લોકોને ઈન્ફેક્શન થયું છે. ચીનના રાષ્ટ્રીય સ્વાસ્થય આયોગે શનિવારે આ વિશે માહિતી આપી છે. આયોગે કહ્યું છે કે, ૩૧ જાન્યુઆરીની મધ્યરાત્રિ સુધી સ્વાસ્થય આયોગે ૩૧ શહેરોમાં ૧૧,૭૯૧ લોકોને કોરોના વાઈરસનું ઈન્ફેક્શન થયું હોવાની માહિતી આપી છે. જેમાં ૧,૭૯૫ લોકોની હાલત ગંભીર છે. ૧૭,૯૮૮થી વધારે લોકો શંકાસ્પદ નોંધવામાં આવ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના વાઈરસના ૨,૧૦૦ નવા કેસ સામે આવ્યા છે.

ન્યુ દિલ્હી

એર ઈન્ડિયાનું સ્પેશ્યલ વિમાન ચીનના વુહાન એરપોર્ટથી શનિવાર સવારે દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચ્યું. કોરોના વાયરસના ખતરાને જોતા સવારે અંદાજે સાડા સાત વાગ્યે આ વિમાનથી ૩૨૪ ભારતીય વિદ્યાર્થીઓને પાછા લવાયા છે. વુહાન હુબેઈ પ્રાંતની રાજધાની છે. અહીં કોરોના વાયરસનું સૌથી વધુ સંક્રમણ જોવા મળ્યું છે. ચીનમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસે ૨૫૯ લોકોના જીવ લઈ લીધા છે અને ૧૦,૦૦૦થી વધુ કેસ સામે આવી ચૂક્યા છે.

આ બધાની વચ્ચે ચીનના વુહાનથી દેશ પાછા આવનાર ભારતીયોની તપાસ માટે ડૉકટરની ટીમ પણ તૈનાત છે. વિમાનમાં સવાર તમામ ભારતીયોનું સ્ક્રીનિંગ કરવાની તૈયારી કરાઈ. ડૉકટરની ટીમ આઈજીઆઈ એરપોર્ટ પર વિમાનમાંથી આવનાર ભારતીય પેસેન્જરની તપાસ કરી રહ્યું છે. ભારતીયોને લાવવા ચીન માટે ઉડેલા એર ઈન્ડિયાનું પ્લેન વુહાનમાં શુક્રવાર સવારે ૭ વાગ્યે લેન્ડ થયું હતું. આપને જણાવી દઈએ કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનએ કોરોનાને ગ્લોબલ ઈમરજન્સી જાહેર કરી છે. અહીં વાયરસ સંક્રમણના ૧૧૭૯૧ મામલા સામે આવી ચૂકયા છે. બીજીબાજુ હોસ્પિટલોમાં દાખલ ૨૪૩ લોકોની સારવાદ બાદ રજા આપી દેવાઈ છે.

હરિયાણાના માનેસરમાં સેનાએ શિબિર બનાવી

આઈટીબીપીએ પણ દિલ્હીમાં આવી વ્યવસ્થા કરી છે, જયાં ૬૦૦ લોકોની સારવાર, દેખભાળ માટે અલગથી બેડની વ્યવસ્થા રહેશે. સેનાએ હરિયાણાના માનેસરમાં એક કેન્દ્ર બનાવ્યું છે, જયાં ચીનથી આવેલા લોકોને દેખરેખમાં રખાશે. પહેલાં પેસેન્જર્સની એરપોર્ટ પર તપાસ કરાશે અને ત્યારબાદ તેમણે માનેસર સ્થિત કેન્દ્રમાં લઈ જવાશે. જો કોઈ કોરોના વાયરસથી ગ્રસ્તિની આશંકા હશે તો તેમને દિલ્હી કેન્ટ સ્થિત હોસ્પિટલમાં બનેલા એક અલગ વોર્ડમાં શિફ્ટ કરશે.

ઉલ્લેખનીય છે કે હુબેઇ પ્રાંતમાં કોરોના વાયરસની સૌથી વધુ અસર દેખાઇ છે. વુહાન આ હુબેઇ પ્રાંતની રાજધાની છે. અહીં કેન્દ્ર છે જેને સત્તાવાર રીતે ૨૦૧૯-એનસીઓવીના નામથી ઓળખાય છે. વુહાન હુબેઇની પ્રાંતીય રાજધાની છે. અહીં લગભગ ૩૦૦ ભારતીયો રહે છે. તેમાંથી સત્તાવાર મેડિકલ વિદ્યાર્થી અને રિસર્ચ સ્કોલર છે જે અહીંની સ્થાનિક યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરી રહ્યા છે.

ફોર્મ ભરવાની ઝંઝટમાંથી છૂટકારોઃ આધારકાર્ડ હશે તો તરત મળશે પાનકાર્ડ

ન્યુ દિલ્હી

જો તમારી પાસે આધાર નંબર છે તો પર્મેનેંટ અકાઉન્ટ નંબર પ્રાપ્ત કરવું ચપટીનું કામ હશે. આ માટે નાણાંમંત્રી નિર્મલા સીતારમણે શનિવારનાં બજેટ રજૂ કરતા નવી વ્યવસ્થાની જાહેરાત કરી. નાણાંમંત્રીએ કહ્યું કે, આધારનાં આધારે તાત્કાલિક પાનને ઑનલાઈન આપવાને લઈને જલદી વ્યવસ્થા શરૂ કરવામાં આવશે. આ માટે કોઈ આવેદન ફોર્મ ભરવાની જરૂર નથી.

બજેટ ૨૦૨૦ રજૂ કરતા નિર્મલા સીતારમણે કહ્યું કે ટેક્સપેયર્સનાં આધાર બેસ્ડ વેરિફિકેશનની શરૂઆત પણ કરવામાં આવી રહી છે. ટેક્સપેયર્સની સુવિધા માટે જલદી એક સિસ્ટમ લૉન્ચ કરવામાં આવશે. આધાર માટે તાત્કાલિક ઑનલાઈન પાન આપવામાં આવશે. આ માટે એપ્લિકેશન ફોર્મ ભરવાની આવશ્યકતા નહીં રહે. ઈક્રમ ટેક્સ કાયદા પ્રમાણે કોઈ વ્યક્તિને ઈક્રમટેક્સ રિટર્ન ફાઈલ કરતા સમયે પોતાના આધાર નંબરનો ઉલ્લેખ કરવો જરૂરી છે. ૩૧ માર્ચ ૨૦૨૦ સુધી છદ્ન અને આધારને લિંક કરવું અનિવાર્ય છે.

સરકાર નવા વર્ષે રૂ.૫.૩૬ લાખ કરોડનું નવું દેવું કરશે

ન્યુ દિલ્હી

નાણાંભીડનો સામનો કરી રહેલી મોદી સરકારે નવા નાણાંકીય વર્ષે ખુલ્લા બજારમાં જંગી દેવું કરવાની જાહેરાત કરી છે. આ રજૂ થયેલા બજેટમાં નિર્મલા સિતારમને નવા વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ખુલ્લા બજારમાંથી રૂ.૫.૩૬ લાખ કરોડનું બોરોઈંગ કરવાની ઘોષણા કરી છે. જ્યારે વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં માર્કેટ બોરોઈંગનો અંદાજ રૂ. ૪.૯૯ લાખ કરોડ મૂકવામાં આવ્યો હતો.

નોંધનિય છે કે, પહેલા સતત જીએસટી રેટમાં ઘટાડો અને ત્યારબાદ કોર્પોરેટ ટેક્સ રેટમાં ઘટાડાને પગલે સરકારને ટેક્સ પેટેની આવકમાં જંગી ઘટાડો નોંધાયો છે. જેથી સરકાર નાણાંભીડમાં ફસાઈ ગઈ છે. ઉલ્લેખનિય છે કે, સરકારે તાજેતરમાં જ રિઝર્વ બેંક પાસે ડિવિડન્ડ પેટે રૂ.૧૦,૦૦૦ કરોડની માંગણી કરી હતી.

સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં રૂ. ૩૦.૪૨ લાખ કરોડના ખર્ચનો અંદાજ મૂક્યો છે જેની સામે આવક રૂ. ૨૨.૪૬ લાખ કરોડ રહેવાની ધારણા છે. આ સાથે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની માટે સરકારે ખર્ચનો સુધારેલો અંદાજ રૂ. ૨૬.૯૯ લાખ કરોડ મૂક્યો છે.

ફરી એકવાર નાણાંમંત્રી લાલ કપડામાં બાંધેલુ બહી ખાતા લઈ સંસદ પહોંચ્યા

ન્યુ દિલ્હી

નાણા મંત્રી નિર્મલા સીતારમણે બજેટ પર બહીખાતાનું ચલન યથાવત રાખ્યું છે. જયારે નાણા મંત્રાલયની બહાર તેમની ટીમની સાથે આવ્યા તો તેમના હાથમાં ફરીથી લાલ કપડામાં બાંધેલું બહી ખાતા જોવા મળ્યું.

નિર્મલા સીતારમણે બહીખાતાનું ચલન લાવ્યા. જયારે હવે નાણા મંત્રી બન્યા તો નાણા વર્ષ ૨૦૧૯-૨૦ માટે પહેલું બજેટ રજૂ કર્યું. તે સમયે તેમણે બજેટની જગ્યા પર બહી ખાતાને લઈને લોકોને ચોંકાવી દીધા.

સીતારમણે તેમનું પહેલું બજેટ રજૂ કરતા બજેટ દસ્તાવેજ સુટકેસ કે બ્રીફકેસ લાવવાની જગ્યાએ લાલ કપડાથી બંધાચેલા બસ્તામાં લઈને દરેક લોકોનું ધ્યાન તેમની તરફ ખેંચ્યું છે. તેમણે કહ્યું હતુ કે સુટકેસ, બ્રીફ કેસ મને પસંદ આવતી નથી, તે અંગ્રેજોના સમયથી ચાલી આવી રહ્યું છે. અમને તે પસંદ નથી. પછી મને મારા મામીએ મને લાલ કપડાનું બેગ આપ્યું. તેણે પૂજા અર્ચના કર્યા બાદ મને આ લાલ બેગ આપ્યું. આ ઘરનો થેલો નહીં લાગે. જેથી સરકારી ઓળખ આપવા માટે તેની પર અશોક સ્તંભનું ચિહ્ન લગાવવામાં આવ્યું.

નાણા વર્ષ ૨૦૧૯-૨૦થી પહેલા સુધી બજેટ પ્રપત્રને બ્રિફકેસમાં લાવવાનું ચલન હતું,. સીતારમણેના નાણા મંત્રી બન્યા પહેલા બ્રિફકેસમાં જ બજેટ પ્રપત્ર લાવવામાં આવતું હતું.

ઈજિપ્તમાં સરકારે સેક્સ પર ટેક્સ નાંખી ધરખમ આવક વસૂલી...!!

કૈરો

આજે જ્યારે દેશનું બજેટ રજૂ કરવામાં આવશે ત્યારે દેશમાં લોકોને આશા છે કે, ટેક્સમાં પણ રાહત મળે. પરંતુ જો આપણે ઈતિહાસના અનોખા ટેક્સ પર નજર નાખીએ તો ખબર પડે કે, અમુક સરકારે કેવા કેવા ટેક્સ નાખેલા છે. જેમ કે, ઈગ્લેન્ડની હેનરી VIII, એની દીકરી એલિજાબેથ I અને રશિયાના પીટર ધ ગ્રેટએ દાઢી પર પણ ટેક્સ નાખ્યો હતો.

ઈજિપ્તમાં ટેક્સનો મતલબ મેહનત હતો. કેટલાક લાખ લોકોનું કહેવું છે કે, તેણે ૨૦ વર્ષ સુધી પિરામીડ માટે મહેનત કરી છે. ભલે પ્રોસ્ટિટ્યૂશન જર્મનીમાં લીગલ છે. પરંતુ આ માટે અહીંયા સેક્સ ટેક્સ જેવા કાનુન પણ બનાવવામાં આવ્યા હતા. ૨૦૦૪માં આવેલા આ અદ્ભત ટેક્સ પ્રમાણે દર મહિને સેક્સ કરવાના ૧૫૦ યૂરો આપવા પડતાં હતા. પાર્ટ ટાઈમરને પોતાના દરેક કામ માટે ૬ યૂરો ચૂકવવા પડતાં. આ સેક્સ ટેક્સના કારણે અહીં સરકારને એક વર્ષમાં ૧ મિલિયન યૂરોની વાર્ષિક આવક થઈ હતી. તમે ક્યારેય સાંભળ્યું છે કે, છાતીનો પણ ટેક્સ લેવામાં આવે? પણ ઈતિહાસમા આવું બન્યું છે. છાતી માપી માપીને ટેક્સ વસુલ કરવામાં આવતો. એક યુવતીએ આ વાતથી પરેશાન રહીને પોતાની છાતી કાપીને ટેક્સ કલેક્ટ કરનારનાં હાથમાં આપી દીધી હતી. ઈંગ્લેન્ડની સરકારે ૧૬૯૫માં એક એવો ટેક્સ બહાર પાડ્યો કે, જો ૫૦ વર્ષે પરણેલા ન હોય તો પણ ટેક્સ ભરવાનો. તેમજ આવા પુરુષોને બજારમાં વગર કપડાંએ ફરીને પોતાની જ મજાક બનાવવી પડતી. ૨૦મી સદીની શરૂઆતમાં કેનેડામાં જેટલા પર ચીની આવે એના પર હેડ ટેક્સ લગાવામાં આવતો. ડેન્માર્ક અને હંગરી જેવા દેશમાં ચીજ, બટર અને પેસ્ટ્રી જેવા હાઈ કેલેરીઝ ફૂડ પર ફેટ ટેક્સ લગાવવામા આવ્યો. બન્ને દેશમાં હાલમાં જ આ ટેક્સ નાખવામાં આવ્યો છે.

નિર્ભયા ગેંગરેપઃ નરાધમ વિનયની દયા અરજી રાષ્ટ્રપતિએ ફગાવી

ન્યુ દિલ્હી

નિર્ભયા ગેંગરેપ કેસમાં એક અન્ય દોષિત વિનય શર્માની દયા અરજી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ફગાવી દીધી છે. માહિતી પ્રમાણે, રાષ્ટ્રપતિએ આજે વિનયની મર્સી પિટિશન બરખાસ્ત કરી દીધી છે. આ પહેલા પણ ૧૭ જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપતિએ દોષી મુકેશ સિંહની દયા અજીને ફગાવી દેવામાં આવી હતી. ત્યારબાદ મુકેશે રાષ્ટ્રપતિના નિર્ણય વિરુદ્ધ સુપ્રિમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, પરંતુ સર્વોચ્ચ ન્યાયાલયએ પણ આ અરજીને નકારી કાઢી હતી.

દોષી મુકેશ સિંહ અને વિનય શર્માના વિકલ્પ તો ખતમ થઈ ચૂક્યા છે. સાથે જ અક્ષય સિંહની ક્યૂરેટિવ પિટિશન પણ ફગાવી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, તેણે અત્યર સુધી દયા અરજી દાખલ કરી ન હતી. જો કે, ચોથા દોષિત પવન ગુપ્તાએ ક્યૂરેટિવ અરજી દાખલ કરી નથી અને ન તો, રાષ્ટ્રપતિની પાસે દયા અરજી મોકલી છે.

ઉલ્લેખનીય છે કે, ૧૬ ડિસેમ્બર ૨૦૧૨ની રાત્રે દિલ્હીની ૨૩ વર્ષીય એક પૈરામેડિક વિદ્યાર્થીની પોતાના મિત્ર સાથે દક્ષિણ દિલ્હીના મુનિરકા વિસ્તારમાં બસ સ્ટેન્ડ પર ઊભી હતી. તે સમયે આ બંને એક ફિલ્મ જોઈને ઘરે પરત ફરી રહ્યા હતા. જે દરમિયાન ત્યાંથી પસાર થતી એક પ્રાઈવેટ બસમાં બેસી ગયા હતા. આ ચાલતી બસમાં એક સગીર યુવક સહિત ૬ લોકોએ આ યુવતી સાથે ખરાબ રીતે મારપીટ કરી અને ગેંગરેપ કર્યો હતો.

બજેટ પહેલાં જ રાહત મળીઃ જાન્યુઆરીમાં જીએસટી કલેક્શન ૧ લાખ કરોડને પાર

ન્યુ દિલ્હી

સામાન્ય બજેટ રજૂ થાય તે પહેલાં આર્થિક મોરચે એક અન્ય મોટા સમાચાર આવ્યા હતા. નાણાં મંત્રાલયના અધિકારીએ જણાવ્યું છે કે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે જીએસટી કલેક્શન જાન્યુઆરીમાં રૂ. ૧.૧૦ લાખ કરોડને પાર કરી ગયું છે.

જુલાઈ ૨૦૧૭ માં દેશભરમાં જીએસટી લાગુ થયા પછી આ સંગ્રહ બીજા ક્રમનું ઉચ્ચતમ સ્તર હશે. આ અગાઉ એપ્રિલ ૨૦૧૯ માં ૧.૧૩ લાખ કરોડ રૂપિયાનું જીએસટી કલેક્શન રેકોર્ડ કરવામાં આવ્યું હતું, જે અત્યાર સુધીનો ઉચ્ચતમ સ્તર છે. તો આ સતત ત્રીજો મહિનો છે જ્યારે જીએસટી કલેક્શન ૧ લાખ કરોડથી વધુ નહીં થાય. જણાવી દઈએ કે ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં જીએસટી કલેક્શન ૧ લાખ ૩ હજાર ૧૮૪ કરોડ હતું. આ અગાઉ નવેમ્બરમાં જીએસટી કલેક્શન કુલ ૧,૦૩,૪૯૨ કરોડ રૂપિયા હતું.

તાજેતરમાં જ ટેક્સ વિભાગ દ્વારા જીએસટી કલેક્શનના લક્ષ્યાંકમાં વધારો કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી માસના જીએસટી કલેક્શનનું લક્ષ્યાંક ૧.૧૫ લાખ કરોડ રૂપિયા અને માર્ચ માટે ૧.૨૫ લાખ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે. વિભાગે છેતરપિંડી કરીને ઈનપુટ ટેક્સ ક્રેડિટના દાવાઓને કાબૂમાં રાખીને આ લક્ષ્યાંક હાંસલ કરવાની યોજના બનાવી છે.

આ બે મહિનામાં સંગ્રહ વધારવા માટે જીએસટી ઓથોરિટી સપ્લાય અને ખરીદી બિલ વચ્ચેના તફાવત પર ધ્યાન આપશે. આ સિવાય જીએસટી -૧, જીએસટીઆર -૨ એ અને જીએસટીઆર -૩ બી વચ્ચેનો તફાવત શોધવા માટે ડેટા વિશ્લેષણ કરવામાં આવશે. તો રિટર્ન ફાઈલ ન કરવા, અતિશયોક્તિપૂર્ણ બિલ બતાવવા, અને બનાવટી રીતે મોટા ઈનપુટ ટેક્સ ક્રેડિટ દાવાઓ પર પગલા લેવા જેવા પગલાઓ લેવાશે. આ સંદર્ભે મહેસૂલ સચિવ અજય ભૂષણ પાંડેની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક પણ મળી હતી.

કૃણાલ કામરાએ ઈન્ડિગો એરલાઈન્સ પર ૨૫ લાખ રૂપિયાનો માનહાનિનો દાવો કર્યો

મુંબઈ

સ્ટેન્ડઅપ કોમેડિયન કુણાલ કામરાએ ઈન્ડિગો એરલાઈન્સને કાનૂની નોટિસ મોકલી છે. તેમણે માંગ કરી છે કે તેમના પર મુકવામાં આવેલો ૬ મહિનાનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે. કાનૂની નોટિસમાં કામરાએ ૨૫ લાખ રૂપિયાનો માનહાનીનો દાવો પણ કર્યો છે. કામરાએ કહ્યું હતું કે, માનસિક પીડા અને દુઃખ પહોચાડ્યું હોવાના કારણે ૨૫ લાખ રૂપિયા આપે. કામરાએ ઇન્ડિગોને કોઈપણ પ્રકારની શરત વગર માફી માંગવા માટે પણ કહ્યું છે અને દરેક સમાચાર પત્રમાં માફીનામાને પ્રકાશિત કરવા માટે કહ્યું છે. ઈન્ડિગો એરલાઈન્સમાં પત્રકાર અર્નબ ગોસ્વામીને કથિતરૂપે હેરાન કરવાના મામલે વિમાન કંપનીઓને તેમની ઉડ્ડયન યાત્રા પર પ્રતિબંધ મૂકી દીધો છે. કુણાલ કામરાએ બુધવારના રોજ કહ્યું હતું કે, તેઓ પીએચડીના વિદ્યાર્થી રોહિત વેમુલા સાથે એકતા બતાવવાની ઈચ્છા પ્રગટ કરી હતી. અને ક્યારેય 'અસંસ્કારી અથવા અસભ્ય' વર્તન કર્યું નહીં.

કામરાએ કહ્યું હતું કે, હવાઈ યાત્રા પર પ્રતિબંધ મુકવો એ હેરાન કરવાવાળી વાત નથી અને તેમને જણાવ્યું હતું કે, તેમણે અર્નબ ગોસ્વામીને હેરાન કેમ કર્યો હતો? તેઓ વેમુલાના મોત પર ગોસ્વામી ટીવી શો પર કવરેજને લઈને પોતાની પ્રતિક્રિયા આપતી નથી તો તેઓ તેઓ પોતાને ક્યારેય માફ કરી શકતા નથી. હૈદરાબાદ યુનિ.ના વિદ્યાર્થી વેમુલાને લઈને પરિસરમાં કથિત રૂપે જાતીય ભેદભાવથી પરેશાન થઈને જાન્યુઆરી ૨૦૧૬માં આત્મહત્યા કરી લીધી હતી.

ગુજરાત સહિત ૫ રાજ્યમાંથી પસાર થશે,દિલ્હી-મુંબઈ વચ્ચે ૨૮૦ કિ.મી. ઘટશે

૧.૦૩ લાખ કરોડના ખર્ચે દિલ્હી-મુંબઈ વચ્ચે નવો હાઈવે બનશેઃ ગડકરી

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે દિલ્હી-મુંબઈ વચ્ચે નવો હાઈવે બનાવવાની યોજના તૈયાર કરી છે. ત્રણેક વર્ષમાં આ યોજના પૂરી થયા પછી દિલ્હી-મુંબઈ વચ્ચેનું અંતર ૧૨ કલાકમાં કાપી શકાશે કારણ કે, આ હાઈવેથી બંને શહેર વચ્ચેનું અંતર ૨૮૦ કિ.મી. ઘટી જશે.

એસોચેમ દ્વારા આયોજિત કોન્ફરન્સમાં કેન્દ્રીય પરિવહન મંત્રી નીતીન ગડકરીએ કહ્યું કે, અમે દિલ્હી મુંબઈ વચ્ચે રૂ. ૧,૦૩,૦૦૦ હજાર કરોડના ખર્ચે હાઈવે બનાવી રહ્યા છીએ. હું ખાતરીપૂર્વક કહી શકું કે, આ યોજના ત્રણ વર્ષમાં પૂરી થઈ જશે અને આ બે શહેર વચ્ચેનું અંતર ૨૮૦ કિ.મી. કપાઈ જશે, જેથી તમે કારમાં ફક્ત ૧૨ કલાકમાં આ અંતર કાપી શકશો. હાઈવે માટે જમીન હસ્તાંતરણનું કામ પણ પૂરું થઈ ગયું છે. આ ઉપરાંત કુલ ૬૦માંથી ૩૨ કોન્ટ્રાક્ટ પણ આપી દેવાયા છે. આ હાઈવે ગુરુગ્રામ નજીક સોહનાથી શરૂ થઈને મુંબઈ સુધી જશે.

ગડકરીએ દાવો કર્યો કે, જમીન હસ્તાંતરણમાં રૂ. ૧૬ હજાર કરોડની બચત કરાઈ છે. એટલું જ નહીં, આ હાઈવે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને મધ્ય પ્રદેશના સામાજિક-આર્થિક રીતે પછાત આદિવાસી વિસ્તારોમાંથી પસાર થશે. જો અમે દિલ્હી, અમદાવાદ, સુરત, વડોદરા અને મુંબઈમાં જમીન હસ્તાંતરણ કર્યું હોત, તો આ યોજનાનો ખર્ચ પ્રતિ એકર રૂ. ૬ કરોડ આવે તેમ હતો, પરંતુ હવે આ યોજના પ્રતિ એકર રૂ. ૮૦ લાખમાં પૂર્ણ થશે.

કેન્દ્રીય અર્ધસૈનિક દળોને દિશાનિર્દેશ જારી કરાયા

ગૃહમંત્રાલયમાં અંગ્રેજી રાજ ખત્મ હવે હિન્દીમાં જ પત્રવ્યહાર કરાશે

ન્યુ દિલ્હી

ગૃહમંત્રાલયમાં 'અંગ્રેજી' રાજ ખત્મ થઇ ગયું છે. હવે જે કોઇ પણ ગૃહમંત્રાલયની સાથે પત્રવ્યવહાર કરશે, તેને હિંદીમાં પોતાની વાત લખવી પડશે. કેન્દ્રીય અર્ધસૈનિક દળોને એવા દિશાનિર્દેશ જારી કરાયા છે તેઓ મંત્રાલય સાથે ૧૦૦ ટકા હિન્દીમાં પત્રાચાર કરે. આમ જેટલા પર ક્લર્ક અથવા સ્ટેનો છે, તેમને એક મહિનાની અંદર હિંદી ટાઇપિંગ શીખી લેવા પડશે.

એ માટે સંબંધિત અર્ધસૈનિક દળ પોતાના કર્મચારીઓ માટે તાલીમની વ્યવસ્થા કરશે. આની સાથે જ એ પણ કહેવાયું છે કે હવેથી આ હોદા પર માત્ર હિંદી ટાઇપિંગ કરતા ક્લર્ક જ ભરતી થશે. અર્ધસૈનિક દળોએ આ આદેશ પર આકરા અમલની તૈયારી પણ કરી લીધી છે. અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી બનતાની સાથે જ રાષ્ટ્રભાષા હિન્દીના ઉપયોગ પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે.

મુંબઈ ટ્રાફિક પોલીસની જાહેરાત

રેડ સિગ્નલ પર જેટલા વધારે હોર્ન મારશો એટલી જ વધારે રાહ જોવી પડશે

મુંબઈ

મુંબઈ ટ્રાફિક પોલીસે વાહનો દ્વારા ધ્વનિ પ્રદૂષણને રોકવા માટે અનોખો ઉપાય શોધી નાંખ્યો છે. રેડ સિગ્નલ હોવા છતા લાઈનમાં ઉભા રહેલા વાહનચાલકો તેમની ખરાબ આદતને કારણે સતત હોર્ન મારી ધ્વનિ પ્રદૂષણ વધારતા રહ્યા છે. જેના પર અંકુશ મેળવવા માટે મુંબઈ ટ્રાફિક પોલીસ રોકવાનું બીડુ ઉઠાવ્યું છે. અહીંની ટ્રાફિક પોલીસે વધારે ટ્રાફિક ધરાવતા સિગ્નલ પર ડેસિબલ મીટર લગાવી રહી છે.

પનિશિંગ સિગ્નલ નામના આ કેંપેન પર જોઈન્ટ પોલીસ કમિશનર (ટ્રાફિક) મધુકર પાંડેએ જણાવ્યું કે ડેસિબલ મોનિટર ટ્રાફિક સિગ્નલ સાથે જોડાયેલુ છે. વધારે પડતા હોર્ન વાગવાથી ડેસિબલ લેવલ જેવુ ૮૫ને પાર કરશે કે તરત જ સિગ્નલ ટાઈમ ફરીથી રિસેટ થઈ જશે. જેથી વાહન ચાલકોને સિગ્નલ ખુલવા માટે બેગણી રાહ જોવી પડશે.

મુંબઈ દુનિયાના સૌથી વધારે ધ્વનિ પ્રદૂષણ કરતા શહેરોમાં સામેલ છે. અહીં ઉત્પન્ન થતું અવાજ પ્રદૂષણ સૌથી વધારે ટ્રાફિક સિગ્નલ પર થાય છે. જેમાં રેડ સિગ્નલ હોવા છતા કેટલાક વાહન ચાલકો સતત હોર્ન માર્યા કરતા હોય છે. આ પહેલ પર મુંબઈ પોલીસે એક વીડિયો શેર કર્યો છે, જેની શરુમાં જોવા મળે છે કે, દુનિયાના હોકિંગ કેપિટલમાં આપનું સ્વાગત છે. અહીં લોકો ત્યારે પણ હોર્ન વગાડતા રહે છે જ્યારે રેડ સિગ્નલ હોય. તેમને લાગે છે કે હોર્ન લગાડતા રહેવાથી સિગ્નલ ગ્રીન થઈ જશે.

ડીસીએમ કોલેજ વિરમગામ ખાતે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા કાર્યક્રમ યોજાયો



ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત રસોઈ શો, બાળ તંદુરસ્તી હરિફાઈ, પોષણ અદાલત સહિતના કાર્યક્રમો યોજાયા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ

અમદાવાદ જિલ્લાના વિરમગામ શહેરની ડીસીએમ કોલેજ ખાતે મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત રસોઈ શો, બાળ તંદુરસ્તી હરિફાઈ, પોષણ અદાલત સહિતના કાર્યક્રમો યોજાયા હતા અને પ્રથમ દ્વિતિય અને તૃતિય સ્થાન પર આવનારાઓને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિરમગામ પ્રાંત ઓફિસર સુરભી ગૌતમ (આઈ.એ.એસ), પુર્વ ધારાસભ્ય ડો.તેજશ્રીબેન પટેલ, નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંડ્યા, હિતેશભાઈ મુનસરા, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ વિરલ વાઘેલા, સીડીપીઓ નયનાબેન શુક્લ, ડો.મયુરેશ ગઢવી, ડો.ઉર્વીઝાલા સહિત મોટી સંખ્યામાં મહીલાઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, મહેમાનોનું સ્વાગત કઠોળની ટોપલીઓ થી કરવામાં આવ્યું હતું અને મહેમાનો દ્વારા ટોપલીઓ આંગણવાડીના બાળકોને આપવામાં આવી હતી. મહેમાનો દ્વારા પોતાના ઉદબોધનમાં ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંગે વિગતવાર સમજ આપવામાં આવી હતી.

ગાંધીનગરમાં ગૃહ પ્રધાન પ્રદિપસિંહની હાજરીમાં કુપોષણ અભિયાનનો પ્રારંભ

ગાંધીનગર

કોર્પોરેશન વિસ્તારમાં શનિવારના રોજ રાજ્યકક્ષાના ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજાની અધ્યક્ષતા હેઠળ કુપોષણ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં કોર્પોરેશન દ્વારા એક નાની શોર્ટ ફિલ્મ દર્શાવી હતી જેમાં બાળકના જન્મથી બે વર્ષનું થાય ત્યાં સુધી કઈ જ પ્રકારના ધ્યાન રાખવું પડે તે તમામની વિગતો દર્શાવવામાં આવી હતી ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમ સમગ્ર રાજ્યમાં થઈ રહ્યો છે. ત્યારે તમામ જગ્યા ઉપર આ શોર્ટ ફિલ્મ દર્શાવવામાં આવી રહી છે. આ સાથે જ રાજ્યમાં આવેલ આંગણવાડીની બહેનોને પણ ખાસ પ્રકારની તાલીમ આપીને રાજ્ય સરકાર દ્વારા કુપોષણનો આંક વધુમાં વધુ ઓછો થાય તે માટેના પ્રયત્નો પણ હાથ ધરવામાં આવ્યા છે.

જ્યારે આજના કાર્યક્રમમાં રાજ્યકક્ષાના ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજાના હસ્તે બાળકોને મોઢું મીઠું કરાવ્યું હતું આ સાથે જ જે ગર્ભમાં મહિલાઓ છે. તેઓને આયોડીન અને પોષણયુક્ત આહાર મળી રહે તેના ફૂડ પેકેટ આપવામાં આવ્યા હતા.ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ ખાતે આવેલા ઓડિટોરિયમ હોલમાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યત્વે રાજયના રાજ્યકક્ષાના ગૃહપ્રધાન પ્રદિપસિંહ જાડેજા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પટેલ ગાંધીનગરના કલેક્ટર કુલદિપ આવ્યા સહિતના પદાધિકારીઓએ હાજર રહ્યા હતા. આ સાથે જ કાર્યક્રમની શરૂઆત થાય તે પહેલા સ્પર્ધાનું પણ આયોજન રાખવામાં આવ્યું હતું, જેમાં વિજેતા બનેલા મહિલાઓને રાજ્ય સરકાર દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

અદાણી ગ્રુપને ૫ વર્ષ માટે આપવામાં આવ્યા

આવક વધારવા માટે વડોદરા રેલ્વે ટ્રેનના એન્જિનને બ્રાન્ડિંગ માટે આપ્યા

વડોદરા

ભારતીય રેલવે દ્વારા આવકના સ્ત્રોત વધારવા અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં મુસાફરો ઉપરાંત માલસામાનની હેરાફેરી દ્વારા આવકના ઊભી કરવામાં આવે છે. હવે રેલવેના વડોદરા ડિવિઝન દ્વારા રેલવે એન્જિનને ખાનગી કંપનીઓને બ્રાન્ડિંગ માટે આપી આવક ઊભી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરા ડિવિઝન દ્વારા બે વર્ષ પહેલાં અમૂલ ડેરીને આ રીતે ૨૦ એન્જિન જાહેરાત કરવા આપવામાં આવ્યો હતો. જે પ્રોજેક્ટ સફળ રહેતા વડોદરા ડિવિઝન દ્વારા ફરી એકવાર બીજા ૧૦ એન્જિન જાહેરાત માટે અદાણી ગ્રુપને ૫ વર્ષ માટે આપવામાં આવ્યાં છે. અદાણી ગ્રુપની જાહેરાત પ્રિન્ટ કરેલા એન્જિનને આજે વડોદરા ડિવિઝનના ડી.આર.એમ દેવેન્દ્ર કુમારના હસ્તે લીલીઝંડી આપવામાં આવી હતી. વડોદરા ડિવિઝનને આ પ્રોજેક્ટ દ્વારા પાંચ વર્ષ માં ૧.૮૫ કરોડનો ફાયદો થશે.વડોદરા ડિવિઝન હેઠળ હાલ કુલ ૧૯૨ એન્જિન છે. જે અંગે ડિ.આર.એમ દેવેન્દ્ર કુમારે જણાવ્યું હતુંકે, આ સમગ્ર પ્રક્રિયા ટેન્ડર દ્વારા પૂર્ણ કરવા માં આવી હતી. આગામી દિવસોમાં બાકીના એન્જિનને પણ આ રીતે જાહેરાત માટે આપવામાં આવશે. જે માટે અન્ય કંપનીઓને એપ્રોચ કરવામાં આવશે. એન્જિન પર જાહેરાત દ્વારા આવક ઊભી કરવામાં સમગ્ર દેશમાં વડોદરા ડિવિઝન પ્રથમ છે.

બજેટમાં જાહેરાતઃ ધોળાવીરને આઈકોનોક સાઈટ તરીકે ડેવલપ કરાશે

અમદાવાદ

નાણામંત્રી નિર્મલા સીતારામને આજે વર્ષ ૨૦૨૦-૨૧ નું બજેટ રજૂ કરતી વખતે બજેટમાં ભારતની કુલ પાંચ પુરાતત્વ સાઈટને આઈકોનિક સાઈટ તરીકે ડેવલપ કરવાની જાહેરાત કરી છે. આ પાંચ પુરાતત્વ સાઈટમાં ગુજરાતના ધોળાવીરાનો પણ સમાવેશ થાય છે. ધોળાવીરા ઉપરાંત શિવસાગર (આસામ), રાખીગઢ (હરિયાણા), હસ્તિનાપુર (ઉત્તર પ્રદેશ) સાઈટસનો પણ એમાં સમાવેશ થાય છે. આ સાઈટસમાં ઓન-સાઈટ મ્યુઝીયમ ઉપરાંત ઘણી નવી સુવિધાઓ વિકસાવવામાં આવશે.

શું છે આ ધોળાવીરા પુરાતત્વ સાઈટ ?

ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખડિરબેટ વિસ્તારમાં આવેલું છે. ધોળાવીરાની સંસ્કૃતિ પાંચ હજાર વર્ષ જૂની છે અને તે સમયે આશરે ૫૦,૦૦૦ જેટલા લોકો આ મહાનગરમાં રહેતા હોવાનું અનુમાન છે. આ નગરની પાણીની વ્યવસ્થા, રાજમહેલ અને પ્રાંતના મહેલની રચના, તે સમયે ત્યાં રહેતા લોકોની રહેણી કરણી, ત્યાંની વ્યવસ્થા વગેરે જાણવા જેવું છે.

મોહેં-જો-દડો અને હડપ્પાના સમયમાં કાચી પાકી ઈંટો દ્વારા અહીંયા બાંધકામ કરવામાં આવેલું છે. જ્યારે આ ધોળાવીરામાં લગભગ ચોરસ અને લંબચોરસ પથ્થરોથી બાંધકામ થયું છે અને પથ્થરો નજીકમાં આવેલી ખાણોમાંથી કાઢેલા છે. ધોળાવીરામાં નગરની ચારેબાજુ દીવાલ આવેલી છે. ૪૭ હેક્ટર (૧૨૦ એકર) ચતુર્થાંશ શહેર બે મોસમી સ્ટ્રીમ્સ, ઉત્તરમાં માનસાર અને દક્ષિણમાં મનહાર વચ્ચે આવેલું છે.

આ સાઈટનો સી ૨૬૫૦ બી.સી. સુધી ઉપયોગ કરવામા આવ્યો હતો, જે આશરે ૨૧૦૦ બી.સી. પછી ધીમે ધીમે ઉપયોગ ઘટતા, ટૂંકમાં તે સ્થળ છોડી દેવામાં આવ્યું હતું અને ત્યારબાદ.૧૫૦૫૦ બી.સી. સુધી ફરીથી ઉપયોગમાં લેવામાં આવ્યું હતું.

ધોળાવીરા નગર મુખ્ય ત્રણ ભાગમાં વહેચવામા આવ્યું હતું

(૧) રાજાનો/શાસક અધિકારીનો રાજમહેલ કે જે ઊંચાઈવાળી જગ્યા પર છે. તેની ચારેબાજુથી મજબૂત કિલ્લાબંદી કરવામાં આવી હતી. આ કિલ્લામાં ચાર દરવાજા હતાં.

(૨) અન્ય અધિકારીઓનાં આવાસ કે જેના ફરતે પણ રક્ષણાત્મક દિવાલ હતી અને બેથી પાંચ ઓરડાવાળા મકાન હતાં.

(૩) સામાન્ય નગરજનોનાં આવાસ હાથે ઘડેલી ઈંટોના બનાવેલા હતા.

રાજકોટ મનપાનું વર્ષ ૨૦૨૦-૨૧નું ૨૧૧૯.૯૮ કરોડનું 'સ્માર્ટ બજેટ' રજૂ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર ઉદીત અગ્રવાલે ૨૦૨૦-૨૧નું કરબોજ વગરનું ૨૧૧૯.૯૮ કરોડનું બજેટ રજૂ કર્યું છે. આ બજેટ સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે. આ વર્ષે રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને ધ્યાને રાખી શહેરીજનો પર બોજ આવવાની શક્યતા નથી. બજેટમાં ટ્રાફિક, બ્રિજ, સ્માર્ટ સિટી પર ભાર મુકવામાં આવ્યો છે. ગત વર્ષે ૨૧૬૦ કરોડનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. ગત વર્ષના બજેટના મોટાભાગના કામો શરૂ થયા ન હોવાથી બજેટમાં રિપીટ કરી નવા રંગરૂપ આપવામાં આવ્યા છે.

બજેટમાં નલ-સે-જલ યોજનાનું નવુ નજરાણુ ઉમેરાયું છે. જેમાં દરેક ઘરમાં નળ મારફત પાણી આપવું તેમજ ૬૦૬૩ જેટલા નવા સ્માર્ટ ફ્લેટ, ૧૧ નવા પાર્કીંગ અને રાજકોટમાં મેટ્રો ટ્રેન શરૂ કરવા બાબતે સર્વે કરાવવા, ૨ નવા કોમ્યુનીટી હોલ, ૪ નવા બગીચાઓ અને ૧૦ જેટલા નવા બ્રીજ બનાવવા માટેની જોગવાઈઓ કરાઈ છે. ૨ આરોગ્ય કેન્દ્ર, ૨ મોડેલ હોકર્સ ઝોન, ૬ નવી વોર્ડ ઓફિસ, ૧ નવી હાઈસ્કૂલ, આજીડેમ વિસ્તારમાં અર્બન ફોરેસ્ટ રિકિશનલ સુવિધાઓ અને ૧ નવું ગાર્બેજ સ્ટેશન બનાવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

વડાપ્રધાન મોદી અને તેમની ટીમને અભિનંદનઃ કૌશિક પટેલ

ખેડૂતો અને મધ્યમ વર્ગ ખુશ થાય તેવું બજેટઃ વાઘાણી

ગાંધીનગર

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે સમાન્ય બજેટ ૨૦૨૦-૨૧ રજૂ કર્યું હતું. બજેટમાં ઈક્રમ ટેક્સના સ્લેબને લઈને મહત્વપૂર્ણ જાહેરાત કરાઈ છે. જે મુજબ હવે પાંચથી સુધીની આવક ધરાવનારને ટેક્સમાં છૂટ આપવામાં આવી છે. જ્યારે શિક્ષણ અને ખેડૂતો માટે મોટી જાહેરાત કરાઇ છે. ત્યારે આ અંગે મહેસૂલ મંત્રી કૌશિક પટેલે નિવેદન આપ્યું હતું.

નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટને લઈને મહેસૂલ મંત્રી કૌશિક પટેલ અને જીતુ વાઘાણીએ પ્રતિક્રિયા આપી હતી. કૈશિક પટેલે જણાવ્યું હતું કે આ વખતના બજેટમાં ખેડૂતો અને શિક્ષણને ધ્યાનમાં રાખીને જાહેરાત કરવામાં આવી છે. જેને લઈને મહેસૂલ મંત્રી કૌશિક પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમની સમગ્ર ટીમને ગુજરાતવતી અભિનંદન પાઠવ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ મોદી સરકારના બજેટને લઈને પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, નાણામંત્રી સિતારમણે ઐતિહાસિક બજેટ લોકસભામાં રજૂ કર્યું છે. આ બજેટ નવા ભારતના નિર્માણ કરનારું બની રહેશે. વૈશ્વિક મંદી વચ્ચે ૫ ટ્રિલિયન ડોલરના અર્થતંત્રને આંબવા માટે આપણું અર્થતંત્ર સક્ષમ છે તે પ્રકારની પ્રતિતિ બજેટમાં રજૂ થઇ છે. નાણામંત્રીએ રજૂ કરેલું બજેટ આગામી સમયમાં અર્થતંત્રને નંબર ૩માં લઇ જનારૂ બની રહેશે. તમામને ફાયદો થાય. સમાન્ય માણસ ખુશ થાય તેવું બજેટ છે. ખેડૂતોની આવક બમણી કરવા માટે કેન્દ્ર સરકારે બીડું ઝડપ્યું છે.

બાળકીના મૃતદેહને જંગલની જાડીમાં ફેંકી દીધો

૬ વર્ષની બાળકી પર નરાધમ મામાએ દુષ્કર્મ આચરી મોતને ઘાટ ઊતારી

દાહોદ

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નળવાઈ ગામે ૬ વર્ષની બાળકી પર નરાધમ મામાએ દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી છે..રાત્રીના સમયે બાળકીને ફરવાના બહાને બાઈક પર ૧ થી ૨ કિલોમીટર દુર લઈ જઈને બાળકી સાથે દુષ્કર્મ આચરીને પકડાઈ જવાના ડરથી બાળકીને મારીને તેના મૃતદેહને જંગલની જાડીમાં ફેકી દીધો હતો.બાળકીના પરીવારજનો એ પોલીસ ફરીયાદ નોંધાવી હતી.આરોપીને સીસીટીવી ફુટેજના આધારે પોલીસે પકડી પાડી ૩૬૩ મુજબ અપહરણનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

આ મામલે મળતી માહિતી અનુસાર દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નળવાઈ ગામે રહેતા એક પરિવારે પોતાની ૬ વર્ષની બાળકી ગુમાવી છે. પોતાનાજ કુટુંબી નરાધમ મામાએ આ ૬ વર્ષની બાળકીને કાલે મોડી રાત્રે મોટોર સાયકલ ઉપર ફરવાના બહાને ગરબાડા થઈ ૧ થી ૨ કિલોમીટર દૂર જંગલમાં લઈ જઈ બાળકી સાથે દુષ્કર્મ આચરી અને પકડાઈ જવાના ડરથી તેની હત્યા કરી લાશ જંગલમાં ફેંકી ઘરે જતો રહ્યો હતો

ગઈ કાલે મોડી રાત્રે બાળકીના પિતાએ પોલીસ માથે ફરિયાદ નોંધાવતા ગરબાડા પોલીસે ૩૬૩ મુજબ અપહરણનો ગુનો નોંધી અને તાપસ હાથ ધરતા ગરબાડા પોલીસ સ્ટેશનના સીસીટીવી ફુટેજમાં આ નરાધમ બાળકી ને બાઈક ઉપર લઈ ને જતો જોવાયો હતો જેના આધારે પોલીસે તપાસ કરી અને તે આરોપી ને ઝડપી લીધો હતો અને પોલીસ ભાષામાં પૂછપરછ કરતા તૂટી ગયો હતો અને સમગ્ર ગુનાની કબૂલાત કરી હતી.

તુવેરના પાકમાંથી મહિલાનો મૃતદેહ મળ્યો

પતિને ટિફિન આપી પરત ફરતી મહિલાની ગળેટૂંપો દઈ હત્યા કરાતા ચકચાર

મેંદરડા

મેંદરડા પંથકનાં દાત્રાણા ગામે ખેતરમાં ઉભેલા તુવેરનાં પાકમાંથી મહિલાની લાશ મળી આવી હતી. અને પોલીસ તપાસમાં આ મહિલાની હત્યા થઈ હોવાનું બહાર આવતાં એક શખ્સ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મુળ દાહોદ પંથકનાં ફતેહપુરા તાલુકાનાં બલૈયા ગામનાં અને હાલ રામપરા દાત્રાણા ગામની સીમમાં રહેતા કલ્પેશભાઈ વીરસિંહભાઈ માલ ખેતમજુરી કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. અને ગુરૂવારે બપોરનાં સમયે ખેતરમાં પાણી વાળતાં હતાં. ત્યારે તેમના પત્ની અંજુબેન કલ્પેશભાઈને જમવાનું આપવા ગયા હતાં અને ત્યાંથી પરત ફરી રહ્યા હતાં. અને નિલેશ મનસુખવઘાસીયાની વાડી પાસેથી પસાર થતાં હતાં ત્યારે નિલેશે પોતાનો ઈરાદો પાર પાડવા અંજુબેનને પરસોતમભાઈ વઘાસીયાની વાડીમાં વાવેલ તુવેરમાં લઈ ગયો હતો. બાદમાં અંજુબેનને ગળાનાં ભાગે કોઈ દોરડાથી ગળાટુંપો આપી હત્યા કરી નાંખી હતી.

આ અંગે મેંદરડા પીએસઆઈ એ.બી. દેસાઈએ કહ્યું હતું કે, આ બનાવને લઈ પુરાવાઓ એકત્ર કરવામાં આવી રહયાં છે. આરોપીની અટક બાદ હકિકત જાણી શકાશે. અંજુબેન જમવાનું બનાવીને પતિ પાસે ગયાં હતાં અને પતિ કલ્પેશભાઈ, તેમની પુત્રી અને અંજુબેન સાથે જમ્યા હતાં. બાદમાં અંજુબેનની હત્યા થઈ જતાં લાશ મળી આવી હતી.

અરવલ્લી જિલ્લા અદાલતમાં 'સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર'નું ઉદ્ઘાટન

મોડાસા

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના આદેશ અનુસાર દેશભરમાં સંવેદનશીલ સાક્ષી કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે. તેનો મુખ્ય હેતુ બાળ સાહેદોને કોર્ટનો ભય રાખ્યા વગર જુબાની આપી શકે અને બાળકોને અનુરૂપ આહલાદક વાતાવરણ મળી રહે. મોડાસામાં અરવલ્લી જિલ્લા અદાલત ખાતે સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્રનું પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ આર. એં બુખારી - ઘોઘારીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા કલેક્ટર અમૃતેશ ઓરંગાબાદકર અને જિલ્લા પોલીસવડા મયુર પાટીલ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રિન્સીપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ આર. એ. બુખારી - ઘોઘારીના જણાવ્યા અનુસાર સર્વોચ્ચ અદાલતના આદેશ અનુસાર દેશભરમાં સંવેદનશીલ સાક્ષી કેન્દ્રો શરૂ કરવામાં આવી રહ્યા છે. તેમાં પણ પોક્સો તેમજ અન્ય ગંભીર પ્રકારના કેસોમાં બાળ સાહેદોને કોર્ટનો ભય રાખ્યા વગર જુબાની આપે અને તેઓને સારૂ વાતાવરણ મળી રહે તે હેતુસર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ અરવલ્લી સંવેદનશીલ સાક્ષી જુબાની કેન્દ્ર ખુલ્લું મુકવામાં આવ્યું છે. જેમાં બાળકો નિર્ભયતાથી અને કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર સાહેદી આપી શકે અને બાળકોને ખાસ વાતાવરણ મળી રહે તે માટે ચિલ્ડ્રન પ્લે રૂમ,પૌષ્ટિક આહાર, બાળ સાહેદને કેન્દ્રમાં જવા - આવવા માટે અલગથી પ્રવેશદ્વાર તથા બાળ સાહેબને આરોપી અને કોર્ટ જોવા ના મળે તે રીતે ઈન - કેમેરા મારફતે બાળ સાહેદોની જુબાની નોંધી શકાય. જેથી બાળ સાહેદને કોઈ જાતનો ભય ન રહે તેવા ઉમદા હેતુથી નિર્માણ કરવામાં આવ્યું છે.

રવિવારે સવારે ૯ વાગે નવચંડી યજ્ઞનો પ્રારંભ સાંજના ૪ વાગે પૂર્ણાહુતિ થશે

આજે શંખલપુરમાં ૫૨૦૦ વર્ષ પ્રાચીન બહુચર માતાજીનો પાટોત્સવ

મહેસાણા

બહુચરાજી પાસે શંખલપુર ગામે આવેલા ટોડા બહુચરાજી માતાજીના ૫૨૦૦ વર્ષ પ્રાચીન આદ્ય સ્થાનકે માતાજીને મૂર્તિરૂપે બિરાજમાન કરાયાનો સાતમો પાટોત્સવ રવિવારે યોજાશે. ત્યારે મંદિરને રંગબેરંગી લાઈટિંગ કરતાં ઝળહળી ઉઠ્યું છે અને રાતે તેનો અદભૂત નજારો દેખાય છે. આ પ્રસંગે નવચંડી મહાયજ્ઞ અને અખંડ આનંદના ગરબાની ૨૪ કલાકની મહાધૂનનું આયોજન કરાયું છે. જેમાં ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાંથી ૧૫૦થી વધુ ગરબા મંડળો ભાગ લેનાર છે.

મંદિર ટ્રસ્ટના ચેરમેન કાળીદાસ પટેલ, મંત્રી અમૃતભાઇ પટેલ અને ટ્રસ્ટી મોહનભાઇ દેસાઇએ જણાવ્યું હતું કે, પાટોત્સવ પ્રસંગે રવિવારે સવારે ૯ વાગે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે, જેની પૂર્ણાહુતિ સાંજના ૪ વાગે થશે. જ્યારે અખંડ આનંદના ગરબાની ૨૪ કલાકથી મહાધૂનનો પ્રારંભ સવારે ૧૦ કલાકે થશે અને પૂર્ણાહુતિ બીજા દિવસે સોમવારે સવારે ૧૦ વાગે થશે. આ પ્રસંગે હજારો ભક્તો મા બહુચરના દર્શનાર્થે ઉમટી પડશે, જેને લઇ ટ્રસ્ટ દ્વારા તમામ તૈયારી કરાઇ છે. મંદિરને નયનરમ્ય ફૂલોનો શણગાર તેમજ સમગ્ર પરિસરને રોશનીથી સજાવાયું છે.

ધરમપુરના અંતરિયાળ હનમતમાળ ગામે પોષણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

તમામ કુપોષિત બાળકોને સુપોષિત બનાવવા વનમંત્રી રમણલાલ પાટકરનો ગ્રામજનોને અનુરોધ

વલસાડ

રાજ્યના દરેક બાળકોને કુપોષિતમાંથી સુપોષિત બનાવી ભાવિ પેઢીને તંદુરસ્ત અને સ્વાસ્થ્ય બનાવવાના શુભ હેતુસર મુખ્ય મંત્રી વિજયભાઇ રૂપાણીએ આદરેલા ત્રિદિવસીય કૃપોષણ અભિયાનના બીજા દિવસે ધરમપુર તાલુકાના હનમતમાળ ગામે વન અને આદિજાતિ વિકાસ રાજયણમંત્રી રમણલાલ પાટકરે પોષણ અભિયાનને સફળ બનાવવા ગ્રામ અગ્રણીઓ, માતા-પિતા સહિત તમામ ગ્રામજનોને સાથ-સહકાર આપવા અનુરોધ કર્યો હતો.

વલસાડ જિલ્લાની આંગણવાડીના ૨૩૨૯ બાળકો કુપોષિત છે, આ તમામ બાળકો ઉપર માતા-પિતા તેમજ પાલકવાલીઓ અને આંગણવાડી વર્કર-આશાબહેનો સતત દેખરેખ રાખી સુપોષિત બનાવવા માટેના પ્રયાસો હાથ ધરવા મંત્રીશ્રીએ જણાવ્યું હતું. પોષણયુકત ખોરાક આપવો એ આપણા સૌની જવાબદારી છે, ત્યારે ગ્રામ અગ્રણીઓ આંગણવાડીની અવારનવાર મુલાકાત લઇ ત્યાં ચાલતી પ્રવૃત્તિઓની જાણકારી મેળવે તે જરૂરી છે. નાની વયે લગ્ન કરનારી યુવતી માતા બને ત્યારે તેનું બાળક કુપોષિત રહેવાની શકયતા વધુ રહેલી છે, જે બાબત દરેક માતા-પિતા ધ્યાનને રાખે તે જરૂરી છે. રાજય સરકાર સગર્ભા માતાની સંપૂર્ણ કાળજી લે છે, સમયે-સમયે આરોગ્યની ચકાસણી કરે છે અને જરૂરી રસીકરણ પણ કરે છે, ત્યારે તંદુરસ્ત બાળકને જન્મ આપી શકે તે માટે આ બહેનો પૂરતો અને પોષક આહાર લે તેવો અનુરોધ તેમણે કર્યો હતો.

રાજ્યના ખેડૂતોની ચિંતા કરી પ્રધાનમંત્રી ખેડૂત સમ્મોનિધિ હેઠળ છ હજારની સહાય ખેતીલક્ષી કામગીરી માટે આપે છે. અતિવૃષ્ટિના કારણે ડાંગરના પાકમાં થયેલા નુકશાનની ભરપાઇ કરવા માટે સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ સહાય આપી છે. રાજય સરકારે આદિજાતિ ક્ષેત્રોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેનો લાભ લઇ પોતાનો વિકાસ સાધવા અનુરોધ પણ તેમણે કર્યો હતો. જંગલની જમીન ખેડૂતોના નામે કરવા માટેના સરકારના પ્રયાસો રહયા છે, જે ટૂંક સમયમાં ખેડૂતોના નામે જમીન કરી તેઓને હુકમો આપવામાં આવશે.

પૃથ્વી ઉપર વાતાવરણની સમતુલા જળવાઇ રહે તે માટે વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમણે જણાવ્યું હતું. આદિવાસીઓને તેમનો અધિકાર મળે, તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટે આદિવાસી ક્ષેત્રોમાં અનેકવિધ વિકાસકાર્યો હાથ ધરાયા છે, ગામેગામ પાકા રસ્તા, ચેકડેમ-કોઝવે બનાવાયા છે.

ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઇ પટેલે બાળકોને તંદુરસ્ત અને સશકત બનાવવા માટેના માનવતાવાદી કાર્યમાં સહયોગી સૌને અભિનંદન પાઠવ્યા હતા.

પોષણ અભિયાનનો સંદેશો વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે હેતુસર યોજાયેલી બાળ તંદુરસ્તી હરિફાઇ, વાનગી હરિફાઇ, વક્તૃત્વ , ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધાઓના વિજેતાઓને પ્રમાણપત્ર અને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા. કિશોરીઓ અને ધાત્રીમાતાઓને અન્નપ્રાશન, માતૃશક્તિ અને ટી. એચ. આર. નું વિતરણ કરાયું હતું. મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે પાલક વાલીઓનું સન્માન કરાયું હતું.

જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ ઝીણાભાઇ પવાર પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સ્વાગત પ્રવચનમાં પ્રોગ્રામ અધિકારી જયોત્સનાબેન પટેલે સૌને આવકાર્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન પોષણ આરતી, પોષણ અદાલત તેમજ પોષણ જીવનચક્રને લગતી ફિલ્મોનું નિદર્શન કરી પોષણ અંગે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરાયો હતો. ઉપસ્થિતોએ પોતાના બાળકોને સુપોષિત બનાવાવમાં સંપૂર્ણ સહયોગ આપવાના શપથ લીધા હતા.

કાર્યક્રમ બાદ મંત્રીશ્રી અને મહાનુભાવોએ હનમતમાળ જહાંગીરપુરા આંગણવાડીની મુલાકાત લઇ પરિસ્થિતિની જાણકારી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા.

આ અવસરે સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ ઝીણાભાઇ પવાર, વન સંરક્ષક એચ. એસ. પટેલ, તાલુકા પંચાયત સભ્ય ગંગાબેન, હનમતમાળ પી. એચ. સી. ના મેડીકલ ઓફિસર, આઇ. સી. ડી. એસ. ના સ્ટાફ, અગ્રણી ગણેશ બિરારી, મહેન્દ્ર ભાઇ ચૌધરી, આંગણવાડી વર્કર, આશાવર્કર, તેડાગર બહેનો, હનમતમાળ તેમજ આજુબાજુના ગામોના સરપંચો, તેડાગરબહેનો સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહયા હતા.

ડાંગમાં કથાકાર પ્રફુલભાઈ શુકલની શિવ કથાનો આરંભ થશે

પીપી સવાણી દીપ પ્રાગટય કરી કથાનો આરંભ કરાવશે

સુરત

ડાંગ પ્રદેશ માટે આશીર્વાદરૂપ બ્લડ બેંકના લાભાર્થી કથાકાર પ્રફુલભાઈ શુક્લની માનસ મનોરથી શિવ કથાનો આરંભ તા.૨જી ફેબ્રુઆરી રવિવાર રોજથી દંડકેશ્વર મહાદેવ પરિસરમાં થઈ રહ્યો છે.કથા માં દીપ પ્રાગટય પ્રયોશા ટ્રસ્ટના પી.પી.સ્વામીના વરદ હસ્તે કરવામાં આવશે.કથા ના મુખ્ય યજમાન ચિંતનભાઈ અરવિંદ ભાઈ સુરૂ રહશે. મુખ્ય આયોજક કમલેશભાઈ પાટીલ જણાવે છે કે ડાંગના ઈતિહાસમાં સૌપ્રથમવાર બાર જ્યોર્તિલિંગ સાથે યોજાનારી પ્રફુલભાઈ શુક્લની શિવકથામાં એસટી ડેપોની પાછળ આવેલા સાઈ મંદિર થી ભવ્ય પોથીયાત્રા નીકળશે. જેમાં ૧૦૮ કળશ ધારી બહેનો સાથે શિયાજુભાઈ ધવલીદોડ અને તેમની મંડળી પરંપરાગત વાજા-વાજિંત્ર સાથે જોડાશે. કથા દરમિયાન સુપ્રિમ કોર્ટના વકીલ પ્રીતિબેન જોશી દ્વારા ઘરેલુ હિંસા ના કાયદા વિશે માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. વલસાડના ડો.સેલજાબેન મ્હસ્કર દ્વારા બેટી બચાવો અભિયાન કરવામાં આવશે. કથામાં દક્ષિણ ગુજરાતના દાનવીરો સૃષ્ટિનો ખાસ ઉપસ્થિત રહેશે. બાપુ ના ઉતારા સ્વરાજ આશ્રમમાં દરરોજ સવારે શિવજીનો રુદ્ર યજ્ઞ કરવામાં આવશે. કથાનો સમય સાંજે ૬:૦૦ થી ૯:૦૦ રાખવામાં આવ્યો છે. રોજ રાત્રે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કથામાં આયોજક ડો.એ.જી.પટેલ, ગાંડા ભાઈ પટેલ(સ્વરાજ આશ્રમ), પ્રફુલભાઈ નાયક, ડી. બી. પાટીલ, ઘનશ્યામભાઈ ભદાણે, નિવૃત્ત પીઆઈએસ ભાસ્કરરાવ પાટીલ, વનરાજભાઈ નાયક,પ્રશાંત ભાઈ બોરસે, ભારતીબેન ગાયકવાડ, બાપા સીતારામ ની બહેનો, લાલુ ભાઈ વસાવા દ્વારા કથા ને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે.આ કથામાં હોટલ એસિયોસન સાપુતારા, શ્રી સંપ્રદાય ડાંગ,ભાગવા ગ્રુપ આહવા, ઝંકાર સેવા ટ્રસ્ટઅને આદિવાસી યુવક મંડળ (આંબાપાડા),ડાંગ સ્વરાજ આશ્રમ પરિવાર સહભાગી બનશે.

સચીનના મકાનમાંથી બે મોબાઈલ ચોરાયા

સુરત

સચીન સ્લમ બોર્ડ ખાતે રહેતા એક મકાનનો દરવાજો નો નકુચો તોડી બે મોબાઈલ ફોનની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હોવાનો બનાવ સીચન પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, સીન સ્લમ બોર્ડ ખાતે શીવશંકર પોનીકર રહે છે. ગત રોજ તેમના મકાન ના દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ અંદર પ્રવેશી બે મોબાઈલ ફોન ચોરી કરી ફરાર થઈ ગયા હતા. રૂ. ૨૮ હજારની મત્તાના મો. ફોનની ચોરીની ફરિયાદ સીચન પોલીસ મથકમાં નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વેપારીનું અપહરણ કરી ઢોર માર માર્યો

સુરત

લાલગેટ વિસ્તારમાં એક વેપારીનું અપહરણ કરી ફટકા વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ત્રણ ઇસમો ફરાર થઈ ગયા હોવાનો બનાવ પોલીસ મથકમાં નોંધાયો હતો. લાલગેટ વિસ્તારમાં રહેતા એક વેપારીનું ધર્મેશભાઈ પનેરિયા તથા તેના મિત્રોએ તેમના કારખાનામાંથી અપહરણ કરી પોતાની ઓફિસમાં લઈ જઈ ફટકા વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર તઈ ગયા હતા. લાલગેટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સીનિયર સીટીઝન ક્લબ દ્વારા સાંજે કાર્યક્રમ

સુરત

સિનિયર સિટીઝન્સ ક્લબ સલાબતપુરાની સામાન્ય સભા ફક્ત સભ્યો માટે જ તા. ૨.૨.૨૦૨૦ના રોજ સાંજે ૪.૩૦ કલાકે વનિતા વિશ્રામ શિવગૌરી હોલમાં મળશે. સભ્યોએ સમયસર પધારવું . આઈકાર્ડ અથવા રસીદ સાથે લાવવી જરૂ છે. તેમ સિનિયર સિટીજન ક્લબ સલાબતપુરાના પ્રમુખ હમમુખભાઈ બોડાવાલા દ્વારા અખબારી યાદીમાં જણાવ્યું હતું.

આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે વસંત પંચમીના પાવન અવસરની શુભકાનાઓ પાઠવી

વલસાડ

વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકરે વસંત પંચમીના પાવન અવસરે વાપી તાલુકાના ડુંગરા ખાતે ભગવાન જગન્નાથ મંદિરે હવન પૂજા કાર્યક્રમમાં તેમજ ચણોદ કોલોની ખાતે માં સરસ્વતી પૂજા તથા જાગરણ કાર્યક્રમમાં હાજરી આપી આશીર્વાદ મેળવ્યા હતા. મંત્રીશ્રીએ ઉપસ્થિત શ્રદ્ધાળુઓને વસંતપંચમીની શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે એફસીઆઈના સભ્યા હિતેશ સુરતી, ભગવાન જગન્નાથ મંદિરના સંચાલકો તેમજ ડુંગરા અને ચણોદ કોલોની વિસ્તારના શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહયા હતા.

પ્રેસિડન્સી સ્કુલમાં 'સ્પોર્ટ્સ ડે'નું ઉદ્ઘાટન

સુરત

રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કુલમાં નર્સરી થી ધો. ૧૨ સુધીના બાળકોની રમત ગમતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સ્પોર્ટસ ડેના માધ્યમથી ઉજવવામાં આવ્યો હતો. જેનું ઉદ્ઘાટન સુરતના જાણીતા સોનોલોજીસ્ટ ડો. મુકુંદ કારીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડો. ડુમસવાલા, લા. મોના દેસાઈ, પ્રિ. મીચલા, પ્રિ. હસમુખભાઈ પટેલ, હિતેન્દ્ર ચુડાવાળા, પ્રા. એન.એમ. કારિયા, પ્રકાશ ગજ્જર, કુ. દીપિકા શુક્લ, નિલમ ગજ્જર, પ્રિતિ શાહ તથા વાલીઓએ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

ગોડાદરામાં ઝઘડાની અદાવત રાખી ઘરમાં ઘૂસી તોડફોડ

ઘરમાં તોફાન મચાવી ચપ્પુ મારી લૂંટફાટ મચાવી

સુરત

જૂના ઝઘડાની અદાવતમાં ઘર ઉપર હુમલો કરી તોડફોડ કરી એક વ્યક્તિને ચપ્પુ હુલાવ્યાની ઘટના લીંબાયત પોલીસ મથકે નોંધાઈ હતી.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ગોડાદરા પ્રકાશનગરમાં રહેતા બબલુ ઉલ્લાસ સાળએ આરોપી કાર્તિક સુરેશ આહિર, સૂરજ ઉર્ફે સૂર્યા શાહુ, વિક્કી ચૌહાણ, પ્રફુલ રાજપુત વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ જૂના ઝઘડાની અદાવતમાં આરોપીઓએ ફરિયાદીના ઘર પર હુમલો કરી ઈંટ પથ્થરો મારી દરવાજો તોડી નાંખી ફરિયાદી ઉપર ચપ્પુથી હુમલો કરી રોકડા રૂા.૨૫૦૦૦ની લૂંટ કરી નાસી ગયા હતા. બનાવ અંગે લીંબાયત પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

લીંબાયતમાં ચપ્પુથી ઘાયલ નાસ્તાની લારી ચલાવતા યુવકનું મોત નીપજ્યું

સુરત

લિંબાયતમાં લુખ્ખા તત્વોએ ચાઈનીઝની લારી નાસ્તો કરીને પૈસા ન આપી ઉપરથી કારીગરો માર મારી માલિકને ચપ્પુના ઘા ઝીકી તોડફોડ કરી હતી.૩૦મીએ બનેલા બનાવ બાદ લિંબાયત પોલીસે ૪ લુખ્ખા તત્વો સામે ગુનો નોંધ્યો હતો. જો કે, ઈજાગ્રસ્ત ચાઈનીઝની લારીના માલિકને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યાં બાદ તેનું મોત નીપજતાં પોલીસે હત્યાનો ગુનો ફરિયાદમાં ઉમેર્યો છે.

ગોડાદરા આસપાસ ખોડીયાર નગરમાં રહેતા અને લિંબાયત ગોડાદરા શ્રીજી આર્કેડ પાસે ચાઈનીઝની લારી ચલાવતા ભાર્ગવ યશવંત ચૌધરી પાસે ગત રવિવારે રાત્રે ચાર લુખ્ખા તત્વો ચાઈનીઝની લારી પર ખાવા માટે આવ્યા હતા. નાસ્તો કર્યો પછી કારીગરે પૈસાની માંગતા લુખ્ખા તત્વોએ તેને માર મારીને પૈસા ન આપવાની વાત કરી હતી. જેથી આ બાબતે કહેવા જતા લુખ્ખાઓએ ત્યાં મુકેલા ટેબલ-ખુરશીની તોડફોડ કરી હતી. કારીગરોને માર મારતા ભાર્ગવ વચ્ચે પડતા લુખ્ખાઓએ તેને પણ માર મારી ચપ્પુના ઘા ઝીકી દઈ સામાન ફેંકી બાઈક પર ભાગી ગયા હતા. ચારેય જણા હિંદીમાં વાત કરતા હતા. આ આખી ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે અને પોલીસે ૪ લુખ્ખા તત્વો સામે ગુનો નોંધ્યો હતો. જ્યારે ભાર્ગવ ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન શનિવારે વહેલી સવારે મોતને ભેટ્યો હતો.

ભાર્ગવ ચૌધરીના પિતાનુંએક વર્ષઅગાઉબીમારીના કારણેમોત નીપજ્યું હતું.

સુરતમાં એક યુવતી સહિત ત્રણ લોકોની આત્મહત્યા

અગમ્ય કારણોસર ત્રણેય લોકોએ આપઘાત કર્યા

સુરત

શહેરના વિવિધ વિસ્તારોમાં એક મહિલા સહિત ત્રણ યુવકોએ જુદા જુદા કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ મહિધરપુરા, પાંડેસરા તથા અમરોલી પોલીસ મથકમાં નોંધાતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નવાગામ-ડીંડોલી ગણેશનગર ખાતે રહેતા સુનીલભાઈ બ્રિજલાલ શાલીની રિક્ષા ગતરોજ સ્ટેશન રોડ અમિષા હોટલ પાસે પલ્ટી ખાઈ જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું કરૂણ મોત નીપજ્યું હતું. મહિધરપુરા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ શરૂ કરી છે.

બીજો અકસ્માત મોતનો બનાવની વિગતો એવી છે કે, લાલદરવાજા રાયલી પ્રેસ ઠાકોર ભવન પાસે રહેતા સલીમ મકસુદભાઈએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

જ્યારે ત્રીજો અકસ્માત મોતનો બનાવ પાંડેસરા ખાતે બન્યો હતો. મૂળ યુપીના વતની બિમલસિંહ રાજપૂતનો વતનમાં રહેતી છોકરી સાથે પ્રેમ સંબંધ હતો. જેની સગાઈ બીજા સાથે થતા માઠુ લાગી આવતા તેણે સુરત-પાંડેસરા ખાતે પોતાના ભાઈને ત્યાં આવી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ચોથો અકસ્માત મોતનો બનાવ ગણેશપુરા-અમરોલી ખાતે બન્યો હતો. અમરોલી-ગણેશપુરા કૃષ્ણનગર ખાતે રહેતી શ્રદ્ધાંજલી નંદા ઉ.વ.૩૦એ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

અંકલેશ્વર ખાતે બનાસકાંઠા અરવલ્લી દશાબ્દી ઉત્સવ

રક્તદાન જાગૃતિ અર્થે વિશાળ રેલી

અંકલેશ્વર

અંકલેશ્વર સાથે સ્થાયી થયેલા ઉત્તર ગુજરાતના સાબરકાંઠા અરવલ્લી વિસ્તારના વ્યવસાયીઓ દ્વારા દશાબ્દી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતમાં સમગ્ર ગુજરાત ઉપરાંત દેશના વિવિધ પ્રાંતમાંથી પણ અનેક પરીવારો સ્થાયી થયા છે. આ પરિવારો પોતાના માદરે વતનની સંસ્કૃતિ ની સુરખી અવારનવાર ફેલાવતા રહે છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા તેમજ અરવલ્લી જેવા વિસ્તારના વ્યવસાયીઓ પણ અંકલેશ્વરમાં સ્થાયી થયા છે. તેમણે પોતાની સાબરકાંઠા અરવલ્લી મિત્ર મંડળ નામે સંસ્થા પણ સ્થાપી છે. આ સંસ્થાના નેજા હેઠળ અવારનવાર સમાજ સેવા તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવે છે. જે સંદર્ભે દશાબ્દી મહોત્સવનું પણ આયોજન કરાયું છે.

દશાબ્દી મહોત્સવની ઉજવણીના કાર્યક્રમો અંતર્ગત શનિવારે રક્તદાન જાગૃતિ અંગે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ઉત્તર ગુજરાતના યુવાનો જોડાયા હતા. આ રેલી અંકલેશ્વર ઔદ્યોગિક વસાહતના વિવિધ વિસ્તારોમાં બપોરે સાડા ત્રણ વાગ્યાથી યોજાઈ હતી અને પ્લે કાર્ડ દ્વારા રક્તદાન જાગૃતિ અંગે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા.

દશાબ્દી મહોત્સવ અંતર્ગત રવિવારે અંકલેશ્વર જીઆઈડીસીની લાયન્સ સ્કૂલ પાસે આવેલ સ્વામિનારાયણ મંદિરે સારસાપુરીના સત્ કેવલ આઈ હોસ્પિટલ દ્વારા પ્રેરિત રક્તદાન શિબિર તેમજ નેત્ર રોગ નિદાનના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯:૩૦ કલાકથી બપોરે ૧ કલાક દરમિયાન યોજાનાર કેમ્પમાં નિષ્ણાંત તબીબો દ્વારા મોતીયાનું નિદાન તેમજ ઓપરેશન વિનામૂલ્યે કરીને નેત્રમણી પણ બેસાડી આપવામાં આવશે. સાથે જ રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

દશાબ્દી મહોત્સવની ઉજવણી અંતર્ગત સાબરકાંઠા અરવલ્લી મિત્ર મંડળ દ્વારા અંકલેશ્વર ઉદ્યોગ મંડળના હોલ ખાતે રવિવારે રાત્રે ૯:૦૦ કલાકે કોમેડી નાટક "પપ્પા તો બેન્ડ બજાવે"નો પણ શો યોજાનાર છે.

ડાંગ જિલ્લામાં પોષણ અભિયાનને જનઆંદોલન બનાવવાનો પ્રારંભ

આહવા

ગુજરાત પોષણ અભિયાન અંતર્ગત તા.૩૦મી જાન્યુઆરીથી તા.૧ ફેબ્રુઆરી દરમિયાન સમગ્ર રાજ્યભરમાં ઝૂંબેશના ભાગરૂપે ખાસ પોષણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે ત્યારે ડાંગ જિલ્લામાં આજરોજ ડાંગ દરબાર હોલ,આહવા ખાતે માન. ડાંગ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાનેથી ડાંગ જિલ્લાના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા પ્રારંભ કરાયો હતો.

માન.ડાંગ કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી પોષણ અભિયાન તરીકેની ઉજવણી કરવામાં આવશે. રાજ્યમાં એકપણ બાળક કુપોષિત ન રહે તેવી પ્રતિબધ્ધતા સાથે પોષણ અભિયાનને જનઆંદોલન બનાવવાનું આહવાન રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે.અલ્પપોષિત બાળકોના સુપોષણની સ્વૈચ્છિક જવાબદારી સમાજના વર્ગો પાલક વાલી ?એક પાલક એક બાળક' બનીને ઉપાડશે તો આ જનઆંદોલન થકી અભિયાનને વેગ મળશે. સમાજસેવા માટે પાલક વાલી બની સમાજનું ઋણ અદા કરવાનો આ ઉત્તમ અવસર છે. રાજ્ય સરકારના બધાજ વિભાગો શાળા પ્રવેશોત્સવ,કન્યા કેળવણી અભિયાનની જેમ જ પોષણ અભિયાનમાં પણ જોડાશે. ડાંગ જિલ્લામાં કુપોષણ બાળકોને શોધીને આંગણવાડી દ્વારા પોષણક્ષમ આહાર આપીને કુપોષણ માંથી મુક્ત કરવામાં આવશે. જેના માટે જનભાગીદારી દ્વારા અન્ય સંસ્થાઓ દ્વારા કુપોષિત બાળકોને પાલક પિતા તરીકે સ્વીકારીને સારા બાળક તરીકે કુપોષણમાં મુકત કરવાની જવાબદારી સ્વીકારશે. અને પોતાનું બાળક સમજીને બાળકનો વિકાસ સારી રીતે કરવાની જવાબદારી પાલક પિતા સંભાળ રાખશે. ડાંગ જિલ્લાની પ્રજાએ સાથ અને સહકાર આપે તો આ કાર્ય આપણા માટે ખૂબજ સારી કામગીરી ગણાશે.

ડાંગ કલેકટરશ્રી એચ.કે વઢવાણિયા દ્વારા જવાહર કોલોની ખાતે આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી હતી. જેમાં બાળકોને સારો નાસ્તો ઓછુ વજન ધરાવતા બાળકોની ચકાસણી કરવામાં આવી હતી.

ડાંગ જિલ્લા પંચાયતની ૧૮ બેઠકવાળા ૩૧૧ ગામ આવરી લઇ જિલ્લાની તમામ ૪૪૧ આંગણવાડીના અંદાજીત ૯૧૪ અતિકુપોષિત બાળકોને કુપોષણમાંથી મુક્ત કરવા માટે સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે. જેના માટે જે તે ગામ વિસ્તારના આગેવાનો,સરપંચને પાલકવાલી તરીકે અતિ કુપોષિત બાળકોની કાળજી અને દેખરેખ રાખે તે માટે પોષણ અભિયાન પ્રસંગે આંગણવાડી,નંદઘરની આંગણવાડી કાર્યકર્તા આશાવર્કર,તેડાગર બહેનોને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળાના બાળકો દ્વારા કુપોષિત બાળક અંગે નાટક રજુ કર્યુ હતુ. તેમજ વૃક્ષમાં બીજ તુ ફિલ્મનું નિદર્શન બતાવવામાં આવ્યું હતુ.તેમજ બાળ તંદુરસ્તી વાનગી હરીફાઇ સ્પર્ધાનું ઇનામ વિતરણ તેમજ પાલક વાલીઓનું પ્રમાણપત્રથી સન્માન કરવામાં આવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી બીબીબેન ચૌધરીએ જણાવ્યું હતુ કે ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી માં કુપોષિત બાળકોને નાબુદ કરવાનું કામ આ સરકારે કર્યુ છે. ડાંગ જિલ્લામાં કુપોષિત બાળકોને આંગણવાડી કાર્યકરો દ્વારા પોષણક્ષમ આહાર આપીને બાળક તંદુરસ્ત રહે તેની જવાબદારી સ્વીકારવા જણાવ્યું હતુ દરેક પાલક માતા પિતા દ્વારા બાળકને દત્તક લેવાની જવાબદારી સોપવા સુચન કર્યુ હતુ.

ખાનગી બસે બે બાઈકને અડફેટે લેતા બે યુવાનોનાં મોત, ચાર ઘાયલ



સુરત

મહુવા અનાવલ સ્ટેટ હાઈવે પર તરકાની ગામ નજીક ખાનગી બસનાં ચાલકે બે બાઈકને અડફેટે લેતા બે યુવાનોનાં મોત નીપજયાં છે. આ ઉપરાંત અન્ય ચાર જણ ઈજાગ્રસ્ત થયા છે. જેના કારણે સ્થાનિકોએ મહુવા અનાવલ સ્ટેટ હાઈવે ચક્કાજામ કર્યો છે. જે બાદ સ્થાનિક પોલીસની દરમિયાનગીરી બાદ ચક્કાજામ દૂર થયો હતો.

મહુવા અનાવલ સ્ટેટ હાઈવે પર તરકાની ગામ પાસે ખાનગી બસે બે બાઈકને અડફેટે લીધી હતી. જેમાં એક આખી બાઈક ખાનગી બસનાં પહેલા ટાયરો નીચે આવી આવી ગઈ હતી. આ અકસ્માતમાં બે લોકોનાં મોત જયારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને નવસારીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

આ ગોઝારા અકસ્માતમાં બે યુવાનોનાં મોત નીપજયાં છે. મહત્વનું છે કે, આ બંન્ને યુવાનો મહુવા તાલુકાનાં હતાં. મળતી માહિતી પ્રમાણે, મૃતક યુવાનો લાસણપોર અને તરકાનીનાં છે. બે બાઈક પર છ જણ સવાર હતા.

ઘટના સ્થળે જ આ મૃતકોનાં મોત નીપજયાં હતાં. જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ ગોઝારા અકસ્માતને કારણે સ્થાનિકોમાં ઘણો જ રોષ જોવા મળ્યો હતો. જેના કારણે મહુવા અનાવલ સ્ટેટ હાઈવે પર ચક્કાજામ કર્યો હતો. જોકે, મહુવા પોલીસની સમજાવટ બાદ ચક્કાજામ દૂર કરાયો છે. હાલ પોલીસે આ અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

વેપારી સાથે શારિરીક સંબંધ બાંધી વીડિયો ઉતારી બ્લેકમેલિંગ કરતી બે યુવતી ઝડપાઇ

સુરત

સુરતમાં એક વેપારીને શારીરિક સુખ માણવાના બહાને તેનો યુવતી સાથે કઢંગી હાલતમાં વીડિયો ઉતારીને બ્લેકમેઈલિંગ કરવાના કેસમાં બે યુવતીની ધરપકડ કરાઈ છે. યુવતીઓનો સાગરિત યુવક ફરાર થઈ ગયો છે. સુરતના સરથાણા વિસ્તારમાં રહેતાં યુવકને શારીરિક સંબંધો બાંધવા પોતાના મિત્ર પાસેથી એક યુવતીનો નંબર લીધો હતો. મિત્રે રાંદેરમાં રહેતી યુવતીનો ફોન નંબર આપ્યો હતો. યુવક ફોન કરીને યુવતીના રાંદેર વિસ્તારમાં આવેલાં યુવતીના ઘરે ગયો હતો.

ઘરમાં યુવક અને યુવતી શારીરિક સુખ માણતાં હતાં ત્યારે અચાનક દરવાજો ખોલી એક ૨૨ વર્ષીય યુવતી મોબાઈલ લઈ અંદર ઘૂસી આવી હતી. તેણે બંનેનો શારીરિક સુખ માણતાં વીડિયો ઉતારી લીધો હતો. એ પછી એક યુવક પણ આવી ગયો હતો. તેણે યુવકને મામલો પતાવવા માટે ૨૫ લાખ આપવા કહ્યું હતું. રૂપિયા ના આપે તો વીડિયોને ટીવી ચેનલમાં પ્રસારીત કરી દેવાની ધમકી આપી હતી.

ગભરાયેલાં યુવકે તેના મિત્રને ફોન કરીને ૨૫ લાખ રૂપિયાની જરૂર છે એવું કહ્યું હતું. યુવકનો મિત્ર યુવતીના ઘરે પહોંચી ગયો પછી તેણે ૧૦૦ નંબર પર ફોન કરી પોલીસને બોલાવતાં યુવતીઓ પકડાઈ ગઈ હતી જ્યારે યુવક ભાગી ગયો હતો.

રાંદેર પોલીસ બંને યુવતી અટકાયત કરી પૂછપરછ કરતાં ત્રણ લોકોની ગેંગ દ્વારા હનીટ્રેપનું આ રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું એવું બહાર આવ્યું હતું. શરીરસુખ માણવા આવેલાં યુવકોનો વીડિયો ઉતારી તેને બ્લેકમેલ કરીને પૈસા પડાવવામાં આવતા હતા. અગાઉ કેટલાં યુવકોને આ ગેંગ દ્વારા શિકાર બનાવવામાં આવ્યો છે તેની પણ તપાસ પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

તા.૨જી ફેબ્રુઆરીથી સાહિત્ય પ્રભાત-ધરમપુર દ્વારા 'ગમે એનું પુસ્તક' વ્યાખ્યાન શ્રૃખંલાનો પ્રારંભ થશે

વલસાડ

આજની યુવાપેઢી અને નાગરિકોમાં પુસ્તક વાંચન પ્રત્યે રૂચિ વધે એવા શુભાશયથી સાહિત્ય પ્રભાત અને ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા નારણદેવજી લાઈબ્રેરી દ્વારા 'ગમે એનું પુસ્તક' કાર્યક્રમનું આયોજન કર્યું છે. જેમાં દર મહિને એક પુસ્તક ઉપર જાણીતા સાહિત્યકાર, લેખક દ્વારા આ પુસ્તક વિશે વક્તવ્ય આપશે. આ કાર્યક્રમની શરૂઆત ધરમપુરના ભાગવતાચાર્ય પ.પૂ. શરદભાઈ વ્યાસના સાંનિધ્યમાં તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા નારણદેવજી લાઈબ્રેરી ધરમપુર ખાતેથી થશે.

આ કાર્યક્રમની પ્રથમ કડીમાં પુસ્તક 'બાનો ભીખુ'ના લેખક ચંદ્રકાન્ત પંડયા ઉપર વકતવ્યનું આયોજન કરાયું છે. કેમ કે આના લેખક ધરમપુરના જ નાગરિક હતા. ધરમપુરના રજવાડા સમયની આ પુસ્તક લેખકની પોતાની જિંદગી અને ધરમપુરની ઘટનાઓ વર્ણાવતું છે. જેમનો અમુક ભાગ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીમાં અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બી.એ.ના અભ્યાસક્રમમાં છે. આ પુસ્તરક લેખક સ્વ. ચંદ્રકાંત પંડયા વિશે એમના જ પુત્ર લેખક, જાણીતા એડવોકેટ સતીષ પંડયા વક્તવ્ય આપશે.

ઉલ્લેખનીય છે કે, સાહિત્ય પ્રભાત ધરમપુરની રચના ધરમપુર નગરપાલિકા સંચાલિત શ્રીમંત મહારાણા નારણદેવજી લાઈબ્રેરીના લાઈબ્રેરીયન, વાચકો તથા ધરમપુરના સાહિત્ય પ્રેમીઓ દ્વારા એક વોટસએપ ગ્રૂપ દ્વારા કરવામાં આવી હતી. સમાજમાં સાહિત્ય, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રમાં નક્કર કાર્ય થાય એ ખેવના હતી. જેથી આ ગ્રૂપમાં ધરમપુરના યુવાઓ વિદ્વાનો, પત્રકારમિત્રો જોડાયા હતા. સાહિત્ય પ્રભાત દ્વારા ધરમપુર નગરમાં છેલ્લા પાંચથી ત્રણ કવિ સંમેલનો જેમા ગુજરાતના ખ્યાતિ પ્રાપ્તમ કવિઓ, કાજલ ઓઝાનું વ્યાખ્યાન, માજી સૈનિકોનું સન્માન, વિદ્યાર્થીઓના કેરીયર ગાઈડન્સ કાર્યક્રમ, ગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણ, રક્તદાન કેમ્પન જેવા સાહિત્ય, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કાર્યક્રમો તેમજ પ્રવૃત્તિઓ કરી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં પોતાનું નામ ગુંજતું કર્યું છે.

૨૦૧૮માં ૧૪૮૪, વર્ષ ૨૦૧૯માં ૩૦૮૪ બાળકો કુપોષિત

સુરતમાં ૧૬૦૦ બાળકો અતિકુપોષિત હોવાના રિપોર્ટથી ખળભળાટ

સુરત

ગુજરાત કુપોષિત બાળકોને મામલે બેદરકાર હોવાનું એકવાર ફરી સામે આવ્યું છે. સુરતમાં કુપોષિત અને અતિકુપોષિત બાળકીઓના આંગણવાડીના આંકડા સામે આવ્યા છે જેને પગલે બાળકોની પરિસ્થિતિ સમજી શકાય છે.

બાળકોને પુરતું પોષણ આપવા માટે સરકારના મીડ ડે મીલ જેવા કાર્યક્રમ વચ્ચે સુરત શહેરમાં પાલિકા દ્વારા ચલાવાતી આંગણવાડીમાં એક જ વર્ષમાં ૧૬૦૦ અતિકૃપોષિત બાળકો વધી ગયા છે. ૧૬૦૦માંથી સૌથી વધુ અતિકૃપોષિત બાળકો લિંબાયત ઝોનમાં નોંધાયા છે. લિંબાયતમાં વર્ષ ૨૦૧૮માં ૫૫૬ સામે ૨૦૧૯માં અતિકૃપોષિત બાળકોનો આંકડો ૧૧૫૭ને પાર થઈ ગયો છે. આમ એક જ વર્ષમાં લિંબાયતમાં ૬૦૧ અતિકૃપિષોત બાળકોની સંખ્યા વધી ગઈ છે.

જ્યારે પાછલા એક વર્ષમાં અન્ય ઝોનમાં વધેલા અતિકૃપોષિત બાળકોની વાત કરીએ તો વરાછામાં ૨૨૭, અઠવામાં ૧૩૨, ઉધનામાં ૧૭૭, રાંદેરમાં ૨૦૮, કતારગામમાં ૨૫૫ બાળકોનો સમાવેશ થાય છે. સુરત મહાનગર પાલિકા કુલ ૧૦૦૨ આંગણવાડી ચાલે છે. જેમાં કુલ ૨૬૨૬૭ બાળકો અભ્યાસ કરે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તમામ બાળકો સુપોષિત બને તે માટે સરકાર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જો કે તેમ છતાં કૃપોષિત બાળકોની સંખ્યા ઘટવાને બદલે વધી રહી છે.

ઉધના હરિનગર, કતારગામમાં રામજીનગરના ફ્લેટમાંથી ચોરી

બન્ને સ્થળેથી રૂા.૮૨૫૦૦ની મતાની ચોરી થઈ

સુરત

ઉધના અને કતારગામ વિસ્તારમાં ઘરફોડ ચોરીના બનેલા બનાવમાં તસ્કરો રૂપિયા ૮૨૫૦૦ની મતા ચોરી કરી ગયા હતા.

પ્રથમ બનાવમાં ઉધના હરિનગર-૨ અમૃતનગર આશાપુરી નિવાસ ફ્લેટ નં.૧૦૧માં ત્રાટકેલા તસ્કરો મોબાઈલ ફોન, બેંકના એટીએમ કાર્ડ સહિત રૂપિયા ૧૨૫૦૦ની મતા ચોરી કરી ગયા હતા. ફ્લેટ માલિક તુષાર ચંદ્રકાંત શાહે ઉધના પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

બીજા બનાવમાં કતારગામ રામજીનગર સોસાયટી ઋષભ એપાર્ટમેન્ટના ફ્લેટ નં.૭-૮માં ત્રાટકેલા તસ્કરો રોકડા રૂપિયા ૨૦ હજાર અને સોના ચાંદીના દાગીના મળી કુલ રૂા.૭૦,૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા. ફ્લેટ માલિક અતુલ કિશનભાઈ જૈને કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

કતારગામમાં કરિયાણાના વેપારીને ચપ્પુ મારી રોકડા રૂા.૨૫૦૦ની લૂંટ

જનરલ સ્ટોર્સના દુકાનદારે લૂંટ કરનારને ઓળખી કાઢ્યો

સુરત

કતારગામ નંદુડોશીની વાડીમાં આવેલ ચામુંડા જનરલ સ્ટોરવાળાને ચાકુ મારી રોકડા રૂપિયા ૨૫૦૦ની લૂંટ કરનાર વિરૂદ્ધ કતારગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

કતારગામ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ કતારગામ નંદુડોશીની વાડીમાં ચામુંડા જનરલ સ્ટોર ધરાવનાર આંબારામ ભીમરાવ વસાવાએ આરોપી મેહુલ ઉર્ફે છોલે સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપી મેહુલ ઉર્ફે છોલે ફરિયાદી આંબારામની દુકાને આવી રૂપિયા ૨૦૦૦ના છૂટા માંગી ફરિયાદીને ચપ્પુથી હુમલો કરી ઈજા પહોંચાડી દુકાનના ગલ્લામાંથી રોકડા રૂપિયા ૨૫૦૦ની લૂંટ કરી નાસી ગયો હતો. બનાવ અંગે કતારગામ પોલીસે લૂંટનો ગુનો દાખલ કરી આરોપી મેહુલ ઉર્ફે છોલેની શોધખોળ હાથ ધરી છે.

ફાંસીની સજા પામેલા અનિલે સુપ્રીમ કોર્ટમાં જવા અરજી કરી

સુરત

ડીંડોલી વિસ્તારમાં રહેતી એખ માસુમ બાળકી સાથે બળાત્કાર ગુજારી ઘાતકી હત્યા કરનારા એક બિહારના આરોપીને ફાંસીનો હુકમ કરાયા બાદ તેણે આજે સવારે જેલ અધિક્ષક મનોજ નિનામાને સુપ્રીમ કોર્ટમાં જવા માટે એક અરજી આપી હતી. આગામી દિવસોમાં આરોપીની અરજી સુપ્રીમ કોર્ટમાં મોકલશે. આરોપી અનિલ યાદવે આ અરજી એવી માંગણી કરી છે કે, મારી ભૂલ થઈ છે. મને માફ કરો અને ફાંસીની સજામાં ઘટાડો થવો જોઈએ. આ કેસની વિગતો એવી છે કે, ડીંડોલી વિસ્તારમાં શ્રમજીવી પરિવાર રહે છે. આ શ્રમજીવી પરિવારની એક માસુમ બાળકીનું અપહરણ કરી બળાત્કાર ગુજારી ઘાતકી હત્યા કરી આરોપી ફરાર થઈ ગયો હતો. ડીસીબીના પૂર્વ પોલીસ કર્મચારી મનોજ પાટીલે ખૂબ મહેનત કરી બિહારથી આરોપી અનિલ યાદવની ધરપકડ કરી હતી. આ ગુનામાં સુરત કોર્ટે સ્પેશિયલ પ્રોસીક્યુટર નયન સુખડવાળાની દલીલોને ગ્રાહ્ય રાખી આરોપી ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. આ હુકમને હાઈકોર્ટે યથાવત રાખતા આરોપી સામે ડેથ વોરંટ પણ કાઢવામાં આવ્યું હતું. કાયદાના સિદ્ધાંત પ્રમાણે આરોપી અનિલ યાદવે આજે સવારે સુપ્રીમ કોર્ટમાં હાઈકોર્ટના હુકમને પડકારવા માટે એક અરજી કરી લાજપોર જેલના એસપી મનોજ નિનામાને સુપરત કરી હતી. આ અરજીમાં તેણે ફાંસીની સજા ઘટાડવાની માંગણી કરી છે. આ અરજી આગામી દિવસો સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટમાં મોકલવામાં આવશે.

સુરતમાં દીક્ષા સમારંભ : ૧૦૧ મુમુક્ષુઓનું સંયમના પંથે પ્રયાણ



વેસુ અને પાલમાં હજારો લોકોની હાજરીમાં ભવ્યાતિભવ્ય દીક્ષા મહોત્સવ યોજાયો

સુરત

શહેરમાં ઐતિહાસિક દિવસ હતો. સુરતમાં ત્રણ સ્થળે યોજાયેલા દિક્ષા સમારોહમાં ૧૦૧ મુમુક્ષુઓએ દિક્ષા અંગીકાર કર્યો હતો. ભવ્યાતિભવ્ય યોજાયેલા આ દિક્ષા સમારોહમાં સમગ્ર જૈન સમાજ ઉમટી પડ્યો હતો. પાલ ખાતે ઓમકાર નગરીમાં ભક્તિ યોગાચાર્ય યશોવિજયસૂરીની નિશ્રામાં ૧૯ મુમુક્ષો, ગચ્છાધિપતિ, અભયદેવસૂરીની નિશ્રામાં પ.મુમુક્ષુ વેસુ ખાતે ૭૭ મુમુક્ષોએ દિક્ષા અંગીકાર કર્યો હતો. સંયમના માર્ગે પ્રયાણ કરનાર તમામ મુમુક્ષોઓનો ભવ્યાતિભવ્ય નગરવિહાર પણ થયો હતો.

શક્રસ્તવ મહાઅભિષેકનો સંગીતમય કાર્યક્રમ પણ યોજાયો હતો. સવારે ૫.૩૦ કલાકે ત્રણેય સ્થળોએ મુમુક્ષુઓનો દીક્ષા ગ્રહણના કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. સમસ્ત શ્વેતામ્બર મૂર્તિ પૂજક જૈન સંઘના માર્ગદર્શન હેઠળ સદ્ગુરૂકૃપા દિક્ષા સમિતિ દ્વારા આયોજિત આ દિક્ષા સમારોહમાં મોટી સંખ્યામાં શ્રાવકો ઉમટી પડ્યા હતા.

આજે યોજાયેલા દિક્ષા સમારોહ માટે એક લાખ ફૂટના રત્નત્રય સમર્પણ મંડપ તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં વિશાળકાય જિનાલયને લાકડામાંથી ઊભુ કરવામાં આવ્યું હતું. જૈન શાસનના યશોગાથાના નાટ્યનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

પ્રેમિકાની સગાઈ થઈ જતા પાંડેસરામાં યુવકનો આપઘાત

યુપીથી સુરત આવી યુવકે ફાંસો ખાધો

સુરત

પાંડેસરામાં ૨૪ વર્ષિય યુવકે પ્રેમિકાની સગાઈ થઈ જતાં આપઘાત કરી લીધો હતો. વતન યુપીમાં દોઢ વર્ષથી પ્રેમ સંબંધમાં રહ્યા બાદ પ્રેમિકાની સગાઈ અન્ય જગ્યાએ કરી દેવામાં આવી હતી. જેથી યુવક યુપીથી સુરતમાં રહેતા ભાઈ પાસે આવી ગયો હતો અને પ્રેમિકાની સગાઈના ૬૧ કલાક બાદ ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

પાંડેસરામાં યુપીવાસીએ પ્રેમિકાની સગાઈના ૬૧માં કલાકે સુરત આવી મોતને વ્હાલું કર્યું હતું.બિમલ સિંગ ઈન્દ્રજીતસિંગ રાજપૂત (ઉ.વ.આ. ૨૪)મૂળ રહે. યુપી બાધા કમાલસીલ અમેથી ગામને પરિવારમાં ૬ ભાઈ અને એક બહેનમાંથી બિમલ સૌથી નાનો હતો.બિમલસિંગ ૩૦ મીએ સાંજે સુરત આવ્યો હતો.૩૧મી એ સાંજે ૫:૩૦ વાગે વતન પ્રેમિકા સાથે મોબાઈલ પર વાત કરતો હતો.બિમલસિંગને વાત કરતા જોનાર મિત્ર કામે ચાલી ગયાના દોઢ કલાકમાં જ એટલે કે ૩૧ મીએ સાંજે ૭ વાગે બીમલસિંગ ફાંસો ખાધેલી હાલતમાં રૂમ માંથી મળી આવ્યો હતો.

મૃતકના ભાઈ અભિમન્યુએ જણાવ્યું હતું કે, પ્રેમિકા વતનમાં ઘર પાસે જ રહેતી હતી.દોઢ વર્ષથી બન્ને એકબીજાને પ્રેમ કરતાં હતાં.એક જ સમાજના હતાં.પણ પ્રેમ લગ્ન કોઈ પણ દીકરીના પરિવાર સ્વીકારતા ન હોવાથી ભાઈની પ્રેમિકાની ૨૮મીએ બીજે સગાઈ કરી દેવાઈ હતી.જેને લઈ માઠું લાગી આવતા ભાઈ સુરત આવી ગયો હતો.બીમલસિંગ અને યુવતીના પ્રેમ પ્રકરણની જાણ યુવતીના કાકાને પણ હતી એમણે બન્નેના લગ્ન થાય એવી આશા પણ વ્યક્ત કરી હતી. જોકે યુવતીના માતા પિતા એ સમાજમાં બદનામી ના ડરથી દીકરીની સગાઈ કરી નાખી હતી.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્સિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

સ્ટેચ્યુ ઓફ યુનિટીઃ દબાણ તોડવાની કામગીરી સામે ભારે રોષઃસરકારી બાંધકામ પણ તોડવા માંગ

ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરી હતી કે હજુ તો હાઈકોર્ટ ની કોપી નથી મળી તે પહેલાં જ કેટલાક મકાનો અને બાંધકામ તોડવામાં આવ્યા છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા





ગુજરાત હાઈકોર્ટેના ચુકાદા બાદ સ્ટેચ્યુ ઓફ યુનિટીથી કેવડિયા શ્રેષ્ઠ ભારત ભવન સુધીના જુલાઈ ૨૦૧૯ પછીના દબાણો તોડવા પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળ પર પહોંચી હોય આમ તંત્ર ઉતાવળું થતા સ્થાનિકો લોકો રોષે ભરાયા હતા.

કેવડિયા ૬ ગામ મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ચૂકાદો આપ્યો હતો જેમાં ૧૦ દિવસમાં કમિટી બનાવી સરકારને ગ્રામજનો કોર્ટ સમક્ષ સમાધાનની ફોર્મ્યુલા મૂકે સાથે નવા બાંધકામો પર જુલાઈ ૨૦૧૯ થી સ્ટે હતો ત્યારે જુલાઈ ૨૦૧૯ પછીના બાંધકામો તોડી પાડવા હાઈકોર્ટે જણાવતા ગઈકાલ સાંજથી દબાણો તોડવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.તેથી ગ્રામજનોએ ઉગ્ર રજૂઆત કરી હતી કે હજુ તો હાઈકોર્ટની કોપી નથી મળી તે પહેલાં જ કેટલાક મકાનો અને બાંધકામ તોડવામાં આવ્યા છે.એમાં ઘણા જુલાઈ ૨૦૧૯ પહેલાના છે એ પણ તોડવાનો પ્રયાસ કરાયો છે એમ જણાવી રોષ વ્યક્ત કર્યો અને આક્ષેપ કર્યો હતો કે જૂલાઈ ૨૦૧૯ પછીના જે પાકા ઘણા સરકારી બાંધકામ છે તેને પણ તોડવામાં આવે. ઉલ્લેખનીય છે કોર્ટે જ્યારે સુખદ સમાધાન માટે ચૂકાદો આપ્યો છે ત્યારે ગ્રામજનોને એક સમય મર્યાદા પણ આપવામાં આવે એ જરૂરી છે.ખાસ વાત એ છે કે કોર્ટના ચુકાદા બાદ તાત્કાલિક અસરથી બાંધકામ તોડવા માટે પોલીસ કાફલા સાથે જ્યારે ટીમ દોડી જાય છે ત્યારે ગ્રામજનોમાં એક જાતનો ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.કોર્ટે જ્યારે સુખદ સમાધાનની પ્રક્રિયા હાથ ધરવાની વાત કરી હોય ત્યારે ગ્રામજનો સાથે સરકારી તંત્ર સુમેળ ભર્યા વાતાવરણમાં જે છે તે હટાવે એ જરૂરી છે.કારણ કે જો પોલીસ દ્વારા બળ વાપરી દબાણ દૂર કરવાની કોશિશ કરવામાં આવે તો ઘર્ષણની શક્યતા પણ થઈ શકે છે.આ બાબતે સરકારી તંત્ર અને ગ્રામજનો સાથે બેઠક કરી અને દબાણો દૂર કરવાની કાર્યવાહી કરે એ જરૂરી છે.જેનાથી વાતાવરણ ડહોળાઈ નહિ અને ગ્રામજનોનો પણ વિરોધ ન થાય.

સ્ટેચ્યુ ઓફ યુનિટી : સફારી પાર્કના કર્મીઓએ પગાર મુદ્દે આંદોલન છેડયું : અધિકારીઓ પર લગાવ્યા આક્ષેપ



એનિમલ કીપર, ડ્રાયવર, કેન્ટીનમાં રસોઈયા, માળી કામ-બાગ કામ, સફાઈ કામદાર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન સહિતના ૧૩૦ જેટલા આઉટ સોંર્સ કર્મીઓને ૨ મહિનાથી પગાર નહીં મળતા આંદોલનનો માર્ગ અપનાવ્યો

ભરત શાહ દ્વારા
રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડીયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ બાદ ત્યાં સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્કનું નિર્માણ કાર્ય હાથ ધરાયુ છે ટૂંક જ સમયમાં એનું લોકાર્પણ પણ થવાનું છે.ત્યારે એમાં કામ કરતા એનિમલ કીપર, ડ્રાયવર, કેન્ટીનમાં રસોઈયા,માળી કામ-બાગ કામ,સફાઈ કામદાર, પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન સહિતના ૧૩૦ જેટલા આઉટ સોંર્સ કર્મીઓએ છેલ્લા ૨ મહિનાથી પગાર નહીં મળતા તેઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે.નર્મદા કલેકટરને રજુઆત કરી વન વિભાગના અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કર્યા છે.

સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્કના ૧૩૦ જેટલા કર્મચારીઓ નાંદોદ ધારાસભ્ય પી.ડી.વસાવા સાથે કલેકટર કચેરીએ પહોંચ્યા હતા.અને રજુઆત કરી હતી કે નર્મદા ડેમ અસરગ્રસ્ત પરિવારના આદિવાસી યુવાનો છે.જ્યારે અમે નોકરી પર લાગ્યા ત્યારે અમને એમ કહેવામાં આવ્યું હતું કે તમને PF કપાતા ૧૨,૦૦૦ રૂપિયા પગાર મળશે.પણ અમને ૭૫૦૦ રૂપિયા પગાર અપાયો હતો, એ બાદ અમને ખાનગી એજન્સી હેઠળ મુકાયા અને ૧૦,૪૦૦ પગાર અપાયો છે.અધિકારીઓ હવે અમને એમ કહે છે કે તમારે UDS એજન્સીમાં કામ કરવા દબાણ કરે છે, એ એજન્સી ૮,૨૦૦ રૂપિયા પગાર આપવા કહે છે, ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનાનો અમારો પગાર હજુ સુધી નથી અપાયો.અમે જ્યારે પગાર માંગવા જઈએ છે તો અધિકારીઓ અમને એવી ધમકી આપે છે કે તમેં ઇજી એજન્સીમાં જોડશો તો જ તમને પગાર મળશે બાકી નહી મળે.અમે પગાર માંગવા ગયા તો અમને એમ કહેવામાં આવ્યું કે તમારે જેને બોલાવવો હોય એને બોલાવી લો, જેવી રીતે લડવું હોય એ રીતે લડો અમે તૈયાર છે તમે ગેટની બહાર નીકળી જાવ.

UDS કંપની પાસેથી અધિકારીઓ અમારા પગાર માંથી કમિશન મેળવવા આવુ ષડ્યંત્ર રચે છે.સરકારે અમારી જમીન કાયમ માટે લઈ લીધી છે, અમારી એક માંગ એવી પણ છે કે અમને સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્કમાં કાયમી નોકરી મળે અને જો એમ ન કરવું હોય તો સરકાર અમને અમારી જમીન પાછી આપી દે.અત્યાર સુધીના દરેક 'ઝૂ' માં એનિમલ કીપરોને સોસાયટી માંથી પગાર ચૂકવવામાં આવે છે એમ અમને પણ સોસાયટીમાં સમાવેશ કરી આપવામાં આવે.PF કપાતા અમને ૧૦,૫૦૦ પગાર મળવો જોઈએ તથા નિયમ મુજબ વાર્ષિક પગાર વધારો થવો જોઈએ.અમારી આ માંગણી પુરી નહી થાય તો અમે સરદાર પટેલ ઝુઓલોજીકલ પાર્કનું ઉદ્ઘાટન થયા બાદ અમારી સિવાય બીજા કોઈ પણ કર્મચારીને ત્યાં કામ કરવા નહિ દઈએ.

રાજપીપળા સ્ટેશન રોડ પર ધોળા દિવસે ટેમ્પામાંથી ગઠિયો ૭૭ હજાર ભરેલું પાકીટ તફડાવી રફુચક્કર

રાજપીપળાની સ્નેહ એજન્સી ના કર્મીઓ દુકાનમાં માલ આપવા જતા કોઈ અજાણ્યો ગઠિયો ડ્રાઇવર કેબિનમાં મૂકેલું પર્સ સેરવી ફરાર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



રાજપીપળા માં સ્નેહ એજન્સી નામની એજન્સી ચલાવતા તુષાર પટેલ પારલે,હિન્દુસ્તાન લીવર જેવી કંપનીની એજન્સી ધરાવે છે તેઓ દુકાનદારો ના ઓર્ડર પ્રમાણે પોતાના ટેમ્પામાં માલ ભરી વેપારીઓની દુકાને માલની આપતા હતા ત્યારે ગત રોજ સફેદ ટાવર થી માલ આપતા સ્ટેશન રોડ પર થી આગળ જઈ રહ્યા હતા. ત્યારે સફેદ ટાવર પાસે ટેમ્પો ઉભો રાખી ડિલિવરી બોય કમ ડ્રાઇવર રાકેશ વસાવા તથા તેનો સાથી કર્મી માલ આપવા સ્ટેશન રોડની દુકાને ગયા ત્યારે રોડ પાસે ટેમ્પો ઉભો રાખ્યો હોય ડ્રાઇવર સીટની પાછળ રૂપિયા ભરેલી બેગ સંતાડીને મૂકી હતી. ત્યારે કોઈ ગઠિયો આ બેગ લઈને ફરાર થઈ ગયો અને જયારે આ ડિલિવરી બોય એ આવીને જોયું તો ૭૭ હજાર રૂપિયા ભરેલું પાકીટ ટેમ્પાની આગળ કેબિનમાંથી ગાયબ જણાતા તેણે શોધખોળ કરવા છતાં પર્સ ના મળતા તેના શેઠ તુષાર પટેલને વાત કરી જેથી તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા અને રાજપીપળા પોલીસને જાણ કરી પોલીસે આજુબાજુમાં સીસીટી કેમેરામાં ગઠિયો કેદ થયો છે કે કેમ એની તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજપીપળામાં તસ્કરી ગેંગ સક્રિય બની છે. આ ટેમ્પો આવે છે અને ડિલિવરી બોય આવી રીતે માલ આપવા જાય છે જે બાબતની સમગ્ર માહિતી આ ગઠિયો જાણતો હશે અથવા તેણે વોચ ગોઠવી હશે. કેમકે હંમેશની જેમ સીટ પાછળ સંતાડી મુકેલી બેગ લઈને આ ગઠીયો ભાગી ગયો હોય પોલીસે ગઠિયાને ઝડપવા વોચ ગોઠવી છે.



ભરૂચ ની શંભુ ડેરી નજીક ભરૂચ નગરપાલિકાના વાહનની ટક્કરથી સાયકલ સવાર વિદ્યાર્થી બાળક જયરાજ ચૌહાણનું મોત થયુ હતું બીજાને ઈજા થતા તાત્કાલિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો.

ભરૂચઃ ન.પા.ના ટેન્કરની ટક્કરે સાયકલ સવાર બે બાળકોમાંથી ૧નું મોત

ભરૂચ

ભરૂચના લિંકરોડ પર નગરપાલિકાના ટેકર ચાલકે સાયકલ પર જઈ રહેલા ૨ બાળકોને ટક્કર મારતા અકસ્માત થયો છે. જેમાં અકસ્માતમાં એક બાળકનું મોત નિપજયુ છે. જ્યારે એક બાળક ઈજાગ્રસ્ત થયો છે.

એક બાળકના મોતના પગલે સિવિલ હોસ્પિટલ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતાં. આ ઉપરાંત નગર પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર પણ દોડી આવ્યા હતા. અકસ્માતમાં જયરાજ ચૌહાણનું મોત થયુ છે. અને જિયાન જાદવ ઈજાગ્રસ્ત થયો છે જેને સારવાર માટે હોસ્પિટલમા ખસેડવામાં આવ્યો છે.

કોરોના વાઇરસઃ રાજ્યમાં ૬૪ લોકો અંડર ઓબ્ઝર્વેશન હેઠળ

ગાંધીનગર

કોરોના વાયરસ ગુજરાતમાં ના ફેલાય તે માટે ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ દ્વારા ભારતમાં પગલાં લેવામાં આવ્યા છે રાજ્યના તમામ એરપોર્ટ ઉપર ખાસ સ્કેનિંગ મશીન પણ મૂકવામાં આવ્યું છે. ત્યારે આરોગ્ય સચિવ જયંતિ રવિ આજે પત્રકાર પરિષદ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં કુલ ૬૪ લોકો શંકાસ્પદ છે કે જેમને તેમના જ ઘરમાં ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યા છે. જ્યારે ગુજરાતમાં પણ ત્રણ શંકાસ્પદ કેસ હતા જેમાં જામનગર હિંમતનગર અને મહેસાણાના દર્દીનો સમાવેશ થાય છે. તેઓને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા પરંતુ હવે તેઓ સાજા થઈ ગયા છે. આરોગ્ય સચિવ જયંતિ રવિએ કોર્ટના વિશે જણાવ્યું હતું કે, જે વ્યક્તિની ઉંમર ૬૦થી વધુ હોય અને તેઓ કોઈ બીમારીથી પીડાતા હોય તો તેવા લોકોને આ ચેપ લાગવાની શક્યતા વધી જાય છે. જ્યારે ગુજરાતમાં ૬૪ લોકો શંકાસ્પદ છે કે, જેમને તેમના જ ઘરમાં રાખવામાં આવ્યા છે. આ સાથે જ આજે ૬૪ લોકો શંકાસ્પદ છે તેમને હેલ્થ વિભાગની ટીમ દરરોજ તપાસ પણ કરે છે આ સાથે જ વુહાનથી જે લોકો આવ્યા છે. તેમને ચેકઅપ કરવાની સૂચના પણ આપવામાં આવી છે આ સાથે જ ગઈકાલે કુલ ૩૧ લોકો ચાઈનાથી ગુજરાતમાં આવ્યા છે.



નર્મદા જયંતિ નિમિતે નર્મદા નદીનો પ્રાગટ્ય દિવસ નર્મદાના સ્થાનિક લોકોએ વહેલી સવારેના નમામિ દેવી નર્મદે સર્વદે! ની પૂજા અર્ચના કરી સહુનું કલ્યાણ કરનારી પવિત્ર નદીને સ્વચ્છ નિર્મળ રાખવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

ભરૂચ એલસીબીએ ગુનેગાર રાહુલ કાયસ્થને પકડી કાયદેસરની કાર્યવાહીમાં ઢોરમાર માર્યો?

- **વારંવાર સ્ટેટ વિજીલન્સની જિલ્લામાં થતી રેડોથી રઘવાયી બનેલ ભરૂચ જિલ્લા એલસીબીએ નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુંબેશ ઉપાડી છે**
- **ગત રોજ ભરૂચ અને નબીપુરના કથિત પ્રોહીબિશનના ગુનામાં વોન્ટેડ રાહુલ કાયસ્થને તેના ઘરેથી પકડી લીધો જે કામગીરી ગણાય**

"આતંકવાદી કસાબ"ને ન માર્યો હોય તેટલો માર મારી કયા ગુન્હા કબુલાવ્યા તે વિષય ભરૂચમાં ચર્ચાની એરણે ચડ્યો છે બિનસત્તાવાર સૂત્રો પાસેથી મળતી વિગતો અને ફોટા જોતા સદર ધરપકડમાં જે માર મરાયો છે તે ફોટા વાયરલ થતા આવનાર દિવસમાં કેટલાક અધિકારીઓ પર જ્યુડીશિયલ ઈન્કવારી થાયતો નવાઈ નહી કેમકે લોકચર્ચા મુજબ મારમારવાનું કારણ કૈક બીજું હોય તો નવાઈ નહી.આ બાબતે બાહોશ જિલ્લા પોલીસ અધિક્ષક અંગત રસ લઈ કોને અને કેમ આટલો માર મારી ક્યાં ગુન્હા ઉકેલ્યા તેની તપાસ કરે તો જ સત્ય બહાર આવે અન્યથા કુલડીમાં ગોળ ભંગાય તો નવાઈ નહિ.

નર્મદા જિલ્લાના આરોગ્ય ટીમનું આકસ્મિક ચેકીંગ : ૫ મેડિકલ ઓફિસરો સહિતના અન્યોને નોટીસથી ફફડાટ

ઉપરી અધિકારીના ઓર્ડરને ઘોળીને પી જઈ ગુલ્લા મારતા આરોગ્ય વિભાગના કેટલાક ગુટલેબાજો સામે આમ આકસ્મિક ચેકીંગ જરૂરી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજ્યમાં સૌથી વધુ માતા અને બાળકોનું મરણ થઈ રહ્યું છે,જેના તારણમાં મેડિકલ ઓફિસરો અને કર્મચારીઓ નિયમિત આરોગ્ય કેન્દ્ર પર હાજર ન રહી સેવા નિયમિત નહિ બજાવવાતા હોવાનું નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ કાઢ્યું હતું.નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારીએ તમામ આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રો પર લેખિત હુકમ કરી ૨૬ જાન્યુઆરી પછી તમામ કર્મચારી ઓ અને તબીબી અધિકારીઓને આરોગ્ય કેન્દ્ર પર રહેવાનો હુકમ કર્યો હતો.છતાં કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ ઉચ્ચ અધિકારીના ઓર્ડરને ઘોળીને પી ગયા હતા.જેથી નર્મદા જિલ્લા



વિકાસ અધિકારીની સૂચનાથી નર્મદા જિલ્લાની આરોગ્ય ટીમોએ વિવિધ સ્થળો પર આકસ્મિક ચેકીંગ હાથ ધર્યું હતું.એ ટીમે મુલાકાત લેતા ૫ જેટલા મેડિકલ ઓફિસર અને ૧૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓ પોતાના ફરજ સ્થળ પર હાજર મળ્યા ન હતા.એ તમામને નોટિસ ફટકારી ૪ દિવસમાં ખુલાસો પૂછ્યો છે.

કોને કોને અપાઈ નોટિસ.. : નર્મદા જિલ્લાના બોરીયા,બૂંજેઠા,જેસલપોર,નવા વાઘપરા અને ગંગાપુર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર, સ્ટાફ નર્સ,લેબ ટેક્નિશિયન,મેલ સુપરવાઈઝર,ફિમેલ સુપરવાઈઝર, મેલવર્કર, ફિમેલવર્કર અને ફાર્માશિષ્ટને તથા ગોરા(બોરીયા)ના સીએચઓ અને મેલવર્કરને નોટિસ અપાઈ છે.